बालः देवो भव

PSTE CMDE IFIC

DIET JUNAGADH

ET WE P&M DRU

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

# સંશોધન સારાંશ

## વર્ષ ૨૦૨૨-૨૦૨૩

માર્ગદર્શક

કે. એન. ભૂત

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

જૂનાગઢ


સંકલન

ડૉ. ગીતા કે. સેંજલીયા

લેકચરર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

જૂનાગઢ

વર્ષ 2022-23 માં થયેલ સંશોધન અને ક્રિયાત્મક સંશોધનના સંશોધનના સારાંશ તૈયાર કરવા સંશોધન સારાંશ વર્કશોપ યોજવામાં આવેલ. જેમાં સારાંશ તૈયાર કરવા માટે યોગદાન આપનાર ટીમની યાદી આ મુજબ છે.

| ક્રમ | તજજ્ઞ શિક્ષકનું નામ | સંસ્થા | તાલુકો |
|---|---|---|---|
| 1 | દર્શનાબેન સી. બોસમીયા | નોબલ યુનિ.-જૂનાગઢ | જૂનાગઢ ગ્રામ્ય |
| 2 | ડૉ. એસ. આર.ગજેરા | નોબલ યુનિ.-જૂનાગઢ | જૂનાગઢ ગ્રામ્ય |
| 3 | વિવેકભાઈ સાપરિયા | જીનપ્લોટ | ભેસાણ |
| 4 | કરણસિંહ ગોહિલ | સી આર સી બગડુ કુમાર | જૂનાગઢ ગ્રામ્ય |
| 5 | અમીબેન સવાણી | પ્રજ્ઞા | જૂનાગઢ સીટી |
| 6 | પ્રતાપસિંહ જેઠવા | મહોબતપુર | વંથલી |
| 7 | આનંદ દઢાણીયા | માળિયા | માળિયા |
| 6 | પરેશ વ્યાસ | વાંદરવડ પ્રા.શાળા | માળિયા |
| 7 | હેતલબેન હીરપરા | બિલખા | જૂનાગઢ ગ્રામ્ય |

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | સંશોધકનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| 1 | ધોરણ દસના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ **SST-1008** ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા | કે.એન.ભૂત | **05** |
| 2 | જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં **NEP** જાગૃતતાનો અભ્યાસ | કે.એન.ભૂત | **09** |
| 3 | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના અભ્યાસ | કે.એન.ભૂત | **15** |
| 4 | ધોરણ દસના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ **SST-1011**ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા | એ.ડી.રાજ્યગુરુ | **21** |
| 5 | જૂનાગઢ ગ્રામ્ય અને માંગરોળ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં **NEP** જાગૃતતાનો અભ્યાસ | એ.ડી.રાજ્યગુરુ | **25** |
| 6 | ધોરણ ૨ વાંચન સુધારણા કાર્યક્રમની અસરકારકતા | એ.ડી.રાજ્યગુરુ | **31** |
| 7 | જૂનાગઢ જિલ્લાના ધોરણ ૩ થી **8** ના અક્ષરવાચક વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ | એ.ડી.રાજ્યગુરુ | **35** |
| 8 | ધોરણ પાંચના ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ **M-512**ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા | એ.સી.વ્યાસ | **39** |
| 9 | **ICT** તાલીમ-૨ ની અસરકારકતાનો અભ્યાસ | એ.સી.વ્યાસ | **43** |
| 10 | જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં **NEP** જાગૃતતાનો અભ્યાસ | એ.સી.વ્યાસ | **47** |
| 11 | જૂનાગઢ જિલ્લાના **GAS-4(GUJARAT ACHIVEMENT SURVEY-4)** માં ધોરણ ચાર, છ અને સાતના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું સર્વેક્ષણ | એ.સી.વ્યાસ | **53** |

| | | | |
|---|---|---|---|
| 12 | ધોરણ દસના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST-1005 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા | એચ.સી.ઉપાધ્યાય | 57 |
| 13 | વંથલી તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ | એચ.સી.ઉપાધ્યાય | 60 |
| 14 | જૂનાગઢ જિલ્લાના સરકારી અને ગ્રાન્ટેડ મા.શાળા ના શિક્ષકોનો તારુણ્ય સબંધી સમજ અંગેના અભિપ્રાયોનો અભ્યાસ | એચ.સી.ઉપાધ્યાય | 66 |
| 15 | ધોરણ પાંચના ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ M-513ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા | કે.પી.ચિત્રોડા | 71 |
| 16 | માણાવદર તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ | કે.પી.ચિત્રોડા | 75 |
| 17 | ગીરસોમનાથ જિલ્લાના ડી.એલ.એડ તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધી સમજ અંગેના અભિપ્રાયોનો અભ્યાસ | કે.પી.ચિત્રોડા | 81 |
| 18 | ધોરણ ચારના પર્યાવરણ વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ EVS - 410 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા | બી.કે.મેસિયા | 85 |
| 19 | વિસાવદર તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ | બી.કે.મેસિયા | 89 |
| 20 | જૂનાગઢ જિલ્લાના ડી.એલ.એડ તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધી સમજ અંગેના અભિપ્રાયોનો અભ્યાસ | બી.કે.મેસિયા | 95 |
| 21 | ધોરણ દસના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST-1009 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા | એમ.વાય.વ્યાસ | 99 |
| 22 | જૂનાગઢ જિલ્લામાં યોજાયેલ ધોરણ 1-2 અંગ્રેજી તાલીમ કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ | એમ.વાય.વ્યાસ | 103 |
| 23 | મેંદરડા તાલુકામાં સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટરની વર્તમાન સ્થિતિનો અભ્યાસ | એમ.વાય.વ્યાસ | 107 |

| | | | |
|---|---|---|---|
| 24 | જૂનાગઢ જિલ્લાના ધોરણ ૩ થી 8 ના વાક્યવાચક વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ | એમ.વાય.વ્યાસ | 112 |
| 25 | ધોરણ દસના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST-1010 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા | જી.કે.સેંજલીયા | 116 |
| 26 | ભેસાણ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ | જી.કે.સેંજલીયા | 119 |
| 27 | કેશોદ તાલુકામાં સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટરની વર્તમાન સ્થિતિનો અભ્યાસ | જી.કે.સેંજલીયા | 125 |
| 28 | જૂનાગઢ જિલ્લાના ધોરણ ૩ થી 8 ના શબ્દવાચક વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ | જી.કે.સેંજલીયા | 130 |

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : માધ્યમિક**

**સંશોધનનું શીર્ષક : ધોરણ દસના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST-1008 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા**

**ભાષા : ગુજરાતી**

**સંશોધાકનું નામ : કંચનબેન ભૂત**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

**1. પ્રાસ્તાવિક**

પ્રસ્તુત સંશોધનને સાંકળીને NASની કામગીરીને વધુ સઘન અને અસરકારક બનાવવા માટે ગુજરાત રાજયમાં GCERT દ્વારા તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં NASના સંદર્ભમાં આ સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે. અને તેમાં પણ જે કઠિન અધ્યયન નિષ્પત્તિઓ છે તે શા માટે વિદ્યાર્થીઓને કઠિન લાગી છે તેના કારણો તપાસી આ કઠિનતાને સરલીકૃત કાર્યક્રમ દ્વારા વિધાર્થીની કક્ષાએ વધુ સુગ્રાહય બનાવવા માટેનો કાર્યક્રમ તૈયાર કરીને પ્રાયોગિક સંશોધન દ્વારા એ બતાવવાનું છે કે સરલીકૃત અભિગમ કઇ રીતે વધારે ઉપયોગી થઇ શકે છે.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે છે.

૧) જૂનાગઢ જિલ્લાના ધોરણ-૧૦ના સામાજિક વિજ્ઞાન વિષયના ભારતના સાંસ્કૃતિક વારસાના સ્થળો પ્રકરણમાંથી કઠિન લાગતી અધ્યયન નિષ્પત્તિઓ જાણવી.

૨) ધોરણ-૧૦ સામાજિક વિજ્ઞાન વિષયના ભારતના સાંસ્કૃતિક વારસા સ્થળો માટે અધ્યયન નિષ્પત્તિની કઠિનતા દૂર કરવા અને સરલીકરણ કરવા માટે વિવિધ ઉપકરણોનો વિનિયોગ કરી સુધારણાલક્ષી કાર્યક્રમ તૈયાર કરવો.

૩) ધોરણ-૧૦ સામાજિક વિજ્ઞાન વિષયના ભારતના સાંસ્કૃતિક વારસાના સ્થળો માટે અધ્યયન નિષ્પતિ **SST-1008** " જિજ્ઞાસાવૃત્તિ અને પૂછપરછ તપાસ કરવી." તે માટે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ રચી અને અધ્યયન નિષ્પત્તિની કઠિનતા માટે કરવામાં આવેલા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પના નીચે મુજબ છે.

**"ધોરણ ૧૦ ના સમામજિક વિજ્ઞાન વિષયના કઠિન અધ્યયન નિષ્પતિના સંદર્ભમાં, પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટી પરની સરેરાશાંકો અને પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતાં નિયંત્રિત જૂથના વિધાર્થીઓની સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય".**

**3.** **પદ્ધતિ :**

**a.** **અભ્યાસની રૂપરેખા :**

પ્રસ્તુત સંશોધન માટે કાર્ય રૂપરેખા નીચે જણાવ્યા મુજબ ગોઠવવામાં આવી હતી.

૧) સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના

૨) દશ્ય-શ્રાવ્ય માધ્યમની પસંદગી

૩) ઉપકરણોની પસંદગી અને સંરચના

૪) નમૂના પસંદગી

૫) ધોરણ-૯ નું સામાજિક વિજ્ઞાનવિષયનું વાર્ષિક પરીણામ

૬) સમાંતર જૂથની રચના

૭) વિષય વસ્તુનું પૃથ્થકકરણ

૮) અધ્યાપનનો સમયગાળો

૯) પ્રયોગનો અમલ

૧૦) ઉત્તર કસોટી

૧૧) આંકડાકીય માહિતીની પ્રાપ્તિ

૧૨) માહિતી પૃથક્કરણ વિધિ

૧૩) પ્રયોગનાં તારણો

**b.** **નમૂનો :**

પ્રસ્તુત સંશોધન માટે સહેતુક નમૂનો વંથલી તાલુકાના શાપુર ગામની જવાહર વિનય મંદિર માધ્યમિક શાળાની ધોરણ-૧૦ પસંદ કરવામાં આવી હતી જેની કુલ સંખ્યા ૭૦ હતી.

**ધોરણ-૯ વાર્ષિક પરીણામ -** પ્રસ્તુત સંશોધન પ્રયોગાત્મક સંશોધન હોવાથી બે સમાંતર જૂથો રચવા માટે ધોરણ-૯ સામાજિક વિજ્ઞાન વિષયના વાર્ષિક પરીણામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના આધારે બે સમાંતર જૂથો રચવા આવેલ હતા.

**c.** **ઉપકરણ :** સી.ડી., વિવિધ એનીમેશન, ઐતિહાસિક સ્થળોના વિડીયો

**d.** **માહિતી એકત્રીકરણની રીત :**

પ્રસ્તુત સંશોધન પ્રયોગાત્મક સંશોધન હોવાથી બે સમાંતર જૂથો રચવા માટે ધોરણ-૯ સામાજિક વિજ્ઞાન વિષયના વાર્ષિક પરીક્ષાના પરીણામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ધોરણ-૯ સામાજિક વિજ્ઞાન વિષયના વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે વિદ્યાર્થીઓને ચઢતા ક્રમમાં ગોઠવવામાં આવેલ. બે જૂથ નકકી કર્યા, નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથ. ધોરણ-૯ સામાજિક વિજ્ઞાન વિષયના વાર્ષિક પરીક્ષાના ગુણના આધારે પહેલા ક્રમના વિદ્યાર્થીને નિયંત્રિત જૂથમાં અને બીજા ક્રમના વિદ્યાર્થીને પ્રાયોગિક જૂથમાં આમ ક્રમિક રીતે એક પછી એક વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચી જૂથને સમાંતર કરવામાં આવ્યાં.

ત્યારબાદ બંને જૂથને  સમાંતર કર્યાબાદ ૬ દિવસ સુધી બંને જૂથમાં અધ્યાપન કાર્ય હાથ ધરવામાં આવેલ. નિયંત્રિત જૂથમાં પરંપરાગત પદ્ધતિથી અને પ્રાયોગિક જૂથમાં વિશિષ્ટ પદ્ધતિ દ્વારા અધ્યાપન કાર્ય કરવામાં આવેલ.

સાતમાં દિવસે બંને જૂથની ઉત્તર કસોટી લેવામાં આવી. ઉત્તર કસોટી કઠિન અધ્યયન નિષ્પતિ "જિજ્ઞાસાવૃત્તિ અને પ્રશ્નોતરી કૌશલ્ય વિકસાવવું." સંબંધિત ધો-૧૦ સામાજિક વિજ્ઞાન વિષયના પ્રકરણ "ભારતના સાંસ્કૃતિક વારસાના સ્થળો" માંથી રચવામાં આવેલ કસોટી ૨૫ ગુણની હતી અને કસોટીનો સમય ૩૦ મીનીટનો હતો. કસોટીમાં ૨૫ પ્રશ્નો હતા. જે બહુવિકલ્પ પ્રકારના હતા. દરેક વિધાન/પ્રશ્નની સામે ૪(ચાર) વિકલ્પો આપેલા હતા જેમાંથી સાચા વિકલ્પની સામે ✓નિશાની કરવાની હતી. .

**e. માહિતીનું પૃથક્કરણ :**

ઉત્કલ્પના ચકાસવા માટે બંને જૂથની ઉત્તર કસોટી લઇને વિદ્યાર્થીઓની સિદ્ધિની તુલના કરવામાં આવી હતી. પ્રાપ્તાંકોનું આવૃતિ વિસ્તરણ બનાવીને અંકશાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે તેમના સરાસરી અને પ્રમાણવિચલન શોધવામાં આવ્યાં છે.પ્રાયોગિક જૂથની ઉત્તર કસોટીની અને નિયંત્રિત જૂથની ઉત્તર કસોટીની સરાસરી અનુક્રમે ૧૫.૮૨ અને ૧૨.૦૮ હતી. અને બંને વચ્ચેનો તફાવત ૩.૭૪ હતો તેથી કહી શકાય કે પ્રાયોગિક જૂથમાં સરાસરીમાં નોંધપાત્ર તફાવત જોવા મળેલ એટલે કે સરાસરી ઉંચી હોવાથી પ્રયોગની અસર થવા છતા વધારે ઉંચી સરાસરી પ્રયોગપાત્રો પહોંચી શકયા છે.

પ્રાયોગિક અને નિયંત્રિત બંને જૂથના ઉત્તર કસોટીના પ્રમાણ વિચલન ૩.૭૫, ૩.૧૩ અને બંને વચ્ચેનો તફાવત ૦.૬૨ જોવા મળે છે. આ તફાવત ઘણો નજીવો છે. આથી કહી શકાય કે પ્રાયોગિક જૂથની સિદ્ધિ ઘણી સારી છે. પરંતુ નિયંત્રિત જૂથની સિદ્ધિ પણ નબળી તો ન જ કહી શકાય. એટલે કે નિયંત્રિત જૂથના પાત્રો પણ અભ્યાસમાં વધુ એકાગ્ર થયા છે. ઉત્તર કસોટીની બંને જૂથની સરાસરી જોતા જણાય છે કે પ્રાયોગિક જૂથની સરાસરી ૧૫.૮૨ અને નિયંત્રિત જૂથની સરાસરી ૧૨.૦૮ જોવા મળી છે. સરાસરીનો આ તફાવત ૩.૭૪ થવા જાય છે. તેથી કહી શકાય કે પ્રાયોગિક જૂથ ઉપર દશ્ય-શ્રાવ્ય માધ્યમ અને પ્રયોગની અસરથી શૈક્ષણિક સિદ્ધિ વધારી શકાય છે જેથી પૂર્વ ધારણા સાબિત થાય છે.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત સંશોધનના તારણો નીચે મુજબ મળ્યા છે.

૧) પ્રાયોગિક જૂથ પર પ્રયોગની અમલીકરણ કરતા તેઓમાં ઉત્તર કસોટીની સરાસરીમાં ૩.૭૪ ટકાનો વધારો થયો હતો. પ્રયોગની અસરકારતા એકંદરે સારી છે.

૨) નિયંત્રિત જૂથને પરંપરાગત પદ્ધતિએ ભણાવવામાં આવતા તેઓના સરેરાશાંકો પ્રાયોગિક જૂથ કરતા ઉત્તર કસોટીમાં ૩.૭૪ ટકા ઓછુ જોવા મળેલ. એટલે પરંપરાગત પદ્ધતિ ઓછી અસરકારક રહી હતી.

૩) પ્રાયોગિક જૂથ નિયંત્રિત જૂથ શરૂઆતથી એક સરખા હતા. નિયંત્રિત જૂથને ઉત્તર કસોટીમાં જે સરાસરી ગુણ મળ્યા છે તેના કરતા પ્રાયોગિક જૂથને ૩.૭૪ ટકા ગુણ વધુ મળ્યા છે, જે પણ નોંધનીય છે.

**5. સંશોધન ફલિતાર્થો :**

૧) કઠિનબિંદુના સરલીકરણ માટેના પ્રયોગ ઘણી મહેનતથી તૈયાર કરવામાં આવ્યો હતો. તેમ છતા તેમની સિદ્ધિ અપેક્ષા કરતા ઓછી રહી છે. તેથી આ કઠિનબિંદુના સરલીકરણ માટે વિશેષ પ્રયોગ રચવાની જરૂર રહે છે.

૨) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ શરૂઆતથી એક સમાન હતા છતાં પણ પ્રયોગના અમલીકરણ કરતા પ્રાયોગિક જૂથમાં નોંધનિય તફાવત જોવા મળલ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનમાં સામાજિક વિજ્ઞાનના પાઠયપુસ્તક ધોરણ-૧૦ના, ભારતના સાંસ્કૃતિક વારસાના સ્થળો વિષયવસ્તુના કઠિનબિંદુના સરલીકરણ માટે સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે અધ્યાપન માટે વિશિષ્ટ ઉપકરણોથી ઇન્સ્ટ્રકશન કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. આ દષ્ટિએ પ્રસ્તુત અભ્યાસ અધ્યયન–અધ્યાપન ક્ષેત્રનો હતો. ઉપરાંત ઉત્તર કસોટી દ્વારા સમગ્ર કાર્યક્રમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકનક્ષેત્રને પણ સ્પર્શતો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાયોગિક જૂથ માટે દશ્ય શ્રાવ્ય માધ્યમ દ્વારા વિશેષ અધ્યાપન કાર્યક્રમની રચના કરી અને તેની અસરકારકતા ચકાસવામાં આવી છે અને આ અભ્યાસ સંબંધિત સમષ્ટિ, નમૂના પસંદગી, અભ્યાસની કાર્યરૂપ રેખા, અભ્યાસની લાક્ષણિકતાઓ અને યથાર્થતાની ચર્ચા કરવામાં આવી છે.

**સારાંશ તૈયાર કરનાર : કે.એન.ભૂત**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક : જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**

**સંશોધકનું નામ : કંચનબેન ભૂત**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

## સારાંશ

**1. પ્રાસ્તાવિક :**

NEP-2020 માં દર્શાવેલ નીતિઓનું અમલીકરણ શિક્ષકો દ્વારા થનારું હોય ત્યારે આ નીતિની માળખાગત બાબતોથી લઇ તેના ધ્યેય, હેતુઓ અને લક્ષ્યાંકો બાબતે તેઓમાં કેટલા પ્રમાણમાં સભાનતા છે તે જાણવું ખૂબ જ જરુરી છે. અત્રે શિક્ષકોની સભાનતાનું પ્રમાણ જાણવા માટે સંશોધક દ્વારા NEP-2020 આધારિત પ્રશ્નાવલિની રચના કરવામાં આવેલ છે. જે દ્વારા NEP-2020ના અમલીકરણ માટે તાલીમ તથા અનુકાર્ય અંગે યોગ્ય દિશા મળશે.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધન માટે પ્રયોજકે આ પ્રમાણે હેતુઓ નક્કી કર્યા હતા. જે હેતુઓને લક્ષમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાના અભ્યાસ માપન માટે 'NEP જાગૃતતા અંગેના માપદંડ' ની સંરચના કરવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલુકા અનુસાર NEP જાગૃતતા અંગેનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતિયતા અનુસાર NEP જાગૃતતા જાણવી. .
- પ્રાથમિક શાળાના શિક્ષકોની વિભાગ અનુસાર NEP જાગૃતતા જાણવી. .

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી.

- પ્રાથમિક શાળાના શિક્ષકોના વિભાગ (નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક) અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના અભ્યાસ અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતિયતા (પુરુષ અને સ્ત્રી) અનુસાર તેઓની NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની શાળામાં શૈક્ષણિક અનુભવ અનુસાર તેઓની NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**3. પદ્ધતિ :**

**a. અભ્યાસની રૂપરેખા :**

**b. નમૂનો :**

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની મેંદરડા તાલુકાની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2022-23 દરમિયાન અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, કુલ ૫૬ શાળાઓના ૨૪૬ શિક્ષકો વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતાં.

**c. ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસની જરુરિયાતને ધ્યાનમાં રાખીને સંશોધકે શિક્ષક NEP-2020 પ્રશ્નાવલિની રચના કરી હતી. ઉપકરણ રચનામાં નીચે મુજબના સોપાનોને અનુસરવામાં આવ્યા હતા. પ્રયોજકે પ્રસ્તુત સંશોધનમાં NEP-2020 જાગૃતતા માપદંડમાં પ્રતિચાર આપનાર શિક્ષકની સામાન્ય માહિતી અને કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ 40 વિધાનો આપવામાં આવ્યા હતા. જેમાં ત્રણ વિકલ્પ આપવામાં આવ્યા હતા. જેમાંથી એક સાચો વિકલ્પ પસંદ કરવાનો હતો.

**d. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રયોજકે NEP-2020 જાગૃતતા માપદંડ પર પ્રતિભાવ મેળવવા એક GOOGLE FORM વિકસાવવામાં આવ્યું હતું. જેની LINK બનાવી હતી.આ અંગે શિક્ષકોએ આપેલા પ્રતિભાવો ગૂગલ ફોર્મ પરથી MSEXCEL SHEET માં મેળવી તેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા. ગુગલ ફોર્મના આધારે જણાયું હતું કે મેંદરડા તાલુકાની કુલ ૧૩૪ શિક્ષકોના પ્રતિચારો પ્રાપ્ત થયા હતા. જેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા.પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત થયેલી માહિતીના આધારે પૃથક્કરણ કરવા માટે વિવિધ અંકશાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા માહિતી ગણતરી કરવામાં આવી હતી. આ અંકશાસ્ત્રીય ગણતરીઓ MICROSOFT EXCELનો ઉપયોગ કર્યો હતો.

**e. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવેલ અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે. સરાસરી,પ્રમાણ વિચલન,t – test, વિધાન અનુસાર ટકાવારી.આ મુદ્દાઓના અનુસંધાનમાં શાળાઓમાંથી મળેલ માહિતી પરથી અસરકારકતાની ચકાસણી કરવામાં આવી હતી.પ્રશ્નનાવલિના સાચા જવાબ માટે 1 પોઈન્ટ અને ખોટા જવાબ માટે 0 પોઈન્ટ ગણવામાં આવેલ હતો. વિધાન અનુસાર ટકાવારી સાચા વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "સાચા" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.જેમાં સાર્થકતા ચકાસવા માટે ટી-કસોટીનો ઉપયોગ કરેલ જેમાં ટી-કસોટીની સારણી મુજબ 0.05 કક્ષાએ સાર્થકતા મુલ્ય 1.96 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. અને 0.01 કક્ષાએ સાર્થકતા મુલ્ય 2.58 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. તેની ચર્ચા પ્રકરણ-4 માં વિગતે કરવામાં આવી છે. વિધાન અનુસાર ટકાવારી MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ હકારાત્મક પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

1- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 શિક્ષણ માળખામાં નવી પેટર્નથી પરિચિત છે.

2- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

3- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 6 થી 8 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

4- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 8 થી 11 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તેની જાણકારીનો અભાવ જોવા મળે છે.

5- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 11 થી 14 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ જોવા મળે છે.

6- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો ઘરની ભાષા અને શાળાની ભાષા અલગ હોય તેવા બાળકો માટે દ્વિભાષા મુજબનો અભિગમ ઉપયોગમાં લેવાશે એ બાબતથી પરિચિત નથી.

7- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને ' એક ભારત શ્રેષ્ઠ ભારત ' અંતર્ગત ધો. ૬ થી ૮ માં ભારતની ભાષાઓ પર કઇ પ્રવૃત્તિ આપવી તેનો ખ્યાલ નથી.

8- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને સંસ્કૃતને ધ્વનિ અને ઉચ્ચારણના માધ્યમથી કયા સ્ટેજ પર શિખવવામાં આવશે તે બાબતનો ખ્યાલ નથી.

9- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મિડલ સ્કૂલના તબકકામા કઇ પ્રવૃત્તિ શરુ થશે તેનો ખ્યાલ છે.

10- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ધો. 6 થી 8 માં ક્રિયા દ્વારા શિક્ષણ માટે કઇ પ્રવૃત્તિ હાથ ધરાશે તેનો ખ્યાલ નથી.

11- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ધો. 6 થી 12માં વેકેશન દરમિયાન કઇ સુવિધા પૂરી પડશે તેનો ખ્યાલ નથી.

12- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મૂલ્યાંકનનો પ્રાથમિક ઉદેશ્ય શિક્ષક, વિધાર્થી, શાળા પ્રણાલીને સાથે રાખીને કઇ રીતે શિક્ષણ આપવાનો પ્રયાસ રહેશે તે બાબતનો ખ્યાલ નથી.

13- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શું લાગુ પડતું નથી તે બાબતનો શિક્ષકોને ખ્યાલ છે.

14- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ધો.૩ માં શાના આધારે પરીક્ષણ કરાશે તેનો ખ્યાલ નથી.

15- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં NEP-2020માં શિક્ષણ સંદર્ભે શિખવવાની કઇ બાબત પર ભાર મૂકવામાં આવે છે તેનો ખ્યાલ છે.

16- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં કયા સ્ટેજમાં ફરજિયાત માતૃભાષા શિક્ષણ હોવું જોઇએ તેનો ખ્યાલ નથી.

17- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ફાઉન્ડેશનલ સ્ટેજનો અભ્યાસક્રમ કેવો હશે તેનો ખ્યાલ નથી.

18- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં પ્રિપરેટરી સ્ટેજમાં જુદા જુદા વિષયોમાં શેના પર ભાર મૂકવામાં આવશે તેનો ખ્યાલ નથી.

19- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મિડલ સ્ટેજમાં જુદા જુદા વિષય મુખ્યત્વે શાના આધારે શિખવાય છે તેનો ખ્યાલ નથી.

20- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં સેકન્ડરી સ્ટેજમાં વિષય પસંદગી અંગે શી જોગવાઇ છે તેનો ખ્યાલ નથી.

21- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં બાળકોના સર્વાંગી વિકાસ સંદર્ભે ગોખણપટીના બદલે શાના પર ભાર મૂકાયો છે તેનો ખ્યાલ છે.

22- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ફાઉન્ડેશનલ સ્ટેજમા ભાષાઓનું શિક્ષણ કઇ પદ્ધતિથી આપવું જોઇએ તેનો ખ્યાલ નથી.

23- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ખામી ધરાવતા વિધાર્થીઓ માટે કઇ લેંગ્વેજ અસ્તિત્વમાં છે તેનો ખ્યાલ નથી.

24- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 મુજબ શિક્ષણતંત્રમાં એકસુત્રતા એટલે.....શું તેનો ખ્યાલ નથી.

25- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવી છે  તેનો ગુજરાતી અનુવાદ કઇ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે તેનો ખ્યાલ નથી.

26- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ શિક્ષણમાં વિષયવસ્તુમાં વધારો કરવાની જગ્યાએ અધ્યાપન શાસ્ત્ર એવું હોવું જોઇએ કે શિક્ષણ પ્રક્રિયા...કેવી હોવી જોઇએ તેનો ખ્યાલ નથી. .

27- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ શેના આધારે નકકી થઇ છે તેનો ખ્યાલ છે.

28- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં કઇ બાબત રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં નથી તેનો ખ્યાલ છે.

29- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  કેટલા વર્ષો પછી ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિની ઘોષણા કરવામાં આવી તેનો ખ્યાલ નથી.

30- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ ની મસૌદા સમિતિ(Drafting committi) ના અધ્યક્ષ કોણ છે તેનો ખ્યાલ નથી.

31- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ અનુસાર વોકેશનલ કોર્સ કયા ધોરણથી શરુ કરવામાં આવશે તનો ખ્યાલ નથી.

32- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦માં મિશન માધ્યમથી FLN (પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન) ને કયા વર્ષ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ નથી.

33- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ -૨૦૨૦નો અમલ કરનાર પહેલું રાજય કયુ છે તેનો ખ્યાલ નથી.

34- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ કોણે તૈયાર કરી છે તેનો ખ્યાલ નથી.

35- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં કેટલા વર્ષ સુધીના બાળકોને RTE-2009 માં સમાવવામાં આવશે તેનો ખ્યાલ નથી.

36- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ માં ૩ થી ૧૮ વર્ષની ઉમરના પ્રત્યેક બાળકને ગુણવતાયુકત શિક્ષણ કયા વર્ષ સુધીમાં પુર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ નથી.

37- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણને સાર્વત્રિક રીતે ઉપલબ્ધ બનાવવા શું સાચુ નથી તેનો ખ્યાલ નથી.

38- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને શિક્ષણ વ્યવસ્થામાં થઇ રહેલા મૂળભૂત પરિવર્તનના કેન્દ્રમાં અવશ્યપણે કોણ હોવું જોઇએ તેનો ખ્યાલ નથી.

39- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના ઉદેશ શું છે તેનો ખ્યાલ છે.

40- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં ધોરણ ૫ સુધીનું શિક્ષણ કઇ ભાષામાં રાખવામાં આવશે તેનો ખ્યાલ નથી.

41- પ્રાથમિક શાળાના શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના NEP જાગૃતતાના માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના NEP જાગૃતતાના પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

42- પ્રાથમિક શાળાના પીટીસીની લાયકાત ધરાવતા શિક્ષકો બી.એડ.ની લાયકાત ધરાવતા શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પી.ટી.સી.ની લાયકાત ધરાવતા શિક્ષકો બી.એડ.ની લાયકાત ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

43- પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

44- પ્રાથમિક શાળાના 10 વર્ષથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પ્રાથમિક શાળાના 10 વર્ષથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

1. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતાને અભ્યાસ, જાતીયતા, વિભાગ કે શૈક્ષણિક અનુભવ સાથે કોઈ સંબંધ નથી.

2. શિક્ષકોના વિવિધ સમયે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતામાં ફેરફાર થતા હોવાથી થોડા થોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.

3. આધુનિક યુગમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની જાગૃતતા લાવવી ખૂબ જરુરી છે. આથી શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની બાબતોથી જાગૃત રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકોમા NEP જાગૃતતાનો અભ્યાસ કરવાનો હોવાથી, પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર 'પ્રાથમિક શિક્ષણ', શૈક્ષણિક માપન મૂલ્યાંકન, મૂલ્ય શિક્ષણ અને કેળવણી, સમાજપરિવર્ત- નામનાં સંશોધન ક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય.

**સારાંશ તૈયાર કરનાર : કે.એન.ભૂત**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક: રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**

**સંશોધાકનું નામ : કંચનબેન ભૂત**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

**1. પ્રાસ્તાવિક :**

વાંચન અર્થગ્રહણના વિકાસનો પ્રારંભ પ્રાથમિક શિક્ષણથી શરૂ થાય છે, તે પછી માધ્યમિક શાળા અને મહાવિદ્યાલયોમાં અપાતા શિક્ષણ દ્વારા પણ તેનો ક્રમિક વિકાસ થાય છે. વાંચન અર્થગ્રહણનો વિકાસ સાધવાનું કાર્ય શિક્ષકો માટે પડકારરૂપ છે. તો આ કૌશલ્યનો વિકાસ કરવામાં શિક્ષકની ભૂમિકા પણ અનિવાર્ય બની રહે છે. દરેક બાળક વાક્યોને યોગ્ય રીતે અને સમાજ સાથે વાંચે તે જરૂરી છે. પ્રવર્તમાન સમયમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ યોગ્ય રીતે વાંચન કરી શકે છે કે નહિ? વિદ્યાર્થી વાંચન કરે છે તો તે મૂળાક્ષર નું વાચન કરે છે? શબ્દનું વાંચન કરે છે ? કે પછી વાક્યનું વાંચન કરે છે? અને જો શબ્દ કે વાક્યનું વાંચન કરી શકે છે તો તે અર્થગ્રહણ સાથે વાંચન કરી શકે છે કે નહિ ? જે જાણવું ખુબ જરૂરી હતું. આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખીને ગુજરાતની પ્રાથમિક શાળાનાં ધોરણ ૩ થી ૮ નાં વિદ્યાર્થીઓની વાંચન ઝડપ અને અર્થગ્રહણ સાથેની વાંચન ઝડપ જાણવાનાં હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવશે.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધન પણ નીચેના હેતુને ધ્યાને લઈને હાથ ધરવામાં આવ્યું હતું.

1. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના પ્રાપ્ત કરવા.
   - 1.1 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણ હેતુઓ સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના પ્રાપ્ત કરવા.
   - 1.2 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણ ગતિવિધી સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના પ્રાપ્ત કરવા.
   - 1.3 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણ સંબંધી પડકારો અને ભલામણો સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના પ્રાપ્ત કરવા.
   - 1.4 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણ શાળા કક્ષાએ પદ્ધતિ સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના પ્રાપ્ત કરવા.
   - 1.5 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણનું મૂલ્યાંકનઃ સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના પ્રાપ્ત કરવા.

1.6 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણ અંતર્ગત સેવાકાલીન તાલીમ સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના પ્રાપ્ત કરવા.

1.7 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણનું માળખાગત આયોજન સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના પ્રાપ્ત કરવા.

2. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના જાતીયતા સંદર્ભે તુલના કરવી.
3. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના શાળાના વિસ્તાર સંદર્ભે તુલના કરવી.
4. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે શિક્ષકોનાં અભિપ્રાયોના કક્ષા સંદર્ભે તુલના કરવી.
5. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંદર્ભે વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે મુખ્ય શિક્ષકો અને આચાર્યોનાં અભિપ્રાયોના કક્ષા સંદર્ભે તુલના કરવી.

**3. પદ્ધતિ :**

**i. અભ્યાસની રૂપરેખા :**

**ii. નમૂનો :**

નમુના પસંદગી માટે પ્રસ્તુત સંશોધન માટે સ્તરીકૃત યાદૃચ્છીક નમુના પસંદગી પદ્ધતિનો ઉપયોગ કરવમાં આવેલ હતો આ માટે નીચે મુજબની પ્રક્રિયાને અનુસરવામાં આવી હતી. સૌ પ્રથમ સંશોધન જૂનાગઢ જીલ્લાની કુલ ૨૧૦ શાળા જેમાં ૭૨ પ્રાથમિક શાળા, ૧૧૪ ઉચ્ચ પ્રાથમિક શાળા તેમજ ૧૧ માધ્યમિક શાળા અને ૧૩ ઉચ્ચ માધ્યમિક શાળાને યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવી હતી. શાળામાં રેગ્યુલર એચ ટાટ મુખ્ય શિક્ષકો તેમજ આચાર્યો સંશોધનના નમૂના તરીકે પસંદ કર્યા હતા.

**iii. ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે બે અલગ અલગ તૈયાર કર્યું. જે માટે સૌ પ્રથમ શિક્ષકો માટે અભિપ્રાયાવાલિ અને મુખ્ય શિક્ષક તેમજ આચાર્ય માટે સાક્ષ્ય પત્રક તૈયાર કર્યું. સંશોધકે શિક્ષકોનાં અભિપ્રાય માટે અલગ અલગ વિભાગની રચના કરી, જેમાં વ્યાવસાયિક શિક્ષણના હેતુઓ, વ્યાવસાયિક શિક્ષણની ગતિવિધી, વ્યાવસાયિક શિક્ષણ સંબંધી પડકારો અને ભલામણો, શાળા કક્ષાએ વ્યાવસાયિક શિક્ષણ પદ્ધતિ, વ્યાવસાયિક શિક્ષણનું મૂલ્યાંકન, વ્યાવસાયિક શિક્ષણ અંતર્ગત સેવાકાલીન તાલીમ, વ્યાવસાયિક શિક્ષણનું માળખાગત આયોજન જેવા રચના કર્યા. જેમાંથી વ્યાવસાયિક શિક્ષણનું માળખાગત આયોજન વિભાગમાં ત્રણ પ્રશ્નો તૈયાર કર્યા જયારે બાકીના વિભાગ માટે પંચબિંદુ પ્રમાણે અભિપ્રાયાવાલિ માટે વિધાન તૈયાર કર્યા. જયારે અભિપ્રાયાવાલિના ત્રીજા વિભાગમાં ચાર મુક્ત પ્રશ્નો મુકવામાં આવ્યા.સંશોધનના હેતુને અનુલક્ષીને મુખ્ય શિક્ષકો અને આચાર્ય માટે પંદર પ્રશ્નો દ્વારા સાક્ષ્ય પત્રક બનાવવામાં આવ્યું.

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રયોજકે પ્રાથમિક શાળાઓ માટે BRC CO. અને CRC CO. ને રૂબરૂ મળી પોતાના સંશોધનકાર્ય અંગેનો હેતુ સ્પષ્ટ કરી વ્યવસાયિક શિક્ષણ સંદર્ભે જાગૃતતા માપદંડ પર માહિતી એકત્રિત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. પ્રયોજકે પોતે અને BRC CO.અને CRC CO. દ્વારા નમૂનાની શાળાઓમાં રૂબરૂ જઈને પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પ્રસ્તુત સંશોધન કાર્ય તેમજ NEP-2020 જાગૃતતા માપદંડમાં વિશે GOOGLE FORM ની LINK અને જરૂરી માહિતી આપી. આમ, વ્યવસાયિક શિક્ષણ સંદર્ભે જાગૃતતા માપદંડ પર પ્રતિચારો ONLINE અને મુલાકાત દ્વારા મેળવવામાં આવ્યા હતા.

**v. માહિતીનું પૃથક્કરણ :**

પૃથકકરણ એટલે માહિતી જૂથો વચ્ચે રહેલા સંબંધોની તરાહ શોધવા માટે કેટલાક માપનોની ગણતરી.પ્રસ્તુત સંશોધનમાં હેતુને ધ્યાને લઇ ટકા, સરેરાસ અને t મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. SPSS સોફ્ટ વેર અને excel application spssનો ઉપયોગ કરવમાં આવેલ હતો.

**4. પરિણામો/તારણો :**

. અભિપ્રાયાવલી અને સાંખ્ય પત્રક દ્વારા પ્રાપ્ત તારણો નીચે મુજબ પ્રાપ્ત થયા હતા.

**૧. શિક્ષકોના અભિપ્રાયો સંદર્ભેનાં તારણો**

- વ્યાવસાયિક શિક્ષણના હેતુઓ
- વ્યાવસાયિક શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જીવન અને કાર્ય તરફનું તંદુરસ્ત વલણ વિકસાવવાનો છે.
- વ્યાવસાયિક શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓને વ્યાવસાયિક વિકાસ માટેની તકો પૂરી પાડવાનો છે.
- વ્યાવસાયિક શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર માટે વ્યાવસાયિક કૌશલ્યથી અભિપ્રેરિત કરવાનો છે.
- વ્યાવસાયિક શિક્ષણનો હેતુ કામ પ્રત્યેની કદર અને લગાવ ઊભો કરવાનો છે.
- વ્યાવસાયિક શિક્ષણનો હેતુ વિદાર્થીઓને કુશળ તકનીકી નિષ્ણાંત બનાવવાનો નથી.
- વ્યાવસાયિક શિક્ષણનો હેતુ પ્રવર્તમાન સમયના વિદ્યાર્થીઓને ટેકનોલોજીના પાસાંઓને સમજવા મદદરૂપ બનવાનો છે.
- વ્યાવસાયિક શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનાવવા માટેની તકોથી પરિચિત કરવાનો છે.
- વ્યાવસાયિક શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓ અભ્યાસની શરૂઆતથી જ વ્યવસાય માટે તૈયારી કરી શકે તે છે.

**૨. વ્યાવસાયિક શિક્ષની ગતિવિધી**

- શિક્ષણ પ્રણાલીમાં વ્યાવસાયિક મહત્વની ભૂમિકા રહેલી છે.
- શિક્ષણની વ્યાવસાયિક શિક્ષણ પ્રાથમિક કક્ષાએથી જ મળવું જોઈએ.

- પ્રાથમિક શિક્ષણ સુધીમાં બાળક કોઈ એક ક્ષેત્રે પારંગત બનવો જોઈએ.
- ભારતમાં વૈદિકકાળથી વ્યાવસાયિક શિક્ષણની વ્યવસ્થા જોવા મળે છે.
- મધ્યયુગ કાળ દરમ્યાન મદ્રેસાઓમાં કળા અને કારીગરી શીખવવામાં આવતી હતી.
- આઝાદી પહેલાના સમયે વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે નહિવત પ્રયત્નો થયેલા હતાં.
- ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ વ્યાવસાયિક શિક્ષણ ક્ષેત્રે કશું જ ધ્યાન આપ્યું નહીં.
- ૧૯૧૭ના સેડલર કમિશને ઈન્ટર મીડિએટ સ્થળે (ધો.૧૧) વ્યાવસાયિક શિક્ષણની વાત કરી હતી.
- મુદાલીયાર કમિશને માધ્યમિક કક્ષાએ વ્યાવસાયિક શિક્ષણને મુખ્ય હેતુ ગણાવ્યો હતો જે અયોગ્ય ગણી શકાય.
- કોઠારી શિક્ષણપંચ વ્યાવસાયિક શિક્ષણ માટે પત્રવ્યવહાર અભ્યાસક્રમની ભલામણ કરી હતી જે યોગ્ય હતી.
- ૧૧મી પંચવર્ષીય યોજનામાં ITIની સંખ્યામાં વધારો કરવાની વાત કરી. જે વ્યાવસાયિક શિક્ષણને પૂરક હતું.
- વર્ષ ૨૦૧૩માં ભારત સરકારે વ્યાવસાયિક કૌશલ્ય એજન્સી (National Skill Development Agency - NSDA)ની થકી વ્યાવસાયિક કૌશલ્યનાં સ્થાપના વિકાસને વેગ મળ્યો છે.

**૩. વ્યાવસાયિક શિક્ષણ સંબંધી પડકારો અને ભલામણો**

- વ્યાવસાયિક શિક્ષણ માટે શાળા કક્ષાએ ભૌતિક સુવિધાઓનો અભાવ નડે છે.
- વ્યાવસાયિક શિક્ષણ થકી શાળા કક્ષાએ કાર્યબોજ વધશે.
- વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે શાળાના દરેક શિક્ષણને સહભાગી બનવા મુશ્કેલ છે.
- વ્યાવસાયિક શિક્ષણના અમલ થકી સાક્ષરી વિષયોની ઉપેક્ષા થવાની સંભાવના રહે છે.
- વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે શિક્ષકોને જાગૃત કરવા પડશે.
- શાળામાં ઉદ્યોગ શિક્ષણની ઉપેક્ષા કરવામાં આવે છે.
- વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે પ્રાયોગિક કાર્યની અપૂરતી સુવિધા છે.
- વ્યાવસાયિક શિક્ષણ સંદર્ભે વાલી જગતના પ્રશ્નો રહેવાની શકયતા રહેલી છે.
- ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાના બાળકો માટે એક સરખો વ્યાવસાયિક શિક્ષણનો અભ્યાસક્રમ બનાવવો મુશ્કેલ છે.
- વ્યાવસાયિક શિક્ષણને સાક્ષરી વિષય સાથે અનુબંધ કરવા મુશ્કેલ છે.

**૪. શાળા કક્ષાએ વ્યાવસાયિક શિક્ષણ પદ્ધતિ**

- પ્રાથમિક શાળાઓમાં વ્યાવસાયિક શિક્ષણ સૈદ્ધાંતિક રીતે શીખવવું જોઈએ.
- પ્રાથમિક શાળાઓમાં વ્યાવસાયિક શિક્ષણ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક રીતે આપવું જોઈએ.
- પ્રાથમિક શાળાઓમાં વ્યવસાયકારોની માત્ર મુલાકાત લેવડાવવી જોઈએ.
- માધ્યમિક શાળા કક્ષાએ વ્યાવસાયિક શિક્ષણ સૈદ્ધાંતિક તથા પ્રાયોગિક એમ બંને રીતે આપવું જોઈએ.

- માધ્યમિક શાળાઓમાં વ્યાવસાયિક શિક્ષણ સૈદ્ધાંતિક રીતે શીખવવું જોઈએ.

**૫. વ્યાવસાયિક શિક્ષણનું મૂલ્યાંકનઃ**

- વ્યાવસાયિક શિક્ષણ માટે પ્રાયોગિક કાર્ય આધારિત જ મૂલ્યાંકન થવું જોઈએ.
- વ્યાવસાયિક શિક્ષણ સત્રાંત મૂલ્યાંકન થવું જોઈએ.
- વ્યાવસાયિક શિક્ષણનું વાર્ષિક મૂલ્યાંકન થવું જોઈએ.
- વ્યાવસાયિક શિક્ષણનું મૂલ્યાંકનમાં પ્રાયોગિક અને સૈદ્ધાંતિક કાર્યનો સરખો હિસ્સો હોવો જોઈએ.
- વ્યાવસાયિક શિક્ષણને મૂલ્યાંકનમાં સમાવેશ કરવો જોઈએ.

**૬. વ્યાવસાયિક શિક્ષણ અંતર્ગત સેવાકાલીન તાલીમ**

- વ્યાવસાયિક શિક્ષણની તાલીમ તમામ આચાર્યશ્રીઓને આપવી જોઈએ.
- વ્યાવસાયિક શિક્ષણની તાલીમ તમામ શિક્ષકોને આપવી જોઈએ.
- વ્યાવસાયિક શિક્ષણની તાલીમ CRC / BRC ને આપવી જોઈએ.
- વ્યાવસાયિક શિક્ષણની તાલીમમાં ફકત સૈદ્ધાંતિક બાબત પર ભાર આપવો જોઈએ.
- વ્યાવસાયિક શિક્ષણની તાલીમમાં ફકત પ્રાયોગિક બાબતો પર જ ભાર આપવો જોઈએ.
- વ્યાવસાયિક શિક્ષણની તાલીમમાં તજજ્ઞ તરીકે સ્થાનિક વ્યવસાયકારોને પ્રાધાન્ય આપવું જોઈએ.

**5. સંશોધન ફલિતાર્થો :**

સંશોધન નાં તારણોના આધારે નીચે મુજબના શૈક્ષણિક ફલિતાર્થો આપી શકાત.

1. સરકારે વ્યવસાયિક શિક્ષણની સુવિધાઓ સૌ પ્રથમ ઉભી કરવી જોઈએ.
2. ભૌતિક સુવિધાઓ ઉભી કરવા ચોક્કસ માર્ગદર્શિકા બહાર પાડવી જોઈએ.
3. વ્યવસાયિક શિક્ષણનુ જ્ઞાન ધરાવતા શિક્ષકોની નિમણુક માટે વિચારવું જોઈએ.
4. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા અપાયેલ તાલીમનું શિક્ષક દ્વારા શાળાના વર્ગખંડ માં અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ
5. તાલીમ આપવા માટે તાલિમી સંસ્થાઓ અને જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા શિક્ષકને માર્ગદર્શન મળી રહે તેવું સાહિત્ય તૈયાર કરી શિક્ષકો સુધી પહોચાડવું જોઈએ
6. વિદ્યાર્થી અને શિક્ષક દ્વારા વધારાના તાસનું આયોજન માટેના વિશેષ પ્રયત્નો કરવા જોઈએ
7. વિદ્યાર્થીને વાચનમાં પડતી મુશ્કેલીનું નિદાન શિક્ષક દ્વારા થાવું જોઈએ અને તેના આધારે ઉપચારાત્મક કાર્યનું પણ આયોજન થાય તે જરૂરી છે.
8. વિદ્યાર્થીને અનુભવાતી મુશ્કેલીના નિદાન માટેનું પ્રમાણિત ઉપકરણ તૈયાર કરીને શિક્ષક સુધી પહોચે તે જરૂરી છે.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધન જૂનાગઢ જીલ્લાની કુલ ૨૧૦ શાળા જેમાં ૭૨ પ્રાથમિક શાળા, ૧૧૪ ઉચ્ચ પ્રાથમિક શાળા તેમજ ૧૧ માધ્યમિક શાળા અને ૧૩ ઉચ્ચ માધ્યમિક શાળાને યાદ્દચ્છિક રીતે પસંદ કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધનમાં શિક્ષકો માટે માત્ર અભિપ્રાયાવાલિ અને આચાર્ય અને મુખ્ય શિક્ષકો માટે સાખ્યાપત્રકનો ઉપયોગ કરવામાં આવેલ છે.સંશોધન ફક્ત ગુજરાતી માધ્યમની શાળાઓ પુરતું માર્યાદિત હતું. પ્રસ્તુત સંશોધન માટે સી.આર.સી.કો.ઓ.નો ઉપયોગ કરવામાં આવ્યો હતો

**સારાંશ તૈયાર કરનાર : કે.એન.ભૂત**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : માધ્યમિક**

**સંશોધનનું શીર્ષક: ધોરણ દસના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST-1011ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા**

**ભાષા : ગુજરાતી**

**સંશોધાકનું નામ : આશાબેન ડી રાજ્યગુરૂ**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

1. **પ્રાસ્તાવિક :**

   પ્રસ્તુત સંશોધનને સાંકળીને NASની કામગીરીને વધુ સઘન અને અસરકારક બનાવવા માટે ગુજરાત રાજયમાં GCERT દ્વારા તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં NASના સંદર્ભમાં આ સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે. અને તેમાં પણ જે કઠિન અધ્યયન નિષ્પત્તિઓ છે તે શા માટે વિદ્યાર્થીઓને કઠિન લાગી છે તેના કારણો તપાસી આ કઠિનતાને સરલીકૃત કાર્યક્રમ દ્વારા વિધાર્થીની કક્ષાએ વધુ સુગ્રાહય બનાવવા માટેનો કાર્યક્રમ તૈયાર કરીને પ્રાયોગિક સંશોધન દ્વારા એ બતાવવાનું છે કે સરલીકૃત અભિગમ કઇ રીતે વધારે ઉપયોગી થઇ શકે છે.

2. **સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

   પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે છે.

   1) જૂનાગઢ જિલ્લાના ધોરણ-10ના સામાજિક વિજ્ઞાન વિષયના એકમઃ ૨ ભારતનો સાંસ્કૃતિક વારસોઃ પરંપરાઓઃ હસ્ત અને લલિતકલા પ્રકરણમાંથી કઠિન લાગતી અધ્યયન નિષ્પત્તિઓ જાણવી.

   2) ધોરણ-10 સામાજિક વિજ્ઞાન વિષયના એકમઃ ૨ ભારતનો સાંસ્કૃતિક વારસોઃ પરંપરાઓઃ હસ્ત અને લલિતકલા માટે અધ્યયન નિષ્પત્તિની કઠિનતા દૂર કરવા અને સરલીકરણ કરવા માટે વિવિધ ઉપકરણોનો વિનિયોગ કરી સુધારણાલક્ષી કાર્યક્રમ તૈયાર કરવો.

   3) ધોરણ-10 સામાજિક વિજ્ઞાન વિષયના ભારતના સાંસ્કૃતિક એકમઃ ૨ ભારતનો સાંસ્કૃતિક વારસોઃ પરંપરાઓઃ હસ્ત અને લલિતકલા માટે અધ્યયન નિષ્પતિ **SST-1011** "આંતરસંબંધ કૌશલ્યનો વિકાસ કરવો." તે માટે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ રચી અને અધ્યયન નિષ્પત્તિની કઠિનતા માટે કરવામાં આવેલા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

   પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પના નીચે મુજબ છે.

   "ધોરણ 10 ના સમામજિક વિજ્ઞાન વિષયના કઠિન અધ્યયન નિષ્પતિના સંદર્ભમાં, પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટી પરની સરેરાશાંકો અને પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતાં નિયંત્રિત જૂથના વિધાર્થીઓની સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય".

**3.** પદ્ધતિ :

**I. અભ્યાસની રૂપરેખા :**

પ્રસ્તુત સંશોધન માટે કાર્ય રૂપરેખા નીચે જણાવ્યા મુજબ ગોઠવવામાં આવી હતી.

1) સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના

2) દશ્ય-શ્રાવ્ય માધ્યમની પસંદગી

3) ઉપકરણોની પસંદગી અને સંરચના

4) નમૂના પસંદગી

5) ધોરણ-10 ની પ્રથમ કસોટીનું પરીણામ

6) સમાંતર જૂથની રચના

7) વિષય વસ્તુનું પૃથ્થકકરણ

8) અધ્યાપનનો સમયગાળો

9) પ્રયોગનો અમલ

10) ઉત્તર કસોટી

11) આંકડાકીય માહિતીની પ્રાપ્તિ

12) માહિતી પૃથક્કરણ વિધિ

13) પ્રયોગનાં તારણો

**II. નમૂનો :**

જૂનાગઢ તાલુકાની ભાલજયોતિ વિધાલય બંધાળા માધ્યમિક શાળા પસંદ કરવામાં આવી હતી. શાળામાંથી ધોરણ 10 ના ચોવીસ –ચોવીસ વિદ્યાર્થીઓને પ્રાયોગિક અને નિયંત્રિત જૂથ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. કોને પ્રાયોગિક જૂથમાં અને કોને નિયંત્રિત જૂથમાં રાખવા તેની પસંદગી ધોરણ-૧૦ની પ્રથમ પરીક્ષાના પરીણામ પરથી કરવામાં આવી હતી. પ્રાયોગિક જૂથના ચોવીસ વિદ્યાર્થીઓને દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા વિશિષ્ટ પદ્ધતિ અને પ્રયુકિત દ્વારા અધ્યાપન કાર્ય કરાવવામાં આવ્યું હતું જયારે નિયંત્રિત જૂથના ૨૪ વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિથી અધ્યાપનકાર્ય કરાવવામાં આવ્યું હતું.

**III. ઉપકરણ : પીપીટી,** સી.ડી., વિવિધ એનીમેશન, નૃત્યકલા વિડીયો

**IV. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રસ્તુત સંશોધન પ્રયોગાત્મક સંશોધન હોવાથી બે સમાંતર જૂથો રચવા માટે ધોરણ-10 પ્રથમ કસોટીના પરીણામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ધોરણ-10ની પ્રથમ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે વિદ્યાર્થીઓને ચઢતા ક્રમમાં ગોઠવવામાં આવેલ. બે જૂથ નકકી કર્યા, નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથ. ધોરણ-10 પ્રથમ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે પહેલા ક્રમના વિદ્યાર્થીને નિયંત્રિત જૂથમાં અને બીજા ક્રમના વિદ્યાર્થીને પ્રાયોગિક જૂથમાં આમ ક્રમિક રીતે એક પછી એક વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચી જૂથને સમાંતર કરવામાં આવ્યાં. નિયંત્રિત જૂથમાં પરંપરાગત પદ્ધતિથી અને પ્રાયોગિક જૂથમાં વિશિષ્ટ પદ્ધતિ દ્વારા અધ્યાપન કાર્ય કરવામાં આવેલ.

પાંચમા  દિવસે ઉત્તર કસોટી લેવામાં આવી. ઉત્તર કસોટી કઠિન અધ્યયન નિષ્પતિ "આંતરસંબંધ કૌશલ્ય વિકસાવવું." સંબંધિત ધો-10 સામાજિક વિજ્ઞાન વિષયના પ્રકરણ " ભારતનો સાંસ્કૃતિક વારસોઃ પરંપરાઓઃ હસ્ત અને લલિતકલા" માંથી રચવામાં આવેલ કસોટી 45 ગુણની હતી અને કસોટીનો સમય 1 કલાકનો  હતો. કસોટીમાં 45 પ્રશ્નો હતા. જે બહુવિકલ્પ પ્રકારના હતા. દરેક વિધાન/પ્રશ્નની સામે ૪(ચાર) વિકલ્પો આપેલા હતા જેમાંથી સાચા વિકલ્પની સામે ✓નિશાની કરવાની હતી.

**V. માહિતીનું પૃથક્કરણ :**

પ્રાયોગિક જૂથની ઉતર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી 35.27. હતી. જયારે નિયંત્રિત જૂથની સરાસરી 30.72 હતી. બંને જૂથોના પ્રમાણિત વિચલનો અનુક્રમે 7.38 અને 9.62 હતાં. આ સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટેના ટી ગુણોતરનું મૂલ્ય 0.109 હતું.

પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથની સરાસરી વચ્ચેનો તફાવત 0.109 નો હતો. જે વિશિષ્ટ પદ્ધતિથી શિક્ષણની તરફેણમાં ન હતો. આમ, અહીં અભ્યાસની શૂન્ય ઉત્કલ્પનાનો સ્વિકાર થાય છે. આથી સંશોધન ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો હતો.

**4. પરિણામો/તારણો :**

**પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના તારણો તારવવામાં આવ્યા હતા.**

**ધોરણ ૧૦ના સામાજિક વિજ્ઞાનનો** "ભારતનો  સાંસ્કૃતિક વારસોઃ પરંપરાઓઃ હસ્ત અને લલિતકલા" એકમના શિક્ષણમા શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વિશિષ્ટ પદ્ધતિ એ પરંપરાગત પદ્ધતિ કરતાં વધારે અસરકારક રહી ન હતી

**5. સંશોધન ફલિતાર્થો :**

1) કઠિનબિંદુના સરલીકરણ માટેના પ્રયોગ ઘણી મહેનતથી તૈયાર કરવામાં આવ્યો હતો. તેમ છતા તેમની સિદ્ધિ અપેક્ષા કરતા ઓછી રહી છે. તેથી આ કઠિનબિંદુના સરલીકરણ માટે વિશેષ પ્રયોગ રચવાની જરૂર રહે છે.

2) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ શરૂઆતથી જ નોંધનીય તફાવત ધરાવતા હોય ત્યારે બંને જૂથને સમાન કરવા જરૂરી બને છે. અન્યથા ધાર્યા પરિણામો આવતા નથી.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનમાં સામાજિક વિજ્ઞાનના પાઠયપુસ્તક ધોરણ-10ના, ભારતનો  સાંસ્કૃતિક વારસોઃ પરંપરાઓઃ હસ્ત અને લલિતકલા વિષયવસ્તુના કઠિનબિંદુના સરલીકરણ માટે સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે અધ્યાપન માટે વિશિષ્ટ ઉપકરણોથી ઇન્સ્ટ્રકશન કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. આ દષ્ટિએ પ્રસ્તુત અભ્યાસ અધ્યયન–અધ્યાપન ક્ષેત્રનો હતો. ઉપરાંત ઉત્તર કસોટી દ્વારા સમગ્ર કાર્યક્રમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકનક્ષેત્રને પણ સ્પર્શતો હતો.

વર્ગખંડ વ્યવહારો માટે દશ્ય શ્રાવ્ય માધ્યમોનો ઉપયોગ કરીને વિશિષ્ટ શૈક્ષણિક પદ્ધતિથી અધ્યાપન પ્રક્રિયા વિશેષ અસરકારક બનાવી શકાય છે. તથા GAP, SAP, G-SLAS અને NAS જેવી સર્વેક્ષણાત્મક કસોટીઓ દ્વારા જુદા જુદા વિષયોના કઠિનતા મૂલ્યની તારવણી કરવામાં આવે છે. કસોટીઓ

દ્વારા મળેલી પરિણામ અનુસાર ચોકકસ કઠિનબિંદુ તારવવામાં આવે છે. તારવેલા કઠિનબિંદુઓનું સરલીકરણ કરવા માટે દરેક વિષય પ્રમાણે સંશોધનો હાથ ધરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાયોગિક જૂથ માટે દશ્ય શ્રાવ્ય માધ્યમ દ્વારા વિશેષ અધ્યાપન કાર્યક્રમની રચના કરી અને તેની અસરકારકતા ચકાસવામાં આવી છે અને આ અભ્યાસ સંબંધિત સમષ્ટિ, નમૂના પસંદગી, અભ્યાસની કાર્યરૂપ રેખા, અભ્યાસની લાક્ષણિકતાઓ અને યથાર્થતાની ચર્ચા કરવામાં આવી છે.

**સારાંશ તૈયાર કરનાર : આશાબેન ડી રાજ્યગુરૂ**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક: જૂનાગઢ ગ્રામ્ય અને માંગરોળ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**

**સંશોધાકનું નામ : આશાબેન ડી રાજ્યગુરુ**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

**1. પ્રાસ્તાવિક :**

NEP-2020 માં દર્શાવેલ નીતિઓનું અમલીકરણ શિક્ષકો દ્વારા થનારું હોય ત્યારે આ નીતિની માળખાગત બાબતોથી લઇ તેના ધ્યેય,હેતુઓ અને લક્ષ્યાંકો બાબત તેઓમાં કેટલા પ્રમાણમાં સભાનતા છે તે જાણવું ખૂબ જ જરૂરી છે.અત્રે શિક્ષકોની સભાનતાનું પ્રમાણ જાણવા માટે સંશોધક દ્વારા NEP-2020 આધારિત પ્રશ્નાવલિની રચના કરવામાં આવેલ છે. જે દ્વારા NEP-2020ના અમલીકરણ માટે તાલીમ તથા અનુકાર્ય અંગે યોગ્ય દિશા મળશે.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધન માટે પ્રયોજકે આ પ્રમાણે હેતુઓ નક્કી કર્યા હતા. જે હેતુઓને લક્ષમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાના અભ્યાસ માપન માટે 'NEP જાગૃતતા અંગેના માપદંડ'ની સંરચના કરવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલુકા અનુસાર NEP જાગૃતતા અંગેનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા અનુસાર NEP જાગૃતતા જાણવી. .
- પ્રાથમિક શાળાના શિક્ષકોની વિભાગ અનુસાર NEP જાગૃતતા જાણવી.

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી.

- પ્રાથમિક શાળાના શિક્ષકોના તાલુકા (જૂનાગઢ ગ્રામ્ય અને માંગરોળ) અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના વિભાગ (નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક) અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના અભ્યાસ અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

- પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા(પુરુષ અને સ્ત્રી) અનુસાર તેઓની NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની શાળામાં શૈક્ષણિક અનુભવ અનુસાર તેઓની NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**3. પદ્ધતિ :**

**a. અભ્યાસની રૂપરેખા :**

**b. નમૂનો :**

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ ગ્રામ્ય અને માંગરોળ તાલુકાની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2022-23 દરમિયાન અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, કુલ 180 શાળાઓના 885 શિક્ષકો વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતાં.આ સંશોધનમાં સંશોધકે વ્યાપવિશ્વના તમામ પાત્રોને નમૂનામાં સમાવેશ કર્યો હતો. કારણ કે માહિતી પ્રાપ્તિ ટેકનોલોજી દ્વારા હતી. અહીં વ્યાપવિશ્વ એ જ નમૂનો છે.

**c. ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસની જરુરિયાતને ધ્યાનમાં રાખીને સંશોધકે શિક્ષક NEP-2020 પ્રશ્નાવલિની રચના કરી હતી. ઉપકરણ રચનામાં નીચે મુજબના સોપાનોને અનુસરવામાં આવ્યા હતા. પ્રયોજકે પ્રસ્તુત સંશોધનમાં NEP-2020 જાગૃતતા માપદંડમાં પ્રતિચાર આપનાર શિક્ષકની સામાન્ય માહિતી અને કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ 40 વિધાનો આપવામાં આવ્યા હતા. જેમાં ત્રણ વિકલ્પ આપવામાં આવ્યા હતા. જેમાંથી એક સાચો વિકલ્પ પસંદ કરવાનો હતો.

**d. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રયોજકે NEP-2020 જાગૃતતા માપદંડ પર પ્રતિભાવ મેળવવા એક GOOGLE FORM વિકસાવવામાં આવ્યું હતું. જેની LINK બનાવી હતી. પ્રયોજકે પ્રાથમિક શાળાઓ માટે BRC CO. અને CRC CO. ને રૂબરૂ મળી પોતાના સંશોધનકાર્ય અંગેનો હેતુ સ્પષ્ટ કરી NEP-૨૦૨૦ જાગૃતતા માપદંડ પર માહિતી એકત્રિત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું.પ્રયોજકે પોતે અને BRC CO.અને CRC CO. દ્વારા નમૂનાની શાળાઓમાં રૂબરૂ જઈને પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પ્રસ્તુત સંશોધન કાર્ય તેમજ NEP-2020 જાગૃતતા માપદંડમાં વિશે GOOGLE FORM ની LINK અને જરૂરી માહિતી આપી. આમ, NEP-2020 જાગૃતતા માપદંડ પર પ્રતિચારો ONLINE જ મેળવવામાં આવ્યા હતા. આ અંગે શિક્ષકોએ આપેલા પ્રતિભાવો ગૂગલ ફોર્મ પરથી MSEXCEL SHEET માં મેળવી તેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા. ગુગલ ફોર્મના આધારે જણાયુ હતુ કે જૂનાગઢ ગ્રામ્ય તાલુકાની કુલ 164 અને માંગરોળ કુલ 149 એમ એકંદરે કુલ 313 શિક્ષકોના પ્રતિચારો પ્રાપ્ત થયા હતા. જેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા.

**e. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવેલ અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે.

- સરાસરી
- પ્રમાણ વિચલન
- t – test
- વિધાન અનુસાર ટકાવારી

ઉપર્યુકત મુદ્દાઓના અનુસંધાનમાં બંને શાળાઓમાંથી મળેલ માહિતી પરથી અસરકારકતાની ચકાસણી કરવામાં આવી હતી.પ્રશ્નનાવલિના સાચા જવાબ માટે 1 પોઈન્ટ અને ખોટા જવાબ માટે 0 પોઈન્ટ ગણવામાં આવેલ હતો.વિધાન અનુસાર ટકાવારી સાચા વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "સાચા" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.જેમાં સાર્થકતા ચકાસવા માટે ટી- કસોટીનો ઉપયોગ કરેલ જેમાં ટી- કસોટીની સારણી મુજબ 0.05 કક્ષાએ સાર્થકતા મુલ્ય 1.96 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. અને 0.01 કક્ષાએ સાર્થકતા મુલ્ય 2.58 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. તેની ચર્ચા પ્રકરણ-4 માં વિગતે કરવામાં આવી છે.વિધાન અનુસાર ટકાવારી MS EXCELમાં ફોર્મ્યુલા=(કુલ હકારાત્મક પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે વિધાન અને શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

1- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 શિક્ષણ માળખામાં નવી પેટર્નથી પરિચિત છે.

2- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 3 થી ૬ વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

3- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 6 થી 8 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

4- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 8 થી 11 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તેની જાણકારીનો અભાવ જોવા મળે છે.

5- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 11 થી 14 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ જોવા મળે છે.

6- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો ઘરની ભાષા અને શાળાની ભાષા અલગ હોય તેવા બાળકો માટે દ્વિભાષા મુજબનો અભિગમ ઉપયોગમાં લેવાશે એ બાબતથી પરિચિત નથી

7- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને ' એક ભારત શ્રેષ્ઠ ભારત ' અંતર્ગત ધો. ૬ થી ૮ માં ભારતની ભાષાઓ પર કઇ પ્રવૃતિ આપવી તેનો ખ્યાલ નથી

8- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને સંસ્કૃતને ધ્વનિ અને ઉચ્ચારણના માધ્યમથી કયા સ્ટેજ પર શિખવવામાં આવશે તે બાબતનો ખ્યાલ નથી.

9- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મિડલ સ્કૂલના તબકકામા કઇ  પ્રવૃતિ શરુ થશે તેનો ખ્યાલ છે.

10- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ધો. 6 થી 8 માં ક્રિયા દ્વારા શિક્ષણ માટે કઇ પ્રવૃતિ હાથ ધરાશે તેનો ખ્યાલ નથી.

11- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ધો. 6 થી 12માં વેકેશન દરમિયાન કઇ સુવિધા પૂરી પડશે તેનો ખ્યાલ નથી.

12- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  મૂલ્યાંકનનો પ્રાથમિક ઉદેશ્ય શિક્ષક, વિધાર્થી, શાળા પ્રણાલીને સાથે રાખીને કઇ  રીતે  શિક્ષણ આપવાનો પ્રયાસ રહેશે તે બાબતનો ખ્યાલ નથી.

13- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શું લાગુ પડતું નથી તે બાબતનો  શિક્ષકોને ખ્યાલ છે.

14- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ધો.3 માં શાના આધારે પરીક્ષણ કરાશે તેનો ખ્યાલ નથી.

15- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં NEP-2020માં શિક્ષણ સંદર્ભે શિખવવાની કઇ બાબત પર ભાર મૂકવામાં આવે છે તેનો ખ્યાલ છે.

16- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  કયા સ્ટેજમાં  ફરજિયાત માતૃભાષા શિક્ષણ હોવું જોઇએ તેનો ખ્યાલ નથી.

17- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ફાઉન્ડેશનલ સ્ટેજનો અભ્યાસક્રમ કેવો હશે તેનો ખ્યાલ નથી.

18- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં પ્રિપરેટરી સ્ટેજમાં જુદા જુદા વિષયોમાં શેના પર ભાર મૂકવામાં આવશે તેનો ખ્યાલ નથી.

19- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  મિડલ સ્ટેજમાં જુદા જુદા વિષય મુખ્યત્વે શાના આધારે શિખવાય છે તેનો ખ્યાલ નથી.

20- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  સેકન્ડરી સ્ટેજમાં વિષય પસંદગી અંગે શી જોગવાઇ છે તેનો ખ્યાલ નથી.

21- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  બાળકોના સર્વાંગી વિકાસ સંદર્ભે ગોખણપટીના બદલે શાના પર ભાર મૂકાયો છે તેનો ખ્યાલ છે.

22- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ફાઉન્ડેશનલ સ્ટેજમા ભાષાઓનું શિક્ષણ કઇ પદ્ધતિથી આપવું જોઇએ તેનો ખ્યાલ નથી.

23- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ખામી ધરાવતા વિધાર્થીઓ માટે કઇ લેંગ્વેજ અસ્તિત્વમાં છે તેનો ખ્યાલ નથી.

24- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 મુજબ શિક્ષણતંત્રમાં એકસુત્રતા એટલે.....શું તેનો ખ્યાલ નથી.

25- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવી છે  તેનો ગુજરાતી અનુવાદ કઇ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે તેનો ખ્યાલ નથી.

26- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ શિક્ષણમાં વિષયવસ્તુમાં વધારો કરવાની જગ્યાએ અધ્યાપન શાસ્ત્ર એવું હોવું જોઇએ કે શિક્ષણ પ્રક્રિયા...કેવી હોવી જોઇએ તેનો ખ્યાલ નથી. .

27- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ શેના આધારે નકકી થઇ છે તેનો ખ્યાલ નથી.

28- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં કઇ બાબત રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં નથી તેનો ખ્યાલ છે.

29- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં કેટલા વર્ષો પછી ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિની ઘોષણા કરવામાં આવી તેનો ખ્યાલ નથી.

30- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ ની મસૌદા સમિતિ(Drafting committi) ના અધ્યક્ષ કોણ છે તેનો ખ્યાલ નથી.

31- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ અનુસાર વોકેશનલ કોર્સ કયા ધોરણથી શરુ કરવામાં આવશે તનો ખ્યાલ નથી.

32- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦માં મિશન માધ્યમથી FLN (પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન) ને કયા વર્ષ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ નથી.

33- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ -૨૦૨૦નો અમલ કરનાર પહેલું રાજય કયુ છે તેનો ખ્યાલ નથી.

34- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ કોણે તૈયાર કરી છે તેનો ખ્યાલ નથી.

35- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં કેટલા વર્ષ સુધીના બાળકોને RTE-2009 માં સમાવવામાં આવશે તેનો ખ્યાલ નથી.

36- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ માં ૩ થી ૧૮ વર્ષની ઉમરના પ્રત્યેક બાળકને ગુણવતાયુકત શિક્ષણ કયા વર્ષ સુધીમાં પુર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ નથી.

37- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણને સાર્વત્રિક રીતે ઉપલબ્ધ બનાવવા શું સાચુ નથી તેનો ખ્યાલ નથી.

38- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને શિક્ષણ વ્યવસ્થામાં થઇ રહેલા મૂળભૂત પરિવર્તનના કેન્દ્રમાં અવશ્યપણે કોણ હોવું જોઇએ તેનો ખ્યાલ નથી.

39- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના ઉદેશ શું છે તેનો ખ્યાલ છે.

40- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં ધોરણ ૫ સુધીનું શિક્ષણ કઇ ભાષામાં રાખવામાં આવશે તેનો ખ્યાલ નથી.

41- જૂનાગઢ ગ્રામ્ય અને માંગરોળ પ્રાથમિક શાળાના  શિક્ષકોના NEP જાગૃતતાના માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે , જૂનાગઢ ગ્રામ્ય અને માંગરોળ પ્રાથમિક શાળાના શિક્ષકોના NEP જાગૃતતાના પ્રાપ્તાંકોમાં  સમાનતા જોવા મળી હતી.

42- પ્રાથમિક શાળાના  શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક  શિક્ષકોના NEP જાગૃતતાના માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના શિક્ષકો અને  ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના NEP જાગૃતતાના પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

43- પ્રાથમિક શાળાના પીટીસીની લાયકાત ધરાવતા શિક્ષકો બીએડની લાયકાત ધરાવતા શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના  પીટીસીની લાયકાત  ધરાવતા શિક્ષકો બીએડની લાયકાત ધરાવતા શિક્ષકોની  NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

44- પ્રાથમિક શાળાના પુરુષ  શિક્ષકો અને સ્ત્રી શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના  પુરુષ  શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોની  NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

45-  પ્રાથમિક શાળાના 10 વર્ષથી ઓછો અનુભવ  ધરાવતા શિક્ષકો 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના  પ્રાથમિક શાળાના 10 વર્ષથી ઓછો અનુભવ  ધરાવતા શિક્ષકો 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોની  રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતા જાણવા માટે પ્રયાસ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસના અંતે પ્રયોજકે આ પ્રમાણેના ફલિતાર્થો  રજૂ કર્યા હતા.પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

1 રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતાને અભ્યાસ, જાતીયતા,વિભાગ કે શૈક્ષણિક અનુભવ સાથે કોઈ સંબંધ નથી.

2.શિક્ષકોના વિવિધ સમયે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતામાં ફેરફાર થતા હોવાથી થોડા થોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.

3.આધુનિક યુગમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની જાગૃતતા લાવવી ખૂબ જરુરી છે. આથી શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની બાબતોથી જાગૃત રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસમાં  પ્રાથમિક શાળાના શિક્ષકોમા NEP જાગૃતતાનો અભ્યાસ કરવાનો હોવાથી, પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર 'પ્રાથમિક શિક્ષણ',શૈક્ષણિક માપન મૂલ્યાંકન,મૂલ્ય શિક્ષણ અને કેળવણી-સમાજપરિવર્ત - નામનાં સંશોધન ક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય.

**સારાંશ તૈયાર કરનાર : આશાબેન ડી રાજ્યગુરૂ**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય :ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક : ધોરણ ૨ વાંચન સુધારણા કાર્યક્રમની અસરકારકતા**

**ભાષા : ગુજરાતી**

**સંશોધાકનું નામ : આશાબેન ડી રાજ્યગુરૂ**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

1. **પ્રાસ્તાવિક :**

ભાષા શિક્ષણમાં ચાર પાયાના કૌશલ્યો પૈકી વાંચન એ એક અગત્યનું કૌશલ્ય છે. દરેક બાળક વાક્યોને યોગ્ય રીતે અને સમજ સાથે વાંચે તે જરૂરી છે. પ્રવર્તમાન સમયમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ યોગ્ય રીતે વાંચન કરી શકે છે કે નહિ? વિદ્યાર્થી વાંચન કરે છે તો તે મૂળાક્ષરનું વાચન કરે છે? શબ્દનું વાંચન કરે છે ? કે પછી વાક્યનું વાંચન કરે છે? અને જો શબ્દ કે વાક્યનું વાંચન કરી શકે છે તો તે અર્થગ્રહણ સાથે વાંચન કરી શકે છે કે નહિ ?, જે જાણવું ખુબ જરૂરી હતું. આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખીને ગુજરાતની પ્રાથમિક શાળાનાં ધોરણ 2નાં વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતા જાણી તેના માટે સુધારાલક્ષી કાર્યક્રમની રચના કરી પરિણામ જાણવાનાં હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

2. **સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

**હેતુઓ-**

1. વિદ્યાર્થીઓની વાચનની ક્ષમતાનો અભ્યાસ કરવો.
2. વાંચન વિકાસ માટેની પ્રવૃતિઓ નકકી કરવી.
3. વાંચન કાર્યક્રમનું મૂલ્યાકન કરવું.

**ઉત્કલ્પના-**

પ્રસ્તુત સંશોધનના અભ્યાસ પ્રશ્નો આ મુજબ છે.

1. ધોરણ 2ના વાંચનમાં નબળા વિધાર્થીઓમાંથી કેટલા ટકા વિદ્યાર્થીઓ અક્ષરવાચક હશે ?
2. ધોરણ 2ના વાંચનમાં નબળા વિધાર્થીઓમાંથી કેટલા ટકા વિદ્યાર્થીઓ શબ્દવાચક હશે ?
3. ધોરણ 2ના વાંચનમાં નબળા વિધાર્થીઓમાંથી કેટલા ટકા વિદ્યાર્થીઓ વાકયવાચક હશે ?
4. ધોરણ 2ના કેટલા ટકા વિધાર્થીઓએ અક્ષરવાચક ક્ષમતામાંથી શબ્દવાચક ક્ષમતા કેળવી હશે ?
5. ધોરણ 2ના કેટલા ટકા વિધાર્થીઓએ અક્ષરવાચક ક્ષમતામાંથી વાકયવાચક ક્ષમતા કેળવી હશે ?
6. ધોરણ 2ન કેટલા ટકા વિધાર્થીઓએ શબ્દવાચક ક્ષમતામાંથી વાકયવાચક ક્ષમતા કેળવી હશે ?

3. **પદ્ધતિ :**

**a. અભ્યાસની રૂપરેખા :**

**b. નમૂનો :**

પ્રસ્તુત સંશોધન માટે જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ ગ્રામ્ય તાલુકાની આઠ સરકારી પ્રાથમિક શાળાયાદચ્છિક રીતે પસંદ કરેલ છે.વર્ષ 2022-23 માં અભ્યાસ કરતા ધો.2 માં અભ્યાસ કરતા કક્ષામુજબના વાંચનમાં નબળા તમામ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવેલ છે.

**c. ઉપકરણ :**

પ્રસ્તુત અભ્યાસમાં વાંચન સુધારણા કાર્યક્રમની અસરકારકતા તપાસવાની હતી. આ માટે પ્રયોજક દ્વારા વાંચન ક્ષમતા તપાસવા માટે સંશોધક રચિત એકમ કસોટીની રચના કરવામાં આવી હતી.

1. શબ્દ વાંચન કરો. (માત્ર અક્ષરવાળા શબ્દો)
2. શબ્દ વાંચન કરો. (બારાક્ષરી સાથેના શબ્દો)
3. શબ્દ વાંચન કરો. (જોડીયા અક્ષરવાળા શબ્દો)
4. વાકય વાંચન કરો.
5. ફકરો વાંચીને જવાબ આપો.

**d. માહિતી એકત્રીકરણની રીત :**

સંશોધક દ્વારા પસંદ થયેલી શાળામાં રૂબરૂજઇને વિદ્યાર્થીઓ પાસે વ્યક્તિગત વાંચન કરાવી,વાંચનમાં નબળા વિધાર્થીઓને અલગ તારવવામાં આવ્યા. શિક્ષકને આપેલી ગાઇડલાઇન મુજબ અક્ષરવાચક,શબ્દવાચક અને વાકય વાચકમાં નબળા બાળકો અલગ તારવવામાં આવ્યા હતા.જેમાં તેમણે ફેબ્રુઆરી મહિના સુધીના હાજરીના દિવસો, વિધાર્થી નબળા હોવાનું કારણ અને બાળક અક્ષરવાચક, શબ્દવાચક કે વાકયવાચક છે તેની માહિતીપૂરી પાડી હતી.

શિક્ષકશ્રીને વાંચન સુધારણા કાર્યક્રમની સમજ આપવામાં આવી હતી. શિક્ષકે શાળાના સમય દરમિયાન પ્રાર્થના પછીના એક કલાક વિવિધ પ્રવૃતિઓ દ્વારા બે જૂથમાં વાંચન કરાવવાનું હતું. શિક્ષકે કાર્યક્રમ અમલમાં મૂકવાની તારીખથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધીની વિધાર્થીઓની હાજરીની માહિતી આપી હતી. કાર્યક્રમના દરેક દિવસે કઇ પ્રવૃતિ દ્વારા વાંચન કરાવવામાં આવ્યુ તેની માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમ પૂર્ણ થયા બાદશિક્ષક દ્વારા પસંદિત નબળા વિધાર્થીઓની સંશોધક રચિત ધો. ૨ ના ગુજરાતીના આધારે તૈયાર કરવામાં આવેલી પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી હતી. તેમા મેળવેલ ગુણને આધારે કેટલા વિધાર્થીઓ અક્ષરવાચકમાંથી શબ્દ વાચકમાં, કેટલા વિધાર્થીઓ શબ્દવાચકમાંથી વાકયવાચકમાંઅને કેટલા વિધાર્થીઓ વાકયવાચકમાંથી અર્થપૂર્ણ વાકય વાચકમાં ગયા તે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ.વિધાર્થીઓએ મેળવેલ ગુણ પત્રક પરિશિષ્ટમાં સામેલ છે. પ્રસ્તુત સંશોધનમાં ધો. ૨માં વાંચનમાં નબળા કુલ 80 વિદ્યાર્થીઓ લેવામાં આવેલા.

**e. માહિતીનું પૃથક્કરણ :**

સંશોધક દ્વારા શિક્ષક પાસેથી મળેલ માર્કશીટના આધારે શિક્ષક દ્વારાઅક્ષરવાચક,શબ્દ વાચક અને વાકય વાચક છે તે તારવણી યોગ્ય રીતે થઇ છે કે કેમ તે ચકાસવામાં આવ્યુ. જેમાં 10 ગુણ સુધી માર્કસ મેળવ્યા હોય તો અક્ષરવાચક, 10 થી 30 સુધી ગુણ મેળવ્યા હોય તો શબ્દવાચક અને 30 થી વધુ ગુણ મેળવ્યા હોય તો વાકયવાચક એમ કક્ષામાં મૂકવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિધાર્થીની શાળામાં વર્ષ દરમિયાન અને કાર્યક્રમ દરમિયાન હાજરીની વિગતો પણ જાણવામાં આવી હતી. અભ્યાસના હેતુ અનુસાર માહિતીનું પૃથકકરણ ટકાવારી દ્વારા કરવામાં આવ્યું હતું..

**4. પરિણામો/તારણો :**

(1) અક્ષરવાચક વિધાર્થીઓની ટકાવારી 62.50 છે. આથી કહી શકાય કે વાંચનમાં નબળા વિધાર્થીઓમાંથી અક્ષરવાચક બાળકોની સંખ્યા સૌથી વધારે છે.

(2) શબ્દવાચક વિધાર્થીઓની ટકાવારી 37.50 છે. આથી કહી શકાય કે વાંચનમાં નબળા વિધાર્થીઓમાંથી શબ્દવાચક વિધાર્થીઓની સંખ્યા અક્ષરવાચક વિધાર્થીઓની સંખ્યા કરતા ઓછી છે.

(3) અક્ષરવાચક વિધાર્થીઓની ટકાવારી 00.00 છે. આથી કહી શકાય કે વાંચનમાં નબળા વિધાર્થીઓમાં વાકય વાચક વિધાર્થીઓ નથી.

(4) અક્ષરવાચકમાંથી શબ્દવાચકમાં જતા  વિધાર્થીઓની ટકાવારી 50.00 છે. આથી કહી શકાય કે 50.00 ટકા વિધાર્થીઓ અક્ષરવાચનમાંથી શબ્દવાચન તરફ આગળ વધ્યા.

(5) અક્ષરવાચકમાંથી વાકયવાચકમાં જતા  વિધાર્થીઓની ટકાવારી 2.00 છે. આથી કહી શકાય કે માત્ર 2.00 ટકા વિધાર્થીઓ અક્ષરવાચનમાંથી વાકયવાચન તરફ આગળ વધ્યા.

(6) શબ્દવાચકમાંથી વાકયવાંચકમાં જતા વિધાર્થીઓની ટકાવારી 20.00 છે. આથી કહી શકાય કે 20.00 ટકા વિધાર્થીઓ શબ્દવાચનમાંથી વાકયવાંચન તરફ આગળ વધ્યા.

(7) અક્ષરવાચન અને શબ્દવાચનમાં સ્થિર રહેતા વિધાર્થીઓની અનિયમિત ગેરહાજરી,લાંબી ગેરહાજરી, ગ્રહણશકિત મંદ, ભૂલી જવું, અભ્યાસમાં ધ્યાન ન આપવું તેવા કારણો જણાયા.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ મુજબ છે.

- પ્રસ્તુતઅભ્યાસ મુખ વાચન ક્ષમતા માપનનો હતો. વિધાર્થીઓમાં વખતોવખત વાંચન ક્ષમતામાં વધારો કરવા માટે આવા અભ્યાસ હાથ ધરવા જોઇએ.
- વિધાર્થી ધોરણ –2 માં યોગ્ય વાંચન કૌશલ્ય કેળવે તે ખૂબ મહત્વનું છે. આથી શિક્ષક દ્વારા વિધાર્થીઓમાં વાંચન વિકસે તેવા પ્રયત્નો કરવા જોઇએ.
- શિક્ષક દ્વારા સતત અનિયમિત રહેતા વિધાર્થીઓનો વાલી સંપર્ક થવો જોઇએ. આવા વિધાર્થીઓને જાહેરમાં ઠપકો ના આપી, સતત પ્રેરણા અને પ્રોત્સાહન આપવું જોઇએ.
- વાંચનમાં નબળા બાળકોને નિયમિત રીતે શિક્ષક તથા સહપાઠી દ્વારા વાંચનકાર્ય થવું જોઇએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

સંશોધનની સમસ્યા પસંદ કરવા માટે શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રો વિશેનો અભ્યાસ કરવો અગત્યનો છે. કોઇ એક વિશિષ્ટ ક્ષેત્રના આધારે સમસ્યા પસંદ કરી શકાય છે. National Council of Educational and Training (2000)દ્વારા પ્રસ્તુત Fifth Survey of Educational Research માં 38 જેટલા શૈક્ષણિક સંશોધનદર્શાવ્યા છે.જે પૈકી પ્રસ્તુત સંશોધનને સ્પર્શતા ક્ષેત્રો નીચે પ્રમાણે હતા.

૧-પ્રાથમિક શિક્ષણ

૨-શૈક્ષણિક વ્યવસ્થાપન અને સંચાલન

૩-શિક્ષણનું મનોવિજ્ઞાન

૪-ભાષા શિક્ષણ

**સારાંશ તૈયાર કરનાર : આશાબેન ડી રાજ્યગુરૂ**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય :ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક : જૂનાગઢ જિલ્લાના ધોરણ 3 થી 8 ના અક્ષરવાચક વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**

**સંશોધાકનું નામ : આશાબેન ડી રાજ્યગુરૂ**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

## 1.0 પ્રાસ્તાવિક

દરેક બાળક વાક્યોને યોગ્ય રીતે અને સમજ સાથે વાંચે તે જરૂરી છે. પ્રવર્તમાન સમયમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ યોગ્ય રીતે વાંચન કરી શકે છે કે નહિ? વિદ્યાર્થી વાંચન કરે છે તો તે મૂળાક્ષરનું વાચન કરે છે? શબ્દનું વાંચન કરે છે ? કે પછી શબ્દનું વાંચન કરે છે? અને જો શબ્દ કે શબ્દનું વાંચન કરી શકે છે તો તે અક્ષરવાચન સાથે વાંચન કરી શકે છે કે નહિ ?, જે જાણવું ખુબ જરૂરી હતું. આ જાણ્યા બાદ વાચન ક્ષમતા કાર્યક્રમનું અમલીકરણ કર્યા બાદ વિદ્યાર્થીઓની પ્રગતિ ચકાસવી જરૂરી છે, આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખીને ગુજરાતની પ્રાથમિક શાળાનાં ધોરણ 3 થી 8 નાં અક્ષરવાચક વિદ્યાર્થીઓની, વાંચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતા જાણવાનાં હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

## 1.1 સમસ્યા કથન

પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવ્યું હતું.

**"જૂનાગઢ જિલ્લાના ધોરણ 3 થી 8 ના અક્ષરવાચક વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ"**

## 1.2 અભ્યાસના હેતુઓ

1 ધોરણ 3 થી 8 ના અક્ષરવાચક વિદ્યાર્થીઓની ઓળખ કરવી.

2 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષરવાચક વિદ્યાર્થીઓમાંથી શબ્દ વાચન કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી જાણવી.

3 જૂનાગઢ જિલ્લામાં ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓમાંથી અક્ષરવાચન કરી શકતા વિદ્યાર્થીની ધોરણવાર સિદ્ધિ જાણવી.

4 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષરવાચક વિદ્યાર્થીઓમાંથી શબ્દ વાચન કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી જાણવી.

5 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીની પ્રવૃતિવાર સિદ્ધિ જાણવી.

6 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષરવાચક વિદ્યાર્થીઓને લાગતો સરેરાશ સમય જાણવો.

7 જૂનાગઢ જિલ્લામાં ધોરણ 3 થી 8 ના અક્ષરવાચક વિદ્યાર્થીઓને લાગતો સરેરાશ સમય જાણવો.

8 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાથીઓને કરાવેલા મહાવરાની ટકાવારી જાણવી.

9 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત પ્રવૃતિવાઇઝ વિદ્યાથીઓને કરાવેલા મહાવરાની ટકાવારી જાણવી.

10 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ જાણવી.

11 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત ધોરણવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ જાણવી.

12 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત પ્રવૃતિવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ જાણવી.

13 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષરવાચક વિદ્યાર્થીઓમાંથી શબ્દવાચન કરી શકતા વિદ્યાર્થીની જાતિયતા અનુસાર ટકાવારી જાણવી.

14 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષરવાચક વિદ્યાર્થીઓમાંથી શબ્દ વાચન કરી શકતા વિદ્યાર્થીની તાલુકા અનુસાર ટકાવારી જાણવી.

## 1.3 અભ્યાસની ઉત્કલ્પના

પ્રસ્તુત સંશોધનના અભ્યાસ પ્રશ્નો આ મુજબ છે.

1. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષર વાચક વિદ્યાર્થીઓમાંથી શબ્દવાચન કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી કેટલી હશે ?

2. જૂનાગઢ જિલ્લામાં ધોરણ ૩ થી 8 ના વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓમાંથી શબ્દ વાચન કરી શકતા વિદ્યાર્થીની ધોરણવાર સિદ્ધિ કેટલી હશે ?
3. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષર વાચક વિદ્યાર્થીઓમાંથી શબ્દ વાચન કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી કેટલી હશે ?
4. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીની પ્રવૃતિવાર સિદ્ધિ કેટલી હશે ?
5. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષરવાચક વિદ્યાર્થીઓને લાગતો સરેરાશ સમય કેટલો હશે ?
6. જૂનાગઢ જિલ્લામાં ધોરણ ૩ થી 8 ના અક્ષરવાચક વિદ્યાર્થીઓને લાગતો સરેરાશ સમય કેટલો હશે ?
7. જૂનાગઢ જિલ્લામાં વાચનક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાથીઓને કરાવેલા મહાવરાની ટકાવારી કેટલી હશે
8. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત પ્રવૃતિવાઇઝ વિદ્યાથીઓને કરાવેલા મહાવરાની ટકાવારી કેટલી હશે ?
9. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ કેટલી હશે ?
10. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત ધોરણવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ કેટલી હશે ?
11. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત પ્રવૃતિવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ કેટલી હશે ?
12. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષરવાચક વિદ્યાર્થીઓમાંથી અક્ષરવાચન કરી શકતા વિદ્યાર્થીની જાતિયતા અનુસાર ટકાવારી કેટલી હશે ?
13. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષરવાચક વિદ્યાર્થીઓમાંથી અક્ષરવાચન કરી શકતા વિદ્યાર્થીની તાલુકા અનુસાર ટકાવારી કેટલી હશે ?

**1.4** સંશોધન પ્રકારઃ-

સંશોધન એ વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરતું કાર્ય છે. અને તેને જે તે ક્ષેત્રમાંથી ઉપસ્થિત થયેલ અર્થપૂર્ણ સમસ્યાનાં વ્યવસ્થિત, વસ્તુલક્ષી અને અનુભવની એરણ પર ચકાસી શકાય તેવા ઉકેલ સાથે સંબંધ છે. તેનું સ્વરૂપ કે પ્રકાર સંબંધિત પ્રશ્નોનાં સ્વરૂપ પ્રમાણે બદલાય છે.

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ 3 થી 8 ના અક્ષરવાચક વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતા જાણવાનો હેતુ હોવાથી પ્રસ્તુત સંશોધન વ્યવહારિક પ્રકારનું સંશોધન છે.

**1.5** અભ્યાસમાં સમાવિષ્ટ ચલઃ-

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે નીચેના ચલોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

સ્વતંત્ર ચલઃ-

- વાચન સુધારણા કાર્યક્રમમાં કરાવવામાં આવેલ પ્રવૃતિ- 1 થી 11
- જાતીયતા- કન્યા અને કુમાર
- ધોરણ- 3 થી 8
- મહાવરાની સંખ્યા -1 થી 4
- પ્રવૃત્તિ પૂર્ણ કરવા માટે લીધેલ સમય
- તાલુકા : જૂનાગઢ જિલ્લાના 10 તાલુકા

2 પરતંત્ર ચલઃ-

વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમમાં મેળવેલ સિદ્ધિ

3. અંકુશિત ચલ

પ્રસ્તુત અભ્યાસમાં અંકુશિત ચલો આ પ્રમાણે હતા.

3.1 વિસ્તાર

3.2 શાળાનું પર્યાવરણ

4. આંતરવર્તી ચલ : પ્રસ્તુત અભ્યાસમાં આંતરવર્તી ચલ તરીકે અભિરુચિ તેમજ વલણનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## 1.6 અભ્યાસનું મહત્વ

આ અભ્યાસ કોને કોને અને કેવી રીતે મદદરૂપ બની શકે કે બાબત તેનું મહત્વ સૂચવે છે.

- વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતા જાણવા માટે આ સંશોધન ઉપયોગી બનશે.

**1.7** સંશોધનનું વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજયના જૂનાગઢ જિલ્લાની ગુજરાતી માધ્યમની સરકારી શાળાઓના ધો 3 થી 8 (વર્ષ – 2022 – 23)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ થાય છે.

**1.8** નમૂના પસંદગી :

પ્રસ્તુત સંશોધન માટે જૂનાગઢ જિલ્લાની તાલુકાદીઠ એક સરકારી શાળાના માં ધોરણ 3 થી 8 માં વર્ષ 2022-23 માં અભ્યાસ કરતા શાળાદીઠ 12 એમ કુલ 120 વિદ્યાર્થીઓનો નમુના તરીકે સમાવેશ કરવામાં આવેલ.

1.9 સંશોધનનાં ક્ષેત્રો :

પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક શિક્ષણ અને ભાષા શિક્ષણનાં ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

**1.10** સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત અભ્યાસમાં જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતાનું માપન કરવાનું હોય પ્રસ્તુત સંશોધન વ્યવહારિક પ્રકારનું સંશોધન છે.

## 1.11 સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનએ પ્રાયોગિક પદ્ધતિ પર આધારિત છે.

## 1.12 ઉપકરણ વિગત :

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ મુખ વાચન સુધારણા કાર્યક્રમની અસરકારકતા કાર્યક્રમના મોડ્યુલનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવેલ હતો. જેની ધોરણ 3 થી 5 ના ઉપકરણની વિગત સારણી 3.2 માં આપેલ છે.

સારણી 3.2

| ક્રમ | પ્રવૃતિ ક્રમ | ઉદા. ક્રમાંક | મહત્તમ કુલ ગુણ |
|---|---|---|---|
| 1 | 1 | 1 to 6 | 6 |
| 2 | 2 | 1 to 65 | 65 |
| 3 | 3 | 1 to 279 | 279 |
| 4 | 4-A | 1 to 94 | 94 |
| 5 | 4-B | 1 to 75 | 75 |
| 6 | 5 | 1 to 20 | 20 |
| 7 | 6 | 1 to 20 | 20 |
| 8 | 7 | 1 to 20 | 20 |
| 9 | 8 | 1 to 5 | 5 |
| 10 | 9 | 1 to 6 | 6 |
| 11 | 10 | 1 to 20 | 20 |
| | | | 610 |

## 1.13 માહિતીનું એકત્રીકરણ:

જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકામાં તાલુકાદીઠ એક શબ્દવાચક માટે શાળા એમ કુલ 10 શાળા પસંદ કરવામાં આવેલ હતી. પસંદ થયેલ શાળાના ધોરણ 3 થી 5 ના ભાષાના શિક્ષક અને શાળાના આચાર્ય, અને શાળા સાથે સબંધિત CRC CO.Ordi, અને BRC CO.Ordi. ને આ સંદર્ભે તાલીમ આપવામાં આવેલ હતી. ત્યારબાદ શાળામાં શિક્ષણકાર્યની શરૂઆતમાં કુલ 15 દિવસ સુધી આપેલ ગાઈડલાઈન મુજબ મોડ્યુલમાં પ્રવૃત્તિ કરાવવામાં આવેલ અને તે અનુસંધાને કરેલ પ્રવૃત્તિઓની વિગતો ડેઈલી રીપોર્ટકાર્ડમાં નોંધવામાં આવતી હતી.

## પ્રાપ્ત માહિતી :

પ્રસ્તુત સંશોધનમાં ધો. 3 થી 8 માં વાચન ક્ષમતા માપનમાં કુલ 120 વિદ્યાર્થીઓ લેવામાં આવેલા જેમાંથી બધા દિવસ હાજર વિદ્યાર્થી 108 હતા. જેની માહિતીનો પ્રસ્તુત સંશોધનમાં ઉપયોગ કરેલ છે.

## **1.14** માહિતી પૃથક્કરણ અને અર્થઘટનની રીત :

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણીએ સંશોધનના કાર્યનું મહત્ત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે ઉપકરણની પસંદગી કરવાની સાથે જ તેના થકી પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે? તારણો મેળવવા શું કરવું પડશે ? તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે.

પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવેલ અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે.

- સરાસરી
- ટકાવારી

**1.15 તારણો**

પ્રસ્તુત અભ્યાસના આધારે આ મુજબ તારણો તારવી શકાય.

- મોટા ભાગના અક્ષરવાચક વિદ્યાર્થીઓ અક્ષરવાચન કરી શકતા હતા.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષરવાચક વિદ્યાર્થીઓમાંથી સૌથી વધુ શબ્દવાચન કરી શકતા વિદ્યાર્થીઓ હતા. જયારે વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષરવાચક વિદ્યાર્થીઓમાંથી સૌથી ઓછુ શબ્દવાચન કરી શકતા ધોરણ 5 ના વિદ્યાર્થીઓ હતા
- શબ્દવાચન કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી 69.17 છે.
- પ્રવૃતિદીઠ મહાવરો કરેલ વિદ્યાર્થીની વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીની પ્રવૃતિવાર મેળવેલ ગુણની સરેરાશમાં પ્રવૃત્તિ-8માં ઓછી સરેરાશ અને પ્રવૃત્તિ-3 માં મેળવેલ ગુણની સરેરાશ સૌથી વધુ છે.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાથીઓના કરેલા કુલ મહાવરાની ટકાવારી 1.75 છે.
- પ્રવૃત્તિ 1માં ઓછા મહાવરા અને પ્રવૃત્તિ 7 માં વધુ મહાવરા જરૂર પડેલ છે.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ 2.24 જોવા મળેલ છે.

- પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની વધુ સરેરાશ પ્રવૃત્તિ -3 માં અને ઓછી સરેરાશ પ્રવૃત્તિ-8 માં જોવા મળે છે.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત અક્ષરવાચક વિદ્યાર્થીઓમાંથી શબ્દવાચન કરી શકતા વિદ્યાર્થીઓમાં કન્યા કરતા કુમારની સરેરાશ વધુ જોવા મળેલ છે.
- અક્ષરવાચક વિદ્યાર્થીઓમાંથી શબ્દવાચન કરી શકતા વિસાવદર તાલુકામાં વધુ ટકાવારી જૂનાગઢ ગ્રામ્ય્ અને માંગરોળ તાલુકામાં ઓછી ટકાવારી જોવા મળે છે.

**1.16 શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ મુજબ છે.

- પ્રસ્તુત અભ્યાસ વાચન ક્ષમતા તપાસવા માટેનો હતો. જેમાં વાચન ક્ષમતા અને તાલુકાની અસર જોવા મળી હતી.

**1.17 ભલામણો**

પ્રસ્તુત અભ્યાસની ભલામણો આ મુજબ છે.

- વાચન ક્ષમતાનો અભ્યાસ માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને કોલેજ કક્ષાએ કરી શકાય.
- પ્રસ્તુત અભ્યાસમાં ધો. 3 થી 5 અને ધો.6 થી 8 માં એક જ ટૂલનો ઉપયોગ થયેલો છે, તે ધોરણ પ્રમાણે અલગ લઇ અભ્યાસ કરી શકાય.

**સારાંશ તૈયાર કરનાર : આશાબેન ડી રાજ્યગુરૂ**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક : ધોરણ પાંચના ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ M-512ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા**

**ભાષા : ગુજરાતી**

**સંશોધકનું નામ : આશુતોષભાઈ વ્યાસ**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

1. **પ્રાસ્તાવિક :**

પ્રસ્તુત સંશોધનને સાંકળીને NASની કામગીરીને વધુ સઘન અને અસરકારક બનાવવા માટે ગુજરાત રાજયમાં GCERT દ્વારા તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં NASના સંદર્ભમાં આ સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે. અને તેમાં પણ જે કઠિન અધ્યયન નિષ્પત્તિઓ છે તે શા માટે વિદ્યાર્થીઓને કઠિન લાગી છે તેના કારણો તપાસી આ કઠિનતાને સરલીકૃત કાર્યક્રમ દ્વારા વિધાર્થીની કક્ષાએ વધુ સુગ્રાહય બનાવવા માટેનો કાર્યક્રમ તૈયાર કરીને પ્રાયોગિક સંશોધન દ્વારા એ બતાવવાનું છે કે સરલીકૃત અભિગમ કઇ રીતે વધારે ઉપયોગી થઇ શકે છે.

2. **સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુતસંશોધનના હેતુઓ નીચે પ્રમાણે છે.

1) જૂનાગઢ જિલ્લાના ધોરણ-5 ના ગણિત વિષયના રાષ્ટ્રીય ફળ કેરી એ પ્રકરણમાંથી કઠિન લાગતી અધ્યયન નિષ્પત્તિઓ જાણવી.

2) ધોરણ-5 ના ગણિત વિષયના રાષ્ટ્રીય ફળ કેરી એ પ્રકરણ માટે અધ્યયન નિષ્પત્તિની કઠિનતા દૂર કરવા અને સરલીકરણ કરવા માટે વિવિધ ઉપકરણોનો વિનિયોગ કરી સુધારણાલક્ષી કાર્યક્રમ તૈયાર કરવો.

3) ધોરણ-5 ના ગણિત વિષયના રાષ્ટ્રીય ફળ કેરી એ પ્રકરણ માટે અધ્યયન નિષ્પત્તિ M-512 બાબતમાં સમજણ વિકસાવવી. અને તે માટે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ રચી અને અધ્યયન નિષ્પત્તિની કઠિનતા માટે કરવામાં આવેલા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પના નીચે મુજબ છે.

**"ધોરણ-5 ના ગણિત વિષયનાકઠિન અધ્યયન નિષ્પતિના સંદર્ભમાં, પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટી પરની સરેરાશાંકો અને પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતાં નિયંત્રિત જૂથના વિધાર્થીઓની સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય".**

**3. પદ્ધતિ :**

**I. અભ્યાસની રૂપરેખા :**

પ્રસ્તુત સંશોધન માટે કાર્ય રૂપરેખા નીચે જણાવ્યા મુજબ ગોઠવવામાં આવી હતી.

1) સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના
2) દશ્ય-શ્રાવ્ય માધ્યમની પસંદગી
3) ઉપકરણોની પસંદગી અને સંરચના
4) નમૂના પસંદગી
5) કસોટીની રચના
6) સમાંતર જૂથની રચના
7) વિષય વસ્તુનું પૃથ્થકકરણ
8) અધ્યાપનનો સમયગાળો
9) પ્રયોગનો અમલ
10) ઉત્તર કસોટી
11) આંકડાકીય માહિતીની પ્રાપ્તિ
12) માહિતી પૃથક્કરણ વિધિ
13) પ્રયોગનાં તારણો

**II. નમૂનો :**

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક સંશોધન હતું. શાળાની પસંદગી પ્રયોજકે સહેતુકપૂર્વક કરી હતી. જે અંતર્ગત જૂનાગઢ તાલુકાની ડુંગરપુર પ્રા શાળા શાળા પસંદ કરવામાં આવી હતી. શાળામાંથી ધોરણ ૪ના વીસ-વીસ વિદ્યાર્થીઓને પ્રાયોગિક અને નિયંત્રિત જૂથ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. કોને પ્રાયોગિક જૂથમાં અને કોને નિયંત્રિત જૂથમાં રાખવા તેની પસંદગી પૂર્વ કસોટીના આધારે કરવામાં આવી હતી. પ્રાયોગિક જૂથના વીસ વિદ્યાર્થીઓને દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા વિશિષ્ટ પદ્ધતિ અને પ્રયુકિત દ્વરા અધ્યાપન કાર્ય કરાવવામાં આવ્યું હતું જયારે નિયંત્રિત જૂથના વીસ વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિથી અધ્યાપનકાર્ય કરાવવામાં આવ્યું હતું.

**III. ઉપકરણ :** દશ્ય-શ્રાવ્ય માધ્યમની પસંદગી

૧. યુ ટ્યુબ વિડીઓ લીંક (રાષ્ટ્રીય ફળ કેરી)

https://youtu.be/vA9hc9Juu04

૨. યુ ટ્યુબ વિડીઓ લીંક (સંખ્યા જ્ઞાન)

https://www.youtube.com/watch?v=xbenCuIm23Q

૩. યુ ટ્યુબ વિડીઓ લીંક (તાલાળા મેંગો માર્કેટ)

https://www.youtube.com/watch?v=beV0Qti6X9I

૪. યુ ટ્યુબ વિડીઓ લીંક (તાલાળા મેંગો પલ્પ ફેક્ટરી)

https://www.youtube.com/watch?v=_IEMcU9emIk

**IV. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રસ્તુત સંશોધન પ્રયોગાત્મક સંશોધન હોવાથી બે સમાંતર જૂથો રચવા માટે પૂર્વ કસોટીના પરિણામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કસોટીમાં મેળવેલ ગુણના આધારે વિદ્યાર્થીઓને ચઢતા ક્રમમાં ગોઠવવામાં આવેલ. તેના આધારે સારી, મધ્યમ, નિમ્ન સિદ્ધી ધરવતા વિદ્યાર્થીઓની બે સમાન જૂથમાં વહેચવામાં આવ્યા હતા. નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથ. પૂર્વ કસોટીમાં મેળવેલ ગુણના આધારે પહેલા ક્રમના વિદ્યાર્થીને નિયંત્રિત જૂથમાં અને બીજા ક્રમના વિદ્યાર્થીને પ્રાયોગિક જૂથમાં આમ ક્રમિક રીતે એક પછી એક વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચી જૂથને સમાંતર કરવામાં આવ્યાં.

નિયંત્રિત જૂથમાં પરંપરાગત પદ્ધતિથી અને પ્રાયોગિક જૂથમાં વિશિષ્ટ પદ્ધતિ દ્વારા અધ્યાપન કાર્ય કરવામાં આવેલ. (સાતમાં દિવસે ઉત્તર કસોટી લેવામાં આવી) અધ્યયન નિષ્પતિ - ધોરણ પાંચના ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ M-512માંથી રચવામાં આવેલ કસોટી 20 ગુણની હતી અને કસોટીનો સમય ૪૦ મિનીટનો  હતો. કસોટીમાં 20 પ્રશ્નો હતા. જે બહુવિકલ્પ તેમજ ખાલી જગ્યા પ્રકારના હતા. દરેક બહુવિકલ્પ પ્રકારના વિધાન/પ્રશ્નની સામે ૪(ચાર) વિકલ્પો આપેલા હતા જેમાંથી સાચા વિકલ્પની સામે ✔ નિશાની કરવાની હતી.

**V. માહિતીનું પૃથક્કરણ :**

ઉત્તર કસોટીના જે પ્રાપ્તાંકો મળ્યાં તેના આધારે બંને જૂથના સરાસરી અને પ્રમાણ વિચલન શોધીને તુલના કરવામાં આવી હતી. ઉત્કલ્પના ચકાસવા માટે બંને જૂથની ઉત્તર કસોટી લઇને વિદ્યાર્થીઓની સિદ્ધિની તુલના કરવામાં આવી હતી. બંને જૂથના સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકો પરિશિષ્ટ-મા આપેલા છે. પ્રસ્તુત અભ્યાસમાં ૪૦ વિધાર્થીઓ પર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રયોગના અંતે ઉતર કસોટી પરનાં પ્રાપ્તાંકોને આધારે જૂથોની સરાસરી, પ્રમાણિત વિચલન અને ટી મૂલ્ય મેળવવામાં આવ્યા હતા. પ્રાયોગિક જૂથની ઉતર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી 13.59 હતી. જયારે નિયંત્રિત જૂથની સરાસરી 14.24 હતી. બંને જૂથોના પ્રમાણિત વિચલનો અનુક્રમે 5.00 અને 3.90 હતાં. આ સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટેના ટી ગુણોતરનું મૂલ્ય 0.42 હતું. પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથની સરાસરી વચ્ચેનો તફાવત 0.42 નો હતો. જે વિશિષ્ટ પદ્ધતિથી શિક્ષણની તરફેણમાં ન હતો. આમ, અહીં અભ્યાસની શૂન્ય ઉત્કલ્પનાનો સ્વિકાર થતો નથી

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના તારણો તારવવામાં આવ્યા હતા.

ધોરણ-5 ના ગણિત વિષયના રાષ્ટ્રીય ફળ કેરી એ એકમના શિક્ષણમા શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વિશિષ્ટ પદ્ધતિ એ પરંપરાગત પદ્ધતિ કરતાં વધારે અસરકારક રહી ન હતી.

**5. સંશોધન ફલિતાર્થો :**

કઠિનબિંદુના સરલીકરણ માટેના પ્રયોગ ઘણી મહેનતથી તૈયાર કરવામાં આવ્યો હતો. તેમ છતા તેમની સિદ્ધિ અપેક્ષા કરતા ઓછી રહી છે. તેથી આ કઠિનબિંદુના સરલીકરણ માટે વિશેષ પ્રયોગ રચવાની જરૂર રહે છે.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ-5 ના ગણિત  વિષયના રાષ્ટ્રીય ફળ કેરી એવિષયવસ્તુના કઠિનબિંદુના સરલીકરણ માટે સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે અધ્યાપન માટે યુ ટ્યુબ પરના આ પ્રકરણના વિડિયો અને વિશિષ્ટ ઉપકરણોથી નિદર્શન કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. આ દષ્ટિએ પ્રસ્તુત અભ્યાસ અધ્યયન–અધ્યાપન ક્ષેત્રનો હતો. ઉપરાંત પૂર્વ કસોટી દ્વારા સમાન જૂથોની રચના તથા ઉત્તર કસોટી દ્વારા સમગ્ર કાર્યક્રમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકનક્ષેત્રને પણ સ્પર્શતો હતો.પ્રસ્તુત અભ્યાસમાં પ્રાયોગિક જૂથ માટે દશ્ય શ્રાવ્ય માધ્યમ દ્વારા વિશેષ અધ્યાપન કાર્યક્રમની રચના કરી અને તેની અસરકારકતા ચકાસવામાં આવી છે અને આ અભ્યાસ સંબંધિત સમષ્ટિ, નમૂના પસંદગી, અભ્યાસની કાર્યરૂપ રેખા, અભ્યાસની લાક્ષણિકતાઓ અને યથાર્થતાની ચર્ચા કરવામાં આવી છે.

**સારાંશ તૈયાર કરનાર : આશુતોષભાઈ વ્યાસ**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક : ICT તાલીમ-૨ ની અસરકારકતાનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**

**સંશોધકનું નામ : આશુતોષભાઈ વ્યાસ**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

**1. પ્રાસ્તાવિક :**

માનવ સંસાધન મંત્રાલય દ્વારા સૂચિત ‘નવી શિક્ષણ નીતિ 2020’ માં જણાવેલ છે કે ભારત ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી અને અવકાશ જેવા અન્ય ક્ષેત્રોમાં વૈશ્વિક નેતૃત્વ પૂરું પાડે છે. અધ્યયન અધ્યાપનની પ્રક્રિયા મુખ્યત્વે પાઠ્યપુસ્તક અને તેમાં આપવામાં આવેલ વિષયાંગને ધ્યાનમાં રાખીને આયોજિત કરવામાં આવે છે.આ પ્રક્રિયાના આયોજન માટે વિષયાંગની સાથે સાથે સંબંધિત અધ્યયન અધ્યાપન સામગ્રીના ઉપયોગનું પણ આયોજન કરવામાં આવે છે. આ સંદર્ભે, અધ્યયન અધ્યાપન સામગ્રી જો ટેક્નોલોજીના ઉપયોગથી તૈયાર કરવામાં આવેલ હોય, એટલે કે ઇ-મટીરીયલ, તો તેનો ઉપયોગ વર્ગખંડમાં કરવા માટેનું આયોજન થઇ શકે છે. પરંતું, આ વ્યવસ્થામાં દરેક વિષયાંગ માટે ઇ-મટીરીયલ તૈયાર કરવાનું કૌશલ્ય તમામ શિક્ષકો પાસે હોય તે અપેક્ષિત નથી. આથી, એ જરૂરી બને કે શિક્ષકોને તેમના વિષય સંદર્ભે જરૂરિયાત અનુસારનું ઇ-મટીરીયલ સરળતાથી પ્રાપ્ત થાય અને તેનો ઉપયોગ વર્ગખંડમાં સંલગ્ન અધ્યયન નિષ્પતિઓને સિદ્ધ કરવા માટે કરે અને બાળકોનાં અધ્યયન સ્તરમાં વધારો થાય તેવા પ્રયત્નો કરે. આ અનુસંધાને, ડાયેટ જુનાગઢ દ્વારા ૨૦૨૨-૨૦૨૩માં જુનાગઢ જીલ્લાની વંથલી, ભેસાણ, વિસાવદર તાલુકાની તમામ ઉચ્ચ પ્રાથમિક શાળા દીઠ એક શિક્ષકને ICTની તાલીમ-૨ આપવામાં આવેલ હતી. આ તાલીમ દ્વારા શિક્ષકમાં કેટલી સમજ વિકસી છે. તે જાણવા માટે પ્રયોજાકે આ સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણેના હતા.

- ગૂગલ લેન્સ ની શરૂઆત કયા વર્ષમાં થઈ હતી? તે જાણવું.
- ગૂગલ લેન્સ હાલ કઈ ટેકનોલોજી મુજબ કાર્ય કરે છે? તે જાણવું.
- ગુગલ ડ્રાઈવમા કઈ કઈ ફાઈલ સ્ટોર કરી શકાય ? તે જાણવું.
- CLOUD STORAGE મા શેનો સમાવેશ થાય છે ? તે જાણવું.
- Email નું પૂરું નામ લખો. તે જાણવું.
- સ્પ્રેડશીટ નું ઉભો વિભાગનું નામ શુ છે ? તે જાણવું.
- B1 અને B2 CELL  નો સરવાળો કરવા માટે કઈ ફોર્મુલા છે ? તે જાણવું.

- LAN નું પુર્ણ નામ જણાવો તે જાણવું.
- Internet એ ક્યા પ્રકારનું નેટ્વર્ક છે ? તે જાણવું.
- PhET નો ઉપયોગ નિચેના માથી ક્યા વિષયમા થાય છે ? તે જાણવું.
- Microsoft teams whiteboard નો ઉપયોગ શુ છે ? તે જાણવું.
- Microsoft teams whiteboardની ફાઇલ ક્યા સ્વરુપે સેવ થશે ?
- pdf નું પૂરૂં નામ આપો. તે જાણવું.
- hyperlink કરવાથી કયો કલર જોવા મળે છે. તે જાણવું.
- નીચેના માથી ક્યા Scratch ના Elements નથી. તે જાણવું.
- નીચેના માથી ક્યા Scratch ના Programming Sprite છે ? તે જાણવું.
- નીચે આપેલા સોફ્ટવેરમાંથી વિડીયો એડિટિંગ સોફ્ટવેર કયો છે. તે જાણવું.
- ઓપન શોટ સોફ્ટવેરની ખાસિયત શુ છે. તે જાણવું.
- નીચેનામાંથી ક્યાં સોફ્ટવેર દ્વારા પ્રેઝન્ટેશન બનાવી શકાય. તે જાણવું.
- એક્ટિવ પ્રેજન્ટર સોફ્ટવેરમાં નીચે પૈકી કઈ કઈ મીડિયા ફાઈલ એડ કરી શકાય? તે જાણવું.
- ICT નો શિક્ષણમાં ઉપયોગ તાલીમ -૨ માં આવેલ શિક્ષકોની પૂર્વ તથા ઉત્તર કસોટીમાં સાર્થક તફાવત નહિ હોય. તેને ચકાસવાનો છે.

**3. પદ્ધતિ :**

**a. અભ્યાસની રૂપરેખા :**

**b. નમૂનો :**

આ સંશોધનમાં સંશોધકે જૂનાગઢ જીલ્લાના ત્રણ તાલુકા વંથલી, ભેસાણ, વિસાવદરની ૧૨૦ ઉચ્ચ પ્રાથમિક શાળાના એક શિક્ષકને નમુના તરીકે પસંદ કરેલ હતો. એટલે કે નમૂનામાં ૧૨૦ શિક્ષકોની પસંદગી કરવામાં આવેલ હતી.

**c. ઉપકરણ :**

ઉપકરણ તરીકે સંશોધક દ્વારા તાલીમ દરમ્યાન લેવામાં આવેલ મુદ્દાઓને અનુરૂપ પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**d. માહિતી એકત્રીકરણની રીત :**

માહિતી એકત્રીકરણ એ સંશોધન યોજનાનો આત્મા અને હાર્દ છે. અહીં ICT તાલીમ-2ના આધારે સંશોધક દ્વારા તૈયાર કરેલ પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવેલ હતી. જેમાં 21 પ્રશ્નો હતા. જેનો શિક્ષકશ્રીએ આપેલ ચાર વિકલ્પ માંથી એક સાચો જવાબ આપવાનો હતો. આ પ્રશ્નાવલી નું એક ગૂગલ ફોર્મ તૈયાર કરવામાં આવેલ હતું. જેના દ્વારા શિક્ષકોના પ્રતિચાર રેકોર્ડ કરવામાં આવેલ હતા. જુનાગઢ જીલ્લાની વંથલી, ભેસાણ, વિસાવદર તાલુકાની તમામ ૧૨૦ ઉચ્ચ પ્રાથમિક શાળામાંથી કુલ ૧૨૦ શિક્ષકોના એક ગૂગલ ફોર્મ દ્વારા ચાર વિકલ્પ માંથી એક સાચો વિકલ્પ માટે મળેલ પ્રતીચારોનો ઉપયોગ કરી માહિતી મેળવવામાં આવી હતી.

**e. માહિતીનું પૃથક્કરણ :**

ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોની કુલ સંખ્યા ૧૨૦ હતી. જેમાં પૂર્વ કસોટી આપનાર શિક્ષકોની સંખ્યા ૧૨૦ અને ઉત્તર કસોટી આપનાર શિક્ષકોની સંખ્યા ૧૨૦ હતી. આ શિક્ષકોની પૂર્વ તથા ઉત્તર કસોટીના સરાસરી પ્રાપ્તાંકો અનુક્રમે ૧૨.૮૭ તથા ૧૫.૭૨ હતા. આ સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટે શોધવામાં આવેલું ટી- મૂલ્ય ૭.૩ હતું. આ ટી મૂલ્ય ૨.૫૬ કરતા વધુ હતું. તેથી તે 0.01 કક્ષા એ સાર્થક છે. પરિણામે ઉત્કલ્પના 1 નો અસ્વીકાર થાય છે.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રશ્નોની ચકાસણીને આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

1 મોટા ભાગના શિક્ષકો ગૂગલ લેન્સ ની શરૂઆત કયા વર્ષમાં થઈ હતી? તે જાણે છે.

2 મોટા ભાગના શિક્ષકો ગૂગલ લેન્સ હાલ કઈ ટેકનોલોજી મુજબ કાર્ય કરે છે? તે જાણે છે.

3 મોટા ભાગના તમામ શિક્ષકો ગુગલ ડ્રાઈવમા કેટલું ફ્રી સ્ટોરેજ મળે છે ? તે જાણે છે.

4 મોટા ભાગના તમામ શિક્ષકો ગુગલ ડ્રાઈવમા કઈ કઈ ફાઈલ સ્ટોર કરી શકાય ? તે જાણે છે.

5 મોટા ભાગના શિક્ષકો CLOUD STORAGE મા શેનો સમાવેશ થાય છે ? તે જાણે છે.

6 મોટા ભાગના શિક્ષકો Email નું પૂરું નામ લખો . તે જાણે છે.

7 મોટા ભાગના શિક્ષકો સ્પ્રેડશીટ નું ઉભો વિભાગનું નામ શુ છે ? તે જાણે છે.

8 મધ્યમ ભાગના શિક્ષકો B1 અને B2 CELL નો સરવાળો કરવા માટે કઈ ફોર્મુલા છે ? તે જાણે છે.

9 મોટા ભાગના તમામ શિક્ષકો LAN નું પુર્ણ નામ જણાવો તે જાણે છે.

10 મધ્યમ ભાગના શિક્ષકો Internet એ ક્યા પ્રકારનું નેટ્વર્ક છે ? તે જાણે છે.

11 મોટા ભાગના શિક્ષકો PhET નો ઉપયોગ નિચેના માથી ક્યા વિષયમા થાય છે ? તે જાણે છે.

12 મોટા ભાગના તમામ શિક્ષકો microsoft teams whiteboard નો ઉપયોગ શુ છે ? તે જાણે છે.

13 મોટા ભાગના શિક્ષકો microsoft teams whiteboardની ફાઇલ ક્યા સ્વરુપે સેવ થશે ? તે જાણે છે.

14 મધ્યમ ભાગના શિક્ષકો pdf નું પૂરું નામ આપો તે જાણે છે.

15 મોટા ભાગના શિક્ષકો hyperlink કરવાથી કયો કલર જોવા મળે છે તે જાણે છે.

16 મધ્યમ ભાગના શિક્ષકો નીચેના માથી ક્યા Scratch ના Elements નથી તે જાણે છે.

17 મોટા ભાગના શિક્ષકો નીચેના માથી ક્યા Scratch ના Programming Sprite છે ? તે જાણે છે.

18 મોટા ભાગના શિક્ષકો નીચે આપેલા સોફ્ટવેરમાંથી વિડીયો એડિટિંગ સોફ્ટવેર કયો છે. તે જાણે છે.

19 મોટા ભાગના શિક્ષકો ઓપન શોટ સોફ્ટવેરની ખાસિયત શુ છે. તે જાણે છે.

20 મોટા ભાગના શિક્ષકો નીચેનામાંથી ક્યાં સોફ્ટવેર દ્વારા પ્રેઝન્ટેશન બનાવી શકાય. તે જાણે છે.

21 મોટા ભાગના શિક્ષકો એક્ટિવ પ્રેજન્ટર સોફ્ટવેરમાં નીચે પૈકી કઈ કઈ મીડિયા ફાઈલ એડ કરી શકાય? તે જાણે છે.

22 શિક્ષણમાં ICT નો ઉપયોગ તાલીમ-૨ માં આવેલ શિક્ષકોની પૂર્વ તથા ઉત્તર કસોટીમાં સાર્થક તફાવત જોવા મળેલ છે.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

1. આઈસીટી તાલીમ પ્રાથમિક શાળા કક્ષાએ સતત ચાલુ રાખવું જોઈએ.
2. આઈસીટી તાલીમનું મોનીટરીંગ સતત થવું જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોની ICT તાલીમ પ્રત્યેની અસરકારકતાનું માપન કરવાનો હોવાથી, પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર 'માપન અને મૂલ્યાંકન' અને 'પ્રાથમિક શિક્ષણ' નામનાં સંશોધન ક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય.

**સારાંશ તૈયાર કરનાર : આશુતોષભાઈ વ્યાસ**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**
**વિભાગ : પ્રાથમિક**
**સંશોધનનું શીર્ષક :જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ**
**ભાષા : ગુજરાતી**
**સંશોધકનું નામ : આશુતોષભાઈ વ્યાસ**
**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**
**E-MAIL : dietjunagadh@gmail.com**
**વર્ષ : 2022-23**

**સારાંશ**

**1. પ્રાસ્તાવિક :**

NEP-2020 માં દર્શાવેલ નીતિઓનું અમલીકરણ શિક્ષકો દ્વારા થનારું હોય ત્યારે આ નીતિની માળખાગત બાબતોથી લઇ તેના ધ્યેય, હેતુઓ અને લક્ષ્યાંકો બાબતે તેઓમાં કેટલા પ્રમાણમાં સભાનતા છે તે જાણવું ખૂબ જ જરુરી છે. અત્રે શિક્ષકોની સભાનતાનું પ્રમાણ જાણવા માટે સંશોધક દ્વારા NEP-2020 આધારિત પ્રશ્નાવલિની રચના કરવામાં આવેલ છે. જે દ્વારા NEP-2020ના અમલીકરણ માટે તાલીમ તથા અનુકાર્ય અંગે યોગ્ય દિશા મળશે.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રયોજકે આ પ્રમાણે હેતુઓને લક્ષમાં રાખીને સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાના અભ્યાસ માપન માટે 'NEP જાગૃતતા અંગેના માપદંડ' ની સંરચના કરવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલુકા અનુસાર NEP જાગૃતતા અંગેનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતિયતા અનુસાર NEP જાગૃતતા જાણવી. .
- પ્રાથમિક શાળાના શિક્ષકોની વિભાગ અનુસાર NEP જાગૃતતા જાણવી. .

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી.

- પ્રાથમિક શાળાના શિક્ષકોના વિભાગ (નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક) અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના અભ્યાસ અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતિયતા (પુરુષ અને સ્ત્રી) અનુસાર તેઓની NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની શાળામાં શૈક્ષણિક અનુભવ અનુસાર તેઓની NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**3.** **પદ્ધતિ :**

**a.** **અભ્યાસની રૂપરેખા :**

**b.** **નમૂનો :**

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની કેશોદ તાલુકાની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2022-23 દરમિયાન અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, કુલ ૮૪ શાળાઓના ૪૩૮ શિક્ષકો વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતાં.

**c.** **ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસની જરુરિયાતને ધ્યાનમાં રાખીને સંશોધકે શિક્ષક NEP-2020 પ્રશ્નાવલિની રચના કરી હતી. ઉપકરણ રચનામાં નીચે મુજબના સોપાનોને અનુસરવામાં આવ્યા હતા. પ્રયોજકે પ્રસ્તુત સંશોધનમાં NEP-2020 જાગૃતતા માપદંડમાં પ્રતિચાર આપનાર શિક્ષકની સામાન્ય માહિતી અને કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ 40 વિધાનો આપવામાં આવ્યા હતા. જેમાં ત્રણ વિકલ્પ આપવામાં આવ્યા હતા. જેમાંથી એક સાચો વિકલ્પ પસંદ કરવાનો હતો.

**d.** **માહિતી એકત્રીકરણની રીત :**

પ્રયોજકે NEP-2020 જાગૃતતા માપદંડ પર પ્રતિભાવ મેળવવા એક GOOGLE FORM વિકસાવવામાં આવ્યું હતું. જેની LINK બનાવી હતી.પ્રયોજકે પ્રાથમિક શાળાઓ માટે BRC CO. અને CRC CO. ને રૂબરૂ મળી પોતાના સંશોધનકાર્ય અંગેનો હેતુ સ્પષ્ટ કરી NEP-૨૦૨૦ જાગૃતતા માપદંડ પર માહિતી એકત્રિત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. પ્રયોજકે પોતે અને BRC CO.અને CRC CO. દ્વારા નમૂનાની શાળાઓમાં રૂબરૂ જઈને પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પ્રસ્તુત સંશોધન કાર્ય તેમજ NEP-2020 જાગૃતતા માપદંડમાં વિશે GOOGLE FORM ની LINK અને જરૂરી માહિતી આપી. આમ, NEP-2020 જાગૃતતા માપદંડ પર પ્રતિચારો ONLINE જ મેળવવામાં આવ્યા હતા. આ અંગે શિક્ષકોએ આપેલા પ્રતિભાવો ગૂગલ ફોર્મ પરથી MSEXCEL SHEET માં મેળવી તેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા. ગુગલ ફોર્મના આધારે જણાયું હતું કે કેશોદ તાલુકાની કુલ ૧૮૦ શિક્ષકોના પ્રતિચારો પ્રાપ્ત થયા હતા. જેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા.

**e.** **માહિતીનું પૃથક્કરણ :**

પ્રશ્નનાવલિના સાચા જવાબ માટે 1 પોઈન્ટ અને ખોટા જવાબ માટે 0 પોઈન્ટ ગણવામાં આવેલ હતો.વિધાન અનુસાર ટકાવારી સાચા વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "સાચા" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી. જેમાં સાર્થકતા ચકાસવા માટે ટી-કસોટીનો ઉપયોગ કરેલ જેમાં ટી-કસોટીની સારણી મુજબ 0.05 કક્ષાએ સાર્થકતા મુલ્ય 1.96 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. અને 0.01 કક્ષાએ સાર્થકતા મુલ્ય 2.58 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. તેની ચર્ચા પ્રકરણ-4 માં વિગતે કરવામાં આવી છે. વિધાન અનુસાર ટકાવારી MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ હકારાત્મક પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

1- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 શિક્ષણ માળખામાં નવી પેટર્નથી પરિચિત છે.

2- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારી ધરાવે છે.

3- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 6 થી 8 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

4- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 8 થી 11 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તેની જાણકારીનો અભાવ જોવા મળે છે.

5- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 11 થી 14 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ જોવા મળે છે.

6- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો ઘરની ભાષા અને શાળાની ભાષા અલગ હોય તેવા બાળકો માટે દ્વિભાષા મુજબનો અભિગમ ઉપયોગમાં લેવાશે એ બાબતથી પરિચિત છે.

7- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને ' એક ભારત શ્રેષ્ઠ ભારત ' અંતર્ગત ધો. ૬ થી ૮ માં ભારતની ભાષાઓ પર કઇ પ્રવૃત્તિ આપવી તેનો ખ્યાલ છે.

8- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને સંસ્કૃતને ધ્વનિ અને ઉચ્ચારણના માધ્યમથી કયા સ્ટેજ પર શિખવવામાં આવશે તે બાબતનો ખ્યાલ નથી.

9- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મિડલ સ્કૂલના તબકકામા કઇ પ્રવૃત્તિ શરુ થશે તેનો ખ્યાલ છે.

10- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ધો. 6 થી 8 માં ક્રિયા દ્વારા શિક્ષણ માટે કઇ પ્રવૃત્તિ હાથ ધરાશે તેનો ખ્યાલ નથી.

11- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ધો. 6 થી 12માં વેકેશન દરમિયાન કઇ સુવિધા પૂરી પડશે તેનો ખ્યાલ નથી.

12- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મૂલ્યાંકનનો પ્રાથમિક ઉદેશ્ય શિક્ષક, વિધાર્થી, શાળા પ્રણાલીને સાથે રાખીને કઇ રીતે શિક્ષણ આપવાનો પ્રયાસ રહેશે તે બાબતનો સ્પષ્ટ ખ્યાલ નથી.

13- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શું લાગુ પડતું નથી તે બાબતનો શિક્ષકોને ખ્યાલ છે.

14- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ધો.3 માં શાના આધારે પરીક્ષણ કરાશે તેનો ખ્યાલ છે.

15- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં NEP-2020માં શિક્ષણ સંદર્ભે શિખવવાની કઇ બાબત પર ભાર મૂકવામાં આવે છે તેનો ખ્યાલ છે.

16- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં કયા સ્ટેજમાં ફરજિયાત માતૃભાષા શિક્ષણ હોવું જોઇએ તેનો ખ્યાલ નથી.

17- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ફાઉન્ડેશનલ સ્ટેજનો અભ્યાસક્રમ કેવો હશે તેનો ખ્યાલ છે.

18- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં પ્રિપરેટરી સ્ટેજમાં જુદા જુદા વિષયોમાં શેના પર ભાર મૂકવામાં આવશે તેનો ખ્યાલ છે.

19- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મિડલ સ્ટેજમાં જુદા જુદા વિષય મુખ્યત્વે શાના આધારે શિખવાય છે તેનો ખ્યાલ છે.

20- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં સેકન્ડરી સ્ટેજમાં વિષય પસંદગી અંગે શી જોગવાઇ છે તેનો ખ્યાલ છે.

21- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં બાળકોના સર્વાંગી વિકાસ સંદર્ભે ગોખણપટીના બદલે શાના પર ભાર મૂકાયો છે તેનો ખ્યાલ નથી.

22- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ફાઉન્ડેશનલ સ્ટેજમા ભાષાઓનું શિક્ષણ કઇ પદ્ધતિથી આપવું જોઇએ તેનો ખ્યાલ છે.

23- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ખામી ધરાવતા વિધાર્થીઓ માટે કઇ લેંગ્વેજ અસ્તિત્વમાં છે તેનો ખ્યાલ છે.

24- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 મુજબ શિક્ષણતંત્રમાં એકસુત્રતા એટલે.....શું તેનો ખ્યાલ છે.

25- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવી છે તેનો ગુજરાતી અનુવાદ કઇ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે તેનો ખ્યાલ નથી.

26- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ શિક્ષણમાં વિષયવસ્તુમાં વધારો કરવાની જગ્યાએ અધ્યાપન શાસ્ત્ર એવું હોવું જોઇએ કે શિક્ષણ પ્રક્રિયા...કેવી હોવી જોઇએ તેનો ખ્યાલ છે. .

27- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ શેના આધારે નકકી થઇ છે તેનો ખ્યાલ છે.

28- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં કઇ બાબત રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં નથી તેનો ખ્યાલ છે.

29- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  કેટલા વર્ષો પછી ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિની ઘોષણા કરવામાં આવી તેનો ખ્યાલ નથી.

30- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ ની મસૌદા સમિતિ(Drafting committi) ના અધ્યક્ષ કોણ છે તેનો ખ્યાલ છે.

31- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ અનુસાર વોકેશનલ કોર્સ કયા ધોરણથી શરુ કરવામાં આવશે તનો ખ્યાલ નથી.

32- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦માં મિશન માધ્યમથી FLN (પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન) ને કયા વર્ષ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ છે.

33- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ -૨૦૨૦નો અમલ કરનાર પહેલું રાજય કયુ છે તેનો ખ્યાલ નથી.

34- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ કોણે તૈયાર કરી છે તેનો ખ્યાલ છે.

35- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં કેટલા વર્ષ સુધીના બાળકોને RTE-2009 માં સમાવવામાં આવશે તેનો ખ્યાલ છે.

36- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ  ૨૦૨૦ માં ૩ થી ૧૮ વર્ષની ઉમરના પ્રત્યેક બાળકને ગુણવતાયુકત શિક્ષણ  કયા વર્ષ સુધીમાં પુર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ છે.

37- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણને સાર્વત્રિક રીતે ઉપલબ્ધ બનાવવા શું સાચુ નથી તેનો ખ્યાલ છે.

38- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને શિક્ષણ વ્યવસ્થામાં થઇ રહેલા મૂળભૂત પરિવર્તનના કેન્દ્રમાં અવશ્યપણે કોણ હોવું  જોઇએ તેનો ખ્યાલ છે.

39- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના ઉદેશ શું છે તેનો ખ્યાલ છે.

40- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં ધોરણ ૫ સુધીનું શિક્ષણ કઇ ભાષામાં રાખવામાં આવશે તેનો ખ્યાલ છે.

41- પ્રાથમિક શાળાના શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના NEP જાગૃતતાના માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના NEP જાગૃતતાના પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

42- પ્રાથમિક શાળાના પીટીસીની લાયકાત ધરાવતા શિક્ષકો બી.એડ.ની લાયકાત ધરાવતા શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પી.ટી.સી.ની લાયકાત ધરાવતા શિક્ષકો બી.એડ.ની લાયકાત ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

43- પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પુરુષ  શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

44- પ્રાથમિક શાળાના 10 વર્ષથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પ્રાથમિક શાળાના 10 વર્ષથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોની રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતા જાણવા માટે પ્રયાસ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસના અંતે પ્રયોજકે આ પ્રમાણેના ફલિતાર્થો રજૂ કર્યા હતા.

પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

1. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતાને અભ્યાસ, જાતીયતા, વિભાગ કે શૈક્ષણિક અનુભવ સાથે કોઈ સંબંધ નથી.

2. શિક્ષકોના વિવિધ સમયે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતામાં ફેરફાર થતા હોવાથી થોડા થોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.

3. આધુનિક યુગમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની જાગૃતતા લાવવી ખૂબ જરુરી છે. આથી શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની બાબતોથી જાગૃત રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકોમા NEP જાગૃતતાનો અભ્યાસ કરવાનો હોવાથી, પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર 'પ્રાથમિક શિક્ષણ', શૈક્ષણિક માપન મૂલ્યાંકન, મૂલ્ય શિક્ષણ અને કેળવણી, સમાજપરિવર્ત- નામનાં સંશોધન ક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય.

**સારાંશ તૈયાર કરનાર : આશુતોષભાઈ વ્યાસ**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક : જૂનાગઢ જિલ્લાના GAS-4(GUJARAT ACHIVEMENT SURVEY-4) માં ધોરણ ચાર, છ અને સાતના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું સર્વેક્ષણ**

**ભાષા : ગુજરાતી**

**સંશોધકનું નામ : આશુતોષભાઈ વ્યાસ**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

**1. પ્રાસ્તાવિક :**

શિક્ષણની ગુણવતામાં સતત વધારો કરવા માટે રાષ્ટ્ર તેમજ રાજય કક્ષાએ સમયાંતરે વિવિધ પ્રકારનાં સંશોધન કરવામાં આવે છે. ૨૦૧૭માં રાજયના બધા જ જિલ્લા અને દરેક જિલ્લાની ૧૭૩ શાળાઓમાં એન.એ.એસ. (NAS) 2017 કસોટીનું આયોજન કરવામાં આવેલ હતું અને જી.સી.ઇ.આર.ટી.-ગાંધીનગર દ્વારા (NAS) 2017ની પરિક્ષાના મહાવરારૂપે સમગ્ર રાજયમાં મોક ટેસ્ટ લેવામાં આવી હતી. અને આ મોક ટેસ્ટમાં વિદ્યાર્થીઓએ શું શૈક્ષણિક સિદ્ધિ મેળવેલ છે તે જાણવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓ આ પ્રમાણેના હતા.

- જૂનાગઢ જિલ્લાની શાળાઓના ધોરણ 4, 6 અને 7ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ તપાસવી.
- જૂનાગઢ જિલ્લાની શાળાઓનાં ધોરણ 4, 6 અને 7ના વિદ્યાર્થીઓની વિષયવાર શૈક્ષણિક સિદ્ધિઓ તપાસવી.
- જૂનાગઢ જિલ્લાની શાળાઓનાં ધોરણ 4, 6 અને 7મા વિષયવાર કઠિન બિંદુઓ તારવવા.
- જૂનાગઢ જિલ્લાની શાળાઓના ધોરણ 4, 6 અને 7ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમની જાતીયતાની અસર તપાસવી.
- જૂનાગઢ જિલ્લાની શાળાઓના ધોરણ 4, 6 અને 7ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર તેમના વિસ્તારની અસર તપાસવી.
- જૂનાગઢ જિલ્લાની શાળાઓના ધોરણ 4, 6 અને 7ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર કેટેગરીની અસર તપાસવી.

**3. પદ્ધતિ :**

**a. અભ્યાસની રૂપરેખા :**

**b. નમૂનો :**

પ્રસ્તુત સંશોધનમાં જીસીઇઆરટી દ્વારા પસંદ થયેલ જૂનાગઢ જિલ્લાની કુલ 300 શાળાનો સમાવેશ નમૂનામાં થાય છે. જેમાં શાળામાંથી 4, 6 અને 7નાં ત્રણેય ધોરણની પસંદગી કરવામાં આવી હતી. આમ, જિલ્લામાંથી ધોરણ 4 માં 100, ધોરણ 6 માં 100 અને ધોરણ 7 માં 100 શાળાનો મળીને કુલ 300 શાળાઓનો સમાવેશ થાય છે. જૂનાગઢ જિલ્લાની સરકારી, અર્ધસરકારી અને ખાનગી શાળાઓના ધોરણ 4, 6 અને 7ના વિદ્યાર્થીઓની સિદ્ધિ જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. નમૂના તરીકે જૂનાગઢ જિલ્લાના ચાર તાલુકાઓમાંથી દરેક તાલુકાઓમાંથી ધોરણ-4 ની દસ શાળાઓ, ધોરણ-6 ની દસ શાળાઓ અને ધોરણ-7 ની દસ શાળાઓ મળીને કુલ 30 શાળા શાળાઓની પસંદગી કરવામાં આવી. આમ, જૂનાગઢ જિલ્લાના કુલ 10 તાલુકાઓની કુલ 300 શાળાઓને પસંદ કરવામાં આવી હતી. નમૂનામાં પસંદ થયેલ શાળાના ધોરણ 4, 6 અને 7નાં બધાં ધોરણોમાંથી ધોરણ દીઠ વધુમાં વધુ 30 વિદ્યાર્થીઓને random start વડે યાદ્દચ્છિક રીત પસંદ કરવામાં આવ્યાં હતાં અને કસોટી લેવામાં આવી હતી.

**c. ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં GAS-4 અંતર્ગત ધોરણ 4, 6 અને 7 વિદ્યાર્થીઓની સિદ્ધિ તપાસવાની હતી. જે અંતર્ગત જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા તમામ જિલ્લામાં કસોટી લેવામાં આવી હતી. જેમાં ધોરણ 4, 6 અને 7માં એક જ કસોટીમાં ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી તેમજ સામાજિક વિજ્ઞાન વિષયોની કસોટી લેવામાં આવી હતી. જેમાં તમામ કસોટીપત્રોમાં એક જ સ્વરૂપ હતા. જેને જીસીઇઆરટી દ્વારા પ્રમાણિત કરવામાં આવી હતી. જેમાં જૂનાગઢ જિલ્લામાં પસંદ થયેલ 300 શાળાઓમાં આ કસોટી લેવામાં આવી હતી.

ધોરણ 4ના કસોટીપત્રમાં કુલ 45 કલમો હતી. જેમાં 1 થી 15 કલમો ગુજરાતી વિષયની, 16 થી 30 કલમો ગણિત વિષયની અને 15 કલમો પર્યાવરણ વિષયની હતી. જેમાં એક કલમનો એક ગુણ એમ કુલ 45 ગુણની કસોટી હતી. જે 90 મિનીટીસની સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હતી. ધોરણ 6 અને 7ના કસોટીપત્રમાં કુલ 60 કલમો હતી. જેમાં 1 થી 15 કલમો ગુજરાતી વિષયની, 16 થી 30 કલમો ગણિત વિષયની અને 31 થી 45 કલમો વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયની તેમજ 46 થી 60 કલમો સામાજિક વિજ્ઞાન વિષયની હતી. જેમાં એક કલમનો એક ગુણ એમ કુલ 60 ગુણની કસોટી હતી. જે બે કલાકની સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હતી. આ તમામ કલમોની રચના કરતી વખતે ખાસ કાળજી રાખવામાં આવી હતી કે પાઠયપુસ્તકમાંથી વિદ્યાર્થીની માત્ર સ્મૃતિ ચકાસતા નહીં, પણ વિદ્યાર્થીની જે તે વિષયની સમજ અને ઉપયોજન ચકાસતા હોય.

**d. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે પસંદ થયેલ શાળાના કસોટીના પેપર ડાયેટના અધ્યાપકો દ્વારા જિલ્લા મથકે આપવામાં આવ્યા હતા. ત્યારબાદ દરેક સરકારી શાળામાંથી પસંદ કરેલ ફિલ્ડ ઇન્વેસ્ટીગેટરને બી.આર.સી.-જામખંભાળિયા ખાતે તારીખ 21, ડીસેમ્બર-2022નાં રોજ સંકલન બેઠકમાં GAS-4 અંગે પુરતી સમજ તેમજ ફિલ્ડ ઇન્વેસ્ટીગેટરની ભૂમિકા સ્પષ્ટ કરવામાં આવેલ તેમજ

કસોટી અંગેનું તમામ સાહિત્ય પસંદ થયેલ શાળાદીઠ બંધ કવરમાં સોપવામાં આવેલ હતાં. જેમાં પસંદ થયેલ શાળામાં ધોરણ અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યા પત્રક, કસોટીપત્ર, omr sheet તેમજ કસોટી અંગેની માર્ગદર્શિકા આપવામાં આવેલ હતી.

**e. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત સંશોધનમાં જૂનાગઢ જિલ્લાના ચાર તાલુકાઓના ધોરણ 4, 6 અને 7 વિષયના કસોટીપત્રો પ્રાપ્ત થયા હતાં. આ સંશોધનનો હેતુ જે તે ધોરણના દરેક વિષયની સિદ્ધિ જાણવાનો હતો. ઉપરોક્ત તમામ કસોટીઓનું ધોરણવાર, વિષયવાર, જાતિયતા, વિસ્તાર તથા કેટેગરીના સંદર્ભે સરાસરી અને પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય શોધવામાં આવ્યું. જેના આધારે જિલ્લાનો સિદ્ધિઆંક શોધવામાં આવ્યો. વળી, વિદ્યાર્થીઓને શું અઘરું પડે છે તે જાણવા માટે કઠિનબિંદુઓ શોધવામાં આવ્યાં હતાં.

MS OFFICE EXCEL દ્વારા શતમાન સ્વરૂપમાં સરાસરી, શતમાન સ્વરૂપમાં પ્રમાણ વિચલન અને ટી-મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. કુમાર કન્યાઓ વચ્ચેનો તથા શહેર અને ગ્રામ્ય વિસ્તાર અને કેટેગરી વચ્ચેના વિદ્યાર્થીઓનો સાર્થક તફાવત શોધવામાં આવ્યા હતા.

**4. પરિણામો/તારણો :**

જૂનાગઢ જિલ્લાની ધોરણવાર અને વિષયવાર સરાસરી, પ્રમાણ વિચલન અને સિદ્ધિની ટકાવારીને આધારે માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરીને મળેલા તારણો નીચે મુજબ છે.

**જૂનાગઢ જિલ્લાની ધોરણવાર અને વિષયવાર શૈક્ષણિક સિદ્ધિ**

- ધોરણ-4માં સૌથી વધુ સરેરાશ સિદ્ધિ 56.51% પર્યાવરણ વિષયમાં અને સૌથી ઓછી સરેરાશ સિદ્ધિ 47.58% ગણિત વિષયમાં જોવા મળી હતી.
- ધોરણ-6માં સૌથી વધુ સરેરાશ સિદ્ધિ 53.09% ગુજરાતી વિષયમાં અને સૌથી ઓછી સરેરાશ સિદ્ધિ (41.57 %) ગણિત વિષયમાં જોવા મળી હતી.
- 
- ધોરણ-7માં સૌથી વધુ સરેરાશ સિદ્ધિ 47.89% સામાજિક વિજ્ઞાન વિષયમાં અને સૌથી ઓછી સરેરાશ સિદ્ધિ 37.95% વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં જોવા મળી હતી.
- ગુજરાતી વિષયમાં સૌથી વધુ સરેરાશ સિદ્ધિ 53.09% ધોરણ-6માં અને સૌથી ઓછી સરેરાશ સિદ્ધિ 46.85% ધોરણ 7માં જોવા મળી હતી.
- ગણિત વિષયમાં સૌથી વધુ સરેરાશ સિદ્ધિ 47.58% ધોરણ-4માં અને સૌથી ઓછી સરેરાશ સિદ્ધિ 41.57% ધોરણ 6માં જોવા મળી હતી.
- વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સૌથી વધુ સરેરાશ સિદ્ધિ 50.89% ધોરણ-6માં અને સૌથી ઓછી સરેરાશ સિદ્ધિ 37.95% ધોરણ 7માં જોવા મળી હતી.
- સામાજિક વિજ્ઞાન વિષયમાં સૌથી વધુ સરેરાશ સિદ્ધિ 47.89% ધોરણ-7માં જોવા મળી હતી. સૌથી ઓછી સરેરાશ સિદ્ધિ ધોરણ-6 માં 44.13% જોવા મળી હતી.

- એકંદરે સૌથી વધુ સરેરાશ સિદ્ધિ 56.51 ધોરણ-4નાં પર્યાવરણ વિષયમાં અને સૌથી ઓછી સરેરાશ સિદ્ધિ 37.95% ધોરણ-7 વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં જોવા મળી હતી.

**જૂનાગઢ જિલ્લાની વિષયવાર એકંદર સિદ્ધિ**

GAS-4 સર્વેમાં પસંદ થયેલ ધોરણ 4માં ધોરણ-6 અને ધોરણ-7માં ગુજરાતી, ગણિત, પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી અને સામાજિક વિજ્ઞાન વિષયની કસોટી લેવામાં આવેલ. જેમાં ધોરણ-4, 6 અને 7નાં ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાન વિષયની એકંદર સરાસરી અનુક્રમે 50.93, 44.00, 49.51 અને 46.01 ટકા **છે.** સૌથી વધારે સરેરાશ સિદ્ધિ ગુજરાતી વિષય(50.93%)ની હતી. જયારે સૌથી ઓછી સરેરાસ સિદ્ધિ ગણિત (44.00%)વિષયની હતી.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસનાં શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા**.**

- એમ.એમ.એલ. અભિગમ અનુસાર “75%થી વધુ” સ્તર સુધી વિદ્યાર્થીઓ પહોંચે તે માટે જિલ્લા કક્ષાએથી આયોજન કરવું જોઈએ.
- કઠિન વિષયોને સરળ બનાવવા માટે વિષયવસ્તુ આધારિત શૈક્ષણિક સાધન સામગ્રી નિર્માણ વર્કશોપનું આયોજન કરવું જોઈએ, જેથી વધુ પ્રત્યક્ષીકારણ થાય.
- શિક્ષકોને આપવામાં આવેલ તાલીમ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે અસરકારક મોનિટરિંગનું આયોજન કરવું જોઈએ.
- જિલ્લાના વિવિધ ધોરણના જુદા-જુદા વિષયોમાં પ્રાપ્ત થયેલ કઠિન કલમો અન્વયે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવા શિક્ષકોને તાલીમ દ્વારા પ્રોત્સાહિત કરવા જોઈએ.
- કઠિન કલમો આધારિત ક્ષમતાઓ સંદર્ભે સ્વ-અધ્યયન સામગ્રી અને ક્ષમતાલક્ષી સ્વાધ્યાયપત્રો શિક્ષકોની મદદ લઇ તૈયાર કરવા જોઈએ.
- વિદ્યાર્થીઓને વિષય આધારિત કઠિન કલમને અનુરૂપ કસોટીનાં પ્રશ્નોનો મહાવરો મળી રહે તે પ્રકારની કસોટીનું નિર્માણ કરી શાળા કક્ષાએ વધુને વધુ પ્રેક્ટીસ શિક્ષકો દ્વારા કરાવવામાં આવે તેવું આયોજન કરવું જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

શિક્ષણમાં સંશોધન હાથ ધરવા માટે પસંદગીના ઘણાં ક્ષેત્રો જોવા મળે છે. પ્રયોજક સંશોધન કાર્ય હાથ ધરે તે પહેલાં તે કયા સંશોધનક્ષેત્ર સાથે સંલગ્ન છે તે અંગે વિચાર કરે છે. આ ક્ષેત્ર પૈકી બુચ (1990) ફિફ્થ સર્વે ઓફ રિસર્ચ ઈન એજ્યુકેશનના પહેલા વોલ્યુમમાં કુલ 38 ક્ષેત્રો દર્શાવ્યા છે.પ્રસ્તુત અભ્યાસમાં GAS-4 વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર વિસ્તારની અસર પ્રાપ્ત થશે કાર્યક્રમની અસરકારકતા હોઇ, સ્પષ્ટપણે કહી શકાય કે પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક મૂલ્યાંકન અને પરીક્ષાનાં ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

**સારાંશ તૈયાર કરનાર : આશુતોષભાઈ વ્યાસ**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : માધ્યમિક**

**સંશોધનનું શીર્ષક : ધોરણ દસના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST-1005 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા**

**ભાષા : ગુજરાતી**

**સંશોધકનું નામ : હેમલબેન ઉપાધ્યાય**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

1. **પ્રાસ્તાવિક :**

ગુજરાત રાજયમાં GCERT દ્વારા તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં NASના સંદર્ભમાં આ સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે. અને તેમાં પણ જે કઠિન અધ્યયન નિષ્પત્તિઓ છે તે શા માટે વિદ્યાર્થીઓને કઠિન લાગી છે તેના કારણો તપાસી આ કઠિનતાને સરલીકૃત કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીની કક્ષાએ વધુ સુગ્રાહય બનાવવા માટેનો કાર્યક્રમ તૈયાર કરીને પ્રાયોગિક સંશોધન દ્વારા એ બતાવવાનું છે કે સરલીકૃત અભિગમ કઇ રીતે વધારે ઉપયોગી થઇ શકે છે.

2. **સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે છે.

- જૂનાગઢ જિલ્લાના ધોરણ-10ના સામાજિક વિજ્ઞાન વિષયના એકમઃ ૧૩ ભારતના ઉત્પાદન ઉદ્યોગો પ્રકરણમાંથી કઠિન લાગતી અધ્યયન નિષ્પત્તિઓ જાણવી.
- ધોરણ-10 સામાજિક વિજ્ઞાન વિષયના એકમઃ ૧૩ ભારતના ઉત્પાદન ઉદ્યોગો માટે અધ્યયન નિષ્પત્તિની કઠિનતા દૂર કરવા અને સરલીકરણ કરવા માટે વિવિધ ઉપકરણોનો વિનિયોગ કરી સુધારણાલક્ષી કાર્યક્રમ તૈયાર કરવો.
- ધોરણ-10 સામાજિક વિજ્ઞાન વિષયના ભારતના સાંસ્કૃતિક એકમઃ એકમઃ ૧૩ ભારતના ઉત્પાદન ઉદ્યોગો માટે અધ્યયન નિષ્પતિ **SST-1005** "નકશા, ફોટા, હવામાન ની સમજ જેવા કૌશલ્યનો વિકાસ કરવો." તે માટે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ રચી અને અધ્યયન નિષ્પત્તિની કઠિનતા માટે કરવામાં આવેલા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પના નીચે મુજબ છે.

**"ધોરણ 10 ના સમામજિક વિજ્ઞાન વિષયના કઠિન અધ્યયન નિષ્પતિના સંદર્ભમાં, પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટી પરની સરેરાશાંકો અને પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતાં નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય**".

**3. પદ્ધતિ :**

**a. અભ્યાસની રૂપરેખા :**

પ્રસ્તુત સંશોધન માટે કાર્ય રૂપરેખા નીચે જણાવ્યા મુજબ ગોઠવવામાં આવી હતી.

1) સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના
2) દશ્ય-શ્રાવ્ય માધ્યમની પસંદગી
3) ઉપકરણોની પસંદગી અને સંરચના
4) નમૂના પસંદગી
5) ધોરણ-10 ની પ્રથમ કસોટીનું પરીણામ
6) સમાંતર જૂથની રચના
7) વિષય વસ્તુનું પૃથ્થકકરણ
8) અધ્યાપનનો સમયગાળો
9) પ્રયોગનો અમલ
10) ઉત્તર કસોટી
11) આંકડાકીય માહિતીની પ્રાપ્તિ
12) માહિતી પૃથક્કરણ વિધિ
13) પ્રયોગનાં તારણો

**b. નમૂનો :**

સમષ્ટિમાંથી પ્રયોગ માટે પસંદ કરેલા પાત્રોનું પ્રતિનિધિત્વ કરતું જૂથ એટલે નમૂનો. પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક સંશોધન હતું. શાળાની પસંદગી પ્રયોજકે સહેતુકપૂર્વક કરી હતી. જે અંતર્ગત જૂનાગઢ તાલુકાની ભાલજયોતિ વિધાલય બંધાળા માધ્યમિક શાળા પસંદ કરવામાં આવી હતી. શાળામાંથી ધોરણ 10 ના વીસ –વીસ વિદ્યાર્થીઓને પ્રાયોગિક અને નિયંત્રિત જૂથ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. કોને પ્રાયોગિક જૂથમાં અને કોને નિયંત્રિત જૂથમાં રાખવા તેની પસંદગી ધોરણ-૧૦ની પ્રથમ પરીક્ષાના પરીણામ પરથી કરવામાં આવી હતી. પ્રાયોગિક જૂથના 20 વિદ્યાર્થીઓને દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા વિશિષ્ટ પદ્ધતિ અને પ્રયુકિત દ્વરા અધ્યાપન કાર્ય કરાવવામાં આવ્યું હતું જયારે નિયંત્રિત જૂથના 20 વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિથી અધ્યાપનકાર્ય કરાવવામાં આવ્યું હતું.

**c. ઉપકરણ :** મોબાઈલ માં ફોટા- નકશા- પાઠય પુસ્તકમા આયેલ નકશા ભીત નકશા ચિત્રો-અખબાર.

**d. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રસ્તુત સંશોધન પ્રયોગાત્મક સંશોધન હોવાથી બે સમાંતર જૂથો રચવા માટે ધોરણ-10 પ્રથમ કસોટીના પરીણામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ધોરણ-10ની પ્રથમ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે વિદ્યાર્થીઓને ચઢતા ક્રમમાં ગોઠવવામાં આવેલ. બે જૂથ નકકી કર્યા, નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથ. ધોરણ-10 પ્રથમ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે પહેલા ક્રમના વિદ્યાર્થીને નિયંત્રિત જૂથમાં અને બીજા ક્રમના વિદ્યાર્થીને પ્રાયોગિક જૂથમાં આમ ક્રમિક રીતે એક પછી એક વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચી જૂથને સમાંતર કરવામાં આવ્યાં.

નિયંત્રિત જૂથમાં પરંપરાગત પદ્ધતિથી અને પ્રાયોગિક જૂથમાં વિશિષ્ટ પદ્ધતિ દ્વારા અધ્યાપન કાર્ય કરવામાં આવેલ. પાંચમા દિવસે ઉત્તર કસોટી લેવામાં આવી. ઉત્તર કસોટી કઠિન અધ્યયન નિષ્પતિ "નકશા ચાર્ટ ચિત્રો કૌશલ્ય વિકસાવવું." સંબંધિત ધો-10 સામાજિક વિજ્ઞાન વિષયના " એકમઃ ૧૩ ભારતના ઉત્પાદન ઉદ્યોગો " માંથી રચવામાં આવેલ કસોટી 25 ગુણની હતી અને કસોટીનો સમય 1 કલાકનો હતો. કસોટીમાં 25 પ્રશ્નો હતા. જે બહુવિકલ્પ પ્રકારના હતા. દરેક વિધાન/પ્રશ્નની સામે ૪(ચાર) વિકલ્પો આપેલા હતા જેમાંથી સાચા વિકલ્પની સામે ✔ નિશાની કરવાની હતી.

**e. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત અભ્યાસમાં ૩૮ વિદ્યાર્થીઓ પર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રયોગના અંતે ઉતર કસોટી પરનાં પ્રાપ્તાંકોને આધારે જૂથોની સરાસરી, પ્રમાણિત વિચલન અને ટી મૂલ્ય મેળવવામાં આવ્યા હતા. પ્રાયોગિક જૂથની ઉતર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી 16 હતી. જયારે નિયંત્રિત જૂથની સરાસરી 14 હતી. બંને જૂથોના પ્રમાણિત વિચલનો અનુક્રમે 3.43 અને 4.04 હતાં. આ સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટેના ટી ગુણોતરનું મૂલ્ય 0.22 હતું. પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથની સરાસરી વચ્ચેનો તફાવત 0.22 નો હતો. જે વિશિષ્ટ પદ્ધતિથી શિક્ષણની તરફેણમાં ન હતો. આમ, અહીં અભ્યાસની શૂન્ય ઉત્કલ્પનાનો સ્વિકાર થાય છે. આથી સંશોધન ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો હતો.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના તારણો તારવવામાં આવ્યા હતા.

ધોરણ ૧૦ના સામાજિક વિજ્ઞાનનો " એકમઃ ૧૩ ભારતના ઉત્પાદન ઉદ્યોગો "એકમના શિક્ષણમા શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વિશિષ્ટ પદ્ધતિ એ પરંપરાગત પદ્ધતિ કરતાં વધારે અસરકારક રહી ન હતી.

**5. સંશોધન ફલિતાર્થો :**

1) કઠિનબિંદુના સરલીકરણ માટેના પ્રયોગ ઘણી મહેનતથી તૈયાર કરવામાં આવ્યો હતો. તેમ છતા તેમની સિદ્ધિ અપેક્ષા કરતા ઓછી રહી છે. તેથી આ કઠિનબિંદુના સરલીકરણ માટે વિશેષ પ્રયોગ રચવાની જરૂર રહે છે.

2) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ શરૂઆતથી જ નોંધનીય તફાવત ધરાવતા હોય ત્યારે બંને જૂથને સમાન કરવા જરૂરી બને છે. અન્યથા ધાર્યા પરિણામો આવતા નથી

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનમાં સામાજિક વિજ્ઞાનના પાઠયપુસ્તક ધોરણ-10ના, એકમઃ ૧૩ ભારતના ઉત્પાદન ઉદ્યોગો વિષયવસ્તુના કઠિનબિંદુના સરલીકરણ માટે સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે અધ્યાપન માટે વિશિષ્ટ ઉપકરણોથી ઇન્સ્ટ્રકશન કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. આ દષ્ટિએ પ્રસ્તુત અભ્યાસ અધ્યયન–અધ્યાપન ક્ષેત્રનો હતો. ઉપરાંત ઉત્તર કસોટી દ્વારા સમગ્ર કાર્યક્રમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

**સારાંશ તૈયાર કરનાર : હેમલબેન ઉપાધ્યાય**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક: વંથલી તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**

**સંશોધાકનું નામ : હેમલબેન ઉપાધ્યાય**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

**1. પ્રાસ્તાવિક :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ ભારતીયતાની ઓળખ સાબિત કરનારી બની રહે તે માટે ઉંડાણપૂર્વક ચિંતન થયુ છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણથી લઇ ઉચ્ચશિક્ષણ સુધી માળખાથી લઇને શિક્ષણની આધારશીલાનું કેન્દ્રબિંદુ વિધાર્થી બની રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યુ છે. NEP-2020 માં દર્શાવેલ નીતિઓનું અમલીકરણ શિક્ષકો દ્વારા થનારું હોય ત્યારે આ નીતિની માળખાગત બાબતોથી લઇ તેના ધ્યેય,હેતુઓ અને લક્ષ્યાંકો બાબત તેઓમાં કેટલા પ્રમાણમાં સભાનતા છે તે જાણવું ખૂબ જ જરૂરી છે. અત્રે શિક્ષકોની સભાનતાનું પ્રમાણ જાણવા માટે સંશોધક દ્વારા NEP-2020 આધારિત પ્રશ્નાવલિની રચના કરવામાં આવેલ છે. જે દ્વારા NEP-2020ના અમલીકરણ માટે તાલીમ તથા અનુકાર્ય અંગે યોગ્ય દિશા મળશે.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધન માટે પ્રયોજકે આ પ્રમાણે હેતુઓ નક્કી કર્યા હતા. જે હેતુઓને લક્ષમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

1. પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાના અભ્યાસ માપન માટે ‘NEP જાગૃતતા અંગેના માપદંડ’ની સંરચના કરવી.
2. પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ કરવો.
3. પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલુકા અનુસાર NEP જાગૃતતા અંગેનો અભ્યાસ કરવો.
4. પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા અનુસાર NEP જાગૃતતા જાણવી. .
5. પ્રાથમિક શાળાના શિક્ષકોની વિભાગ અનુસાર NEP જાગૃતતા જાણવી.

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી.

1. પ્રાથમિક શાળાના વંથલી તાલુકાના શિક્ષકોમા NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
2. પ્રાથમિક શાળાના શિક્ષકોના વિભાગ (નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક) અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
3. પ્રાથમિક શાળાના શિક્ષકોના અભ્યાસ અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

4. પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા(પુરુષ અને સ્રી) અનુસાર તેઓની NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
5. પ્રાથમિક શાળાના શિક્ષકોની શાળામાં શૈક્ષણિક અનુભવ અનુસાર તેઓની NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**2. પદ્ધતિ :**

**a. અભ્યાસની રૂપરેખા :**

**b. નમૂનો :**

સંશોધન યોજનાને સ્પષ્ટ, સુવ્યવસ્થિત સ્વરૂપ આપવા માટે અને સંશોધન યોજનાને સ્પષ્ટ બનાવવા માટે વ્યાપવિશ્વનો નિર્દેશ અત્યંત આવશ્યક છે.પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની વંથલી તાલુકાની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2022-23 દરમિયાન અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, કુલ ૫૪ શાળાઓના 269 શિક્ષકો વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતાં.

**c. ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસની જરુરિયાતને ધ્યાનમાં રાખીને સંશોધકે શિક્ષક NEP-2020પ્રશ્નાવલિની રચના કરી હતી. ઉપકરણ રચનામાં નીચે મુજબના સોપાનોને અનુસરવામાં આવ્યા હતા.પ્રયોજકે પ્રસ્તુત સંશોધનમાં NEP-2020 જાગૃતતા માપદંડમાં પ્રતિચાર આપનાર શિક્ષકની સામાન્ય માહિતી અને કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ 40 વિધાનો આપવામાં આવ્યા હતા. જેમાં ત્રણ વિકલ્પ આપવામાં આવ્યા હતા. જેમાંથી એક સાચો વિકલ્પ પસંદ કરવાનો હતો.

**d. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રયોજકે NEP-2020 જાગૃતતા માપદંડ પર પ્રતિભાવ મેળવવા એક GOOGLE FORM વિકસાવવામાં આવ્યું હતું. જેની LINK બનાવી હતી.પ્રયોજકે પ્રાથમિક શાળાઓ માટે BRC CO. અને CRC CO. ને રૂબરૂ મળી પોતાના સંશોધનકાર્ય અંગેનો હેતુ સ્પષ્ટ કરી NEP-૨૦૨૦ જાગૃતતા માપદંડ પર માહિતી એકત્રિત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રયોજકે પોતે અને BRC CO.અને CRC CO. દ્વારા નમૂનાની શાળાઓમાં રૂબરૂ જઈને પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પ્રસ્તુત સંશોધન કાર્ય તેમજ NEP-2020 જાગૃતતા માપદંડમાં વિશે GOOGLE FORM ની LINK અને જરૂરી માહિતી આપી. આમ, NEP-2020 જાગૃતતા માપદંડ પર પ્રતિચારો ONLINE જ મેળવવામાં આવ્યા હતા.

આ અંગે શિક્ષકોએ આપેલા પ્રતિભાવો ગૂગલ ફોર્મ પરથી MSEXCEL SHEET માં મેળવી તેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા. ગુગલ ફોર્મના આધારે જણાયુ હતુ કે વંથલી તાલુકાના કુલ 111 પ્રતિચારો પ્રાપ્ત થયા હતા. જેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત થયેલી માહિતીના આધારે પૃથક્કરણ કરવા માટે વિવિધ અંકશાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા માહિતી ગણતરી કરવામાં આવી હતી. આ અંકશાસ્ત્રીય ગણતરીઓ MICRO SOFT – EXCELનો ઉપયોગ કર્યો હતો.

**e. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવેલ અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે.

- સરાસરી
- પ્રમાણ વિચલન
- t – test
- વિધાન અનુસાર ટકાવારી

ઉપર્યુકત મુદ્દાઓના અનુસંધાનમાં બંને શાળાઓમાંથી મળેલ માહિતી પરથી અસરકારકતાની ચકાસણી કરવામાં આવી હતી. પ્રશ્નનાવલિના સાચા જવાબ માટે 1 પોઈન્ટ અને ખોટા જવાબ માટે 0 પોઈન્ટ ગણવામાં આવેલ હતો. વિધાન અનુસાર ટકાવારી સાચા વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "સાચા" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.જેમાં સાર્થકતા ચકાસવા માટે ટી- કસોટીનો ઉપયોગ કરેલ જેમાં ટી- કસોટીની સારણી મુજબ 0.05 કક્ષાએ સાર્થકતા મુલ્ય 1.96 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. અને 0.01 કક્ષાએ સાર્થકતા મુલ્ય 2.58 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. તેની ચર્ચા પ્રકરણ-4 માં વિગતે કરવામાં આવી છે. વિધાન અનુસાર ટકાવારી MS EXCELમાં ફોર્મ્યુલા=(કુલ હકારાત્મક પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

**3. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે વિધાન અને શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

1- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 શિક્ષણ માળખામાં નવી પેટર્નથી પરિચિત છે.

2- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

3- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 6 થી 8 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

4- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 8 થી 11 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તેની જાણકારીનો અભાવ જોવા મળે છે.

5- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 11 થી 14 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ જોવા મળે છે.

6- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો ઘરની ભાષા અને શાળાની ભાષા અલગ હોય તેવા બાળકો માટે દ્વિભાષા મુજબનો અભિગમ ઉપયોગમાં લેવાશે એ બાબતથી પરિચિત નથી

7- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને ‘ એક ભારત શ્રેષ્ઠ ભારત ‘ અંતર્ગત ધો. ૬ થી ૮ માં ભારતની ભાષાઓ પર કઇ પ્રવૃતિ આપવી તેનો ખ્યાલ નથી

8- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને  સંસ્કૃતને ધ્વનિ અને ઉચ્ચારણના માધ્યમથી કયા સ્ટેજ પર શિખવવામાં આવશે તે બાબતનો ખ્યાલ નથી.

9- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મિડલ સ્કૂલના તબકકામા કઇ  પ્રવૃતિ શરુ થશે તેનો ખ્યાલ  છે.

10- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ધો. 6 થી 8 માં ક્રિયા દ્વારા શિક્ષણ માટે કઇ પ્રવૃતિ હાથ ધરાશે તેનો ખ્યાલ નથી.

11- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ધો. 6 થી 12માં વેકેશન દરમિયાન કઇ સુવિધા પૂરી પડશે તેનો ખ્યાલ નથી.

12- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  મૂલ્યાંકનનો પ્રાથમિક ઉદેશ્ય શિક્ષક, વિધાર્થી, શાળા પ્રણાલીને સાથે રાખીને કઇ  રીતે  શિક્ષણ આપવાનો પ્રયાસ રહેશે તે બાબતનો ખ્યાલ નથી.

13- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શું લાગુ પડતું નથી તે બાબતનો શિક્ષકોને ખ્યાલ છે.

14- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ધો.૩ માં શાના આધારે પરીક્ષણ કરાશે તેનો ખ્યાલ નથી.

15- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં NEP-2020માં શિક્ષણ સંદર્ભે શિખવવાની કઇ બાબત પર ભાર મૂકવામાં આવે છે તેનો ખ્યાલ છે.

16- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  કયા સ્ટેજમાં  ફરજિયાત માતૃભાષા શિક્ષણ હોવું જોઇએ તેનો ખ્યાલ નથી.

17- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ફાઉન્ડેશનલ સ્ટેજનો અભ્યાસક્રમ કેવો હશે તેનો ખ્યાલ નથી.

18- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં પ્રિપરેટરી સ્ટેજમાં જુદા જુદા વિષયોમાં શેના પર ભાર મૂકવામાં આવશે તેનો ખ્યાલ નથી.

19- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  મિડલ સ્ટેજમાં જુદા જુદા વિષય મુખ્યત્વે શાના આધારે શિખવાય છે તેનો ખ્યાલ નથી.

20- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  સેકન્ડરી સ્ટેજમાં વિષય પસંદગી અંગે શી જોગવાઇ છે તેનો ખ્યાલ નથી.

21- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  બાળકોના સર્વાંગી વિકાસ સંદર્ભે ગોખણપટીના બદલે શાના પર ભાર મૂકાયો છે તેનો ખ્યાલ છે.

22- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ફાઉન્ડેશનલ સ્ટેજમા ભાષાઓનું શિક્ષણ કઇ પદ્ધતિથી આપવું જોઇએ તેનો ખ્યાલ નથી.

23- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ખામી ધરાવતા વિધાર્થીઓ માટે કઇ લેંગ્વેજ અસ્તિત્વમાં છે તેનો ખ્યાલ નથી.

24- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 મુજબ શિક્ષણતંત્રમાં એકસુત્રતા એટલે.....શું તેનો ખ્યાલ નથી.

25- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવી છે  તેનો ગુજરાતી અનુવાદ કઇ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે તેનો ખ્યાલ નથી.

26- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ શિક્ષણમાં વિષયવસ્તુમાં વધારો કરવાની જગ્યાએ અધ્યાપન શાસ્ત્ર એવું હોવું જોઇએ કે શિક્ષણ પ્રક્રિયા...કેવી હોવી જોઇએ તેનો ખ્યાલ નથી. .

27- પ્રાથમિક શાળાના મોટા ભાગના  શિક્ષકોને  રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ શેના આધારે નકકી થઇ છે તેનો ખ્યાલ નથી.

28- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  કઇ બાબત રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં નથી તેનો ખ્યાલ છે.

29- પ્રાથમિક શાળાના મોટા ભાગના  શિક્ષકોમાં  કેટલા વર્ષો પછી ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિની ઘોષણા કરવામાં આવી તેનો ખ્યાલ નથી.

30- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને  ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ ની મસૌદા સમિતિ(Drafting committi) ના અધ્યક્ષ કોણ છે તેનો ખ્યાલ નથી.

31- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ અનુસાર વોકેશનલ કોર્સ કયા ધોરણથી શરુ કરવામાં આવશે તનો ખ્યાલ નથી.

32- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦માં મિશન માધ્યમથી FLN (પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન) ને કયા વર્ષ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ નથી.

33- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને   રાષ્ટ્રીય શિક્ષણનીતિ -૨૦૨૦નો  અમલ કરનાર પહેલું રાજય કયુ છે તેનો ખ્યાલ નથી.

34- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને  રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ કોણે તૈયાર કરી છે તેનો ખ્યાલ નથી.

35- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં કેટલા વર્ષ સુધીના બાળકોને RTE-2009 માં સમાવવામાં આવશે તેનો ખ્યાલ નથી.

36- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ  ૨૦૨૦ માં ૩ થી ૧૮ વર્ષની ઉમરના પ્રત્યેક બાળકને ગુણવતાયુકત શિક્ષણ  કયા વર્ષ સુધીમાં પુર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ નથી.

37- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણને સાર્વત્રિક રીતે ઉપલબ્ધ બનાવવા શું સાચુ નથી તેનો ખ્યાલ નથી.

38- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને શિક્ષણ વ્યવસ્થામાં થઇ રહેલા મૂળભૂત પરિવર્તનના કેન્દ્રમાં અવશ્યપણે  કોણ હોવું  જોઇએ તેનો ખ્યાલ નથી.

39- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના ઉદેશ શું છે તેનો ખ્યાલ છે.

40- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં ધોરણ ૫ સુધીનું શિક્ષણ કઇ ભાષામાં રાખવામાં આવશે તેનો ખ્યાલ નથી.

41- પ્રાથમિક શાળાના શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના NEP જાગૃતતાના માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના NEP જાગૃતતાના પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

42- પ્રાથમિક શાળાના પીટીસીની લાયકાત ધરાવતા શિક્ષકો બીએડની લાયકાત ધરાવતા શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પીટીસીની લાયકાત ધરાવતા શિક્ષકો બીએડની લાયકાત ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

43- પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

44- પ્રાથમિક શાળાના 10 વર્ષથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પ્રાથમિક શાળાના 10 વર્ષથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

**4. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

1 રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતાને અભ્યાસ, જાતીયતા,વિભાગ કે શૈક્ષણિક અનુભવ સાથે કોઈ સંબંધ નથી.

2.શિક્ષકોના વિવિધ સમયે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતામાં ફેરફાર થતા હોવાથી થોડા થોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.

3.આધુનિક યુગમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની જાગૃતતા લાવવી ખૂબ જરુરી છે. આથી શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની બાબતોથી જાગૃત રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**5. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકોમા NEP જાગૃતતાનો અભ્યાસ કરવાનો હોવાથી, પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર ‘પ્રાથમિક શિક્ષણ’,શૈક્ષણિક માપન મૂલ્યાંકન,મૂલ્ય શિક્ષણ અને કેળવણી-સમાજપરિવર્ત - નામનાં સંશોધન ક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય.

**સારાંશ તૈયાર કરનાર : હેમલબેન ઉપાધ્યાય**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય :ટીચર એજ્યુકેશન**

**વિભાગ : માધ્યમિક**

**સંશોધનનું શીર્ષક : જૂનાગઢ જિલ્લાના સરકારી અને ગ્રાન્ટેડ મા.શાળા ના શિક્ષકોનો તારુણ્ય સબંધી સમજ અંગેના અભિપ્રાયોનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**


**સંશોધકનું નામ : હેમલબેન ઉપાધ્યાય**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**


**વર્ષ : 2022-23**

**સારાંશ**

**1. પ્રાસ્તાવિક :**

શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ માં તરૂણાવસ્થાની ઘણી સમસ્યાઓ જોવા મળે છે. તરુણો આ બાબતે જે કંઈ માહિતી જીજ્ઞાસાવશ મેળવે છે તે પણ અધૂરી અને અસ્પષ્ટ હોય છે. તે જે સમજે છે અથવા તો જાણકરી ધરાવે છે તે બાબતને ધ્યાનમાં રાખીને પ્રયોજક દ્વારા પ્રસ્તુત અભ્યાસ તૈયાર કરવાનું ઉચિત જણાયું. મોટેભાગે બાળકમાં તારુણ્ય અંગેની સમજ પર મિત્રોની પ્રત્યક્ષ અસર હોય છે. આ સમસ્યા મા.શાળામાં શિક્ષકો વધારે અનુભવે છે. કારણ ધો. ૯ અને ૧૦ નો વિદ્યાર્થી ની ઉમર ૧૫ થી ૧૮ વર્ષ જે બરાબર તરૂણાવસ્થાનો સમયગાળો છે. તારુણ્યની બાબત વિકાસના બધાં જ પાસાંઓ જેવા કે શારીરિક, ભાષાકીય, સામાજિક, ભાવનાત્મક, બૌદ્ધિક અને સર્જનાત્મકતાના ક્ષેત્રમાં પાયામાં રહેલી છે. તેથી મા.શાળા ના શિક્ષણ સાથે સંકળાયેલ શિક્ષકોની તારુણ્ય અંગેની સમજ અંગે અભ્યાસ કરવામાં આવે તો શાળા કક્ષાએ શિક્ષણમાં કાઉન્સેલરની ભૂમિકા તેમજ જરૂરિયાત નક્કી કરી શકાય. આમ પ્રસ્તુત અભ્યાસ તૈયાર કરવાનું ઉચિત જણાયું.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ હતાં.

- જૂનાગઢ જિલ્લાના સરકારી અને ગ્રાન્ટેડ મા.શાળા ના શિક્ષકોનો તારુણ્ય સબંધી સમજનો અભ્યાસ કરવો.
- જૂનાગઢ જિલ્લાના સરકારી અને ગ્રાન્ટેડ મા.શાળા ના શિક્ષકો માટે તારુણ્ય સબંધિત ઉપકરણની સંચરના કરવી.
- જૂનાગઢ જિલ્લાના સરકારી અને ગ્રાન્ટેડ મા.શાળા ના શિક્ષકો માટે તારુણ્ય સબંધિત રચવામાં આવેલ ઉપકરણની અસરકારકતા ચકાસવી.
- જૂનાગઢ જિલ્લાના સરકારી અને ગ્રાન્ટેડ મા.શાળા ના શિક્ષકો તારુણ્ય સબંધી સમજ પર વિદ્યાર્થીઓની જાતીયતા અને વિસ્તારની અસર તપાસવી.

ઉત્કલ્પનાઓ:-

01) જૂનાગઢ જિલ્લાના મહિલા શિક્ષકો અને પુરુષ શિક્ષકોની તારુણ્ય અંગેની સમજના સરેરાશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

02) જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના શિક્ષકો અને શહેરી વિસ્તારના શિક્ષકોની તારુણ્ય અંગેની સમજના સરેરાશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

**3.** પદ્ધતિ :

**i. અભ્યાસની રૂપરેખા :**

**ii. નમૂનો :**

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે જૂનાગઢ જિલ્લાના સરકારી અને ગ્રાન્ટેડ મા.શાળાના શિક્ષકોને આકસ્મિક નમુના પસંદગી પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતાં. પ્રસ્તુત અભ્યાસનો કુલ નમૂનો **127** હતો

**iii. ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ઉપકરણ તરીકે સ્વ-રચિત મા.શાળાના શિક્ષકોના તારુણ્ય અંગેની સમજ અંગેના અભિપ્રાય માપદંડનો ઉપયોગ કર્યો હતો. સંશોધકે સૌ પ્રથમ શિક્ષણમાં મનોવિજ્ઞાન આધારિત જુદા-જુદા મોડ્યુલનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ શાળાઓની મુલાકાતો , અનુભવી શિક્ષકો સાથે તાલીમવર્ગો દરમ્યાન કે અન્ય કોઈ પણ માધ્યમથી રૂબરૂ મુલાકાત કરી તેની તારુણ્ય અંગેની સમજ અંગેની વિશેષ માહિતી મેળવી હતી. મેળવેલ માહિતીને હેતુના સંદર્ભમાં વ્યવસ્થિત સ્વરૂપે ગોઠવી તેને અનુરૂપ વિધાનો તૈયાર કર્યા હતા. પ્રારંભિક ઉપકરણ તૈયાર કર્યા પછી તેની ચકાસણી કરવા પસંદગીના તજજ્ઞોને મોકલી આપવામાં આવ્યું હતું. તજજ્ઞોશ્રીઓએ આપેલ પ્રતિભાવો અને સુધારાઓને ધ્યાને લઈ અંતિમ ઉપકરણ તૈયાર કરવામાં આવ્યું હતું. અંતિમ ઉપકરણ (ક્રમમાપદંડ)માં કુલ 25 વિધાનો રાખવામાં આવ્યા હતાં. દરેક વિધાનમાં સહમત, અસહમત અને તટસ્થ વિકલ્પ આપવામાં આવેલ. જેમાંથી કોઈપણ એક વિકલ્પ પસંદ કરીને પ્રતિચાર આપવાનો હતો.

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત કરવા સંશોધક દ્વારા સંશોધન ઉપકરણની રચના કરવામાં આવી હતી. નમૂનામાં સમાવિષ્ટ પાત્રો પાસેથી માહિતી એકત્રિત કરવા પ્રયોજકે જૂનાગઢ જિલ્લાના ડી.ઓ ઓફિસસાથે સંકલન કરી ઈ.આઈ.મિત્રોની મદદથી શિક્ષકો દ્વારા મળેલ માહિતીનું એકત્રીકરણ કરેલ.

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવેલ હતો. જેમાં જૂનાગઢ જિલ્લાના સરકારી અને ગ્રાન્ટેડ મા.શાળામા કાર્યરત શિક્ષકોની તારુણ્ય અંગેની સમજનો અભ્યાસ કરવાનો હતો. અભિપ્રાયો ત્રિબિંદુ સ્વરૂપે (સહમત, અસહમત, તટસ્થ) મેળવવામાં આવેલ હતા. આમ, મળેલ મંતવ્યોની આવૃત્તિના સંદર્ભમાં માહિતી પ્રાપ્ત થયેલ હતી.

**v. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત સંશોધનમાં એકત્રિત કરેલ માહિતીને આધારે મળેલ ડેટાનું કોડીગ કરી એક શ્રેણી તૈયાર કરવામાં આવેલ. જેના પર અંકશાસ્ત્રના પ્રારંભિક માપો મેળવવામાં આવ્યા હતા. જેને આધારે અંકશાસ્ત્રની ટી કસોટી તેમજ કાઈવર્ગ કસોટી દ્વારા માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત અભ્યાસના માહિતી એકત્રીકરણ માટે જૂનાગઢ જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ મા.શાળામા કાર્યરત શિક્ષકોની તારુણ્ય અંગેની સમજનો અભ્યાસ કરવાનો હતો. જે માટે નમૂનાના પાત્રો પાસેથી એકત્રિત કરવામાં આવેલ માહિતીને આધારિત દરેક વિધાનના કાઈવર્ગ મૂલ્ય મેળવવામાં આવ્યા હતા. આ ઉપરાંત જાતીયતા અને વિસ્તારની અસર ચકાસવા ટી કસોટી રચવામાં આવેલ. જેની વિગતવાર રજૂઆત અત્રે સારણી 4.1માં કરવામાં આવેલ છે.

**2. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસના તારણો આ પ્રમાણેના હતા.

1. જૂનાગઢ જિલ્લાના સરકારી અને ગ્રાન્ટેડ મા.શાળાના શિક્ષકો ના તારુણ્ય અંગેના અભિપ્રાયો પર શિક્ષકોની જાતીયતાની અસર એકસમાન હતી. અથવા તો ન હતી.
2. જૂનાગઢ જિલ્લાના સરકારી અને ગ્રાન્ટેડ મા.શાળાના શિક્ષકો તારુણ્ય અંગેના અભિપ્રાયો પર શિક્ષકો ના વિસ્તારની અસર એકસમાન હતી. અથવા તો ન હતી.
3. તરુણાવસ્થા એ એક સહજ અવસ્થા છે. તેમાં 98.42% મા.શાળાના શિક્ષકો સહમત હતા.
4. તરુણાવસ્થામાં સંસ્થાની ભૂમિકા મહત્વની છે તેમાં 85.83% મા.શાળાના શિક્ષકો સહમત હતા .
5. તરુણાવસ્થા એ સંક્રાંતિકાળ છે.એવી માન્યતા સાથે 86.61%મા.શાળાના શિક્ષકો સહમત હતા.
6. તરુણાવસ્થા એ નિર્દોષ અવસ્થા છે. એવું માનતા 72.44% મા.શાળાના શિક્ષકો જોવા મળ્યા.
7. તરુણાવસ્થાનો સમયગાળો નાજુક છે. જેમાં 90.55% મા.શાળાના શિક્ષકો સહમતી દર્શાવતા હતા.
8. 15 થી 18 વર્ષનો સમય તરુણાવસ્થાનો સમયગાળો નથી. જેમાં 66.14% મા.શાળાના શિક્ષકો અસહમતી વ્યકત કરતાં જણાયા.
9. તરુણાવસ્થામાં જિજ્ઞાસાવૃતિ જોવા મળે છે. જેમાં 93.70% જેમાં માને છે.
10. તરુણાવસ્થામાં સાહસવૃતિ જોવા મળે છે. એવું માત્ર 5.51% મા.શાળાના શિક્ષકો માનતા ન હતા. એટલે કે તેઓ અસહમત હતા.
11. તરુણાવસ્થા દરમિયાન તરુણોને કલાપ્રવૃતિઓમાં ભાગ લેવો જોઇએ નહિ. તેમા 88.98% મા.શાળાના શિક્ષકો સહમત ન હતા.
12. તરુણાવસ્થા દરમિયાન બાળક શરમ અનુભવે છે. વિધાન સાથે 85.83% મા.શાળાના શિક્ષકો સહમત હતા.
13. તરુણાવસ્થા દરમિયાન તરુણ માતા-પિતા સાથે વિચારભેદ ધરાવતો હોય છે. એવું 85.83% મા.શાળાના શિક્ષકો માનતા હતા.
14. તરુણાવસ્થા દરમિયાન તરુણ મૂંઝવણ અનુભવે છે.એવું 90.55% મા.શાળાના શિક્ષકો માનતા હતા.
15. તરુણાવસ્થામાં આક્રમકવૃતિ જોવા મળે છે તે વિધાન સાથે 73.22% મા.શાળાના શિક્ષકો સહમત હતા.

16. તરુણાવસ્થામાં જાતિયવૃતિ જોવા મળે છે. તેવી વિચારધારા 84.25% મા.શાળાના શિક્ષકો ધરાવતા જોવા મળ્યા હતા.
17. તરુણાવસ્થા ખેલકુદ પ્રવૃતિના ઉર્ધ્વીકરણ માટે આવશ્યક છે. તેવી વિચારધારા 76.38% મા.શાળાના શિક્ષકો ધરાવતા જોવા મળ્યા હતા.
18. તરુણાવસ્થામાં સાહસકથાઓ પ્રેરકબળ બની શકે છે. વિધાનમા અનુક્રમે 87.40% મા.શાળાના શિક્ષકો સહમત હતા.
19. વાર્તાશિક્ષણ તરુણાવસ્થા માટે ઉપકારક છે. તે વિધાનમાં અનુક્રમે 70.87% મા.શાળાના શિક્ષકો સહમત હતા.
20. તરુણાવસ્થા દરમિયાન તાદાત્મીકરણ અનુભવાય છે. તે વિધાનમાં અનુક્રમે 70.08% મા.શાળાના શિક્ષકો સહમત હતા.
21. તરુણાવસ્થા દરમિયાન તરુણ સંઘર્ષ અનુભવે છે. તે વિધાનમા 79.53% મા.શાળાના શિક્ષકો સહમત હતા.
22. તરુણાવસ્થામાં સમોવડીયા જૂથ પ્રત્યે વધુ આકર્ષણ હોય છે. એ વિધાનમાં 81.10% મા.શાળાના શિક્ષકો સહમતી દર્શાવતા જોવા મળ્યા હતા.
23. તરુણાવસ્થા દરમિયાન તરુણોમાં તોડફોડવૃતિ જોવા મળે છે. એ વિધાનમાં 70.87% મા.શાળાના શિક્ષકો સહમતી દર્શાવતા જોવા મળ્યા હતા.
24. તરુણાવસ્થા અવસ્થાને પ્રશ્નો પૂછવાની ઉમર તરીકે ઓળખવામાં આવે છે એ વિધાન સાથે 74.01% મા.શાળાના શિક્ષકો સહમતી દર્શાવતા જોવા મળ્યા હતા.
25. તાલીમાર્થીઓના માટે તરુણાવસ્થા દરમિયાન તરુણો જાતિગત ભેદભાવ વિના સાથે રમતો રમે છે. એ અંગે મા.શાળાના શિક્ષકો અભિપ્રાયોમાં 36.22% સહમત અભિપ્રાય ધરાવતા જોવા મળતા હતા. અને 39.37% અસહમત હતાં આથી આ વિધાન માં શિક્ષકોનો સ્પષ્ટ મત જોઈ શકાતો નથી
26. તરુણાવસ્થા એ સર્જનની ઉમર છે. એ વિધાન સાથે 77.17% મા.શાળાના શિક્ષકો સહમત હતા.
27. તરુણાવસ્થા દરમિયાન તરુણ વિજાતીય આકર્ષણ અનુભવે છે. તેવું 95.26% મા.શાળાના શિક્ષકો માનતા હતા.

**3. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

1. વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં તારુણ્ય અંગેની સમજ વિકસે તે માટે સંસ્થા કક્ષાએ શૈક્ષણિક મનોવિજ્ઞાન અંગેના પુસ્તકો તેમજ સાહિત્ય વિકસાવવા જોઈએ.
2. ઓ તારુણ્ય અંગેની સમજ મેળવવા માટે સંસ્થા કક્ષાએ કાઊન્સેલરની નીમવા જોઈએ.
3. તારુણ્ય અંગેની સમજ વિકસે તેવા પોસ્ટર તેમજ ચિત્રો કોલેજ કક્ષાએ તૈયાર થાય તેવું આયોજન કરવું જોઈએ.
4. તારુણ્ય દરમિયાન થતાં શારીરિક કે માનસિક ફેરફારોની સમજ તેમજ જાગૃત્તતા કેળવે તે માટેના વ્યાખ્યાનોની શ્રેણીનું આયોજન કોલેજ કક્ષાએથી થવું જોઈએ.

5. તારુણ્ય અંગેની સમજ વિકસે તે માટે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળા કક્ષાએ અભ્યાસક્રમમાં કેટલાક એકમો દાખલ કરવા જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

શૈક્ષણિક સંશોધનની સમસ્યા પસંદ કરવા માટે શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રો વિશેનો અભ્યાસ કરવો અગત્યનો છે. કોઈ એક વિશિષ્ટ ક્ષેત્રના આધારે સમસ્યા પસંદ કરી શકાય છે. National Council of Educational and Training (2000) દ્વારા પ્રસ્તુત Fifth Survey of Educational Researchમાં 38 જેટલા શૈક્ષણિક સંશોધન ક્ષેત્રો દર્શાવ્યા છે. જે પૈકી પ્રસ્તુત સંશોધનને સ્પર્શતા ક્ષેત્રો નીચે પ્રમાણે હતાં.

1. શિક્ષણનું મનોવિજ્ઞાન
2. શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સારાંશ તૈયાર કરનાર : હેમલબેન ઉપાધ્યાય**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક : ધોરણ પાંચના ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ M-513ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા**

**ભાષા : ગુજરાતી**


**સંશોધાકનું નામ : કે. પી. ચિત્રોડા**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**


**વર્ષ : 2022-23**

**સારાંશ**


**1. પ્રાસ્તાવિક :**

GCERT દ્વારા તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં NASના સંદર્ભમાં આ સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે. અને તેમાં પણ જે કઠિન અધ્યયન નિષ્પત્તિઓ છે તે શા માટે વિદ્યાર્થીઓને કઠિન લાગી છે તેના કારણો તપાસી આ કઠિનતાને સરલીકૃત કાર્યક્રમ દ્વારા વિધાર્થીની કક્ષાએ વધુ સુગ્રાહય બનાવવા માટેનો કાર્યક્રમ તૈયાર કરીને પ્રાયોગિક સંશોધન દ્વારા એ બતાવવાનું છે કે સરલીકૃત અભિગમ કઇ રીતે વધારે ઉપયોગી થઇ શકે છે.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે છે.

- જૂનાગઢ જિલ્લાના ધોરણ-5 ના ગણિત વિષયના કેટલું મોટું? કેટલુ ભારે? એ પ્રકરણમાંથી કઠિન લાગતી અધ્યયન નિષ્પત્તિઓ જાણવી.
- ધોરણ-5 ના ગણિત વિષયના કેટલું મોટું? કેટલુ ભારે? એ પ્રકરણ માટે અધ્યયન નિષ્પત્તિની કઠિનતા દૂર કરવા અને સરલીકરણ કરવા માટે વિવિધ ઉપકરણોનો વિનિયોગ કરી સુધારણાલક્ષી કાર્યક્રમ તૈયાર કરવો.
- ધોરણ-5 ના ગણિત વિષયના કેટલું મોટું? કેટલુ ભારે? એ પ્રકરણ માટે અધ્યયન નિષ્પત્તિ M-513 બાબતમાં સમજણ વિકસાવવી. અને તે માટે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ રચી અને અધ્યયન નિષ્પત્તિની કઠિનતા માટે કરવામાં આવેલા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પના નીચે મુજબ છે.

**" ધોરણ-5 ના ગણિત વિષયના કઠિન અધ્યયન નિષ્પતિના સંદર્ભમાં, પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટી પરની સરેરાશાંકો અને પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતાં નિયંત્રિત જૂથના વિધાર્થીઓની સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય".**

**3. પદ્ધતિ :**

**a. અભ્યાસની રૂપરેખા :**

પ્રસ્તુત સંશોધન માટે કાર્ય રૂપરેખા નીચે જણાવ્યા મુજબ ગોઠવવામાં આવી હતી.

1) સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના
2) દશ્ય-શ્રાવ્ય માધ્યમની પસંદગી
3) ઉપકરણોની પસંદગી અને સંરચના
4) નમૂના પસંદગી
5) ધોરણ-પની પ્રથમ કસોટીનું  પરીણામ
6) સમાંતર જૂથની રચના
7) વિષય વસ્તુનું પૃથ્થકકરણ
8) અધ્યાપનનો સમયગાળો
9) પ્રયોગનો અમલ
10) ઉત્તર કસોટી
11) આંકડાકીય માહિતીની પ્રાપ્તિ
12) માહિતી પૃથક્કરણ વિધિ
13) પ્રયોગનાં તારણો

**b. નમૂનો :**

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક સંશોધન હતું. શાળાની પસંદગી પ્રયોજકે સહેતુકપૂર્વક કરી હતી. જે અંતર્ગત જૂનાગઢ શહેર તાલુકાની કન્યાશાળા નં 4 શાળા પસંદ કરવામાં આવી હતી. શાળામાંથી ધોરણ પના પંદર-પંદર  વિદ્યાર્થીઓને પ્રાયોગિક અને નિયંત્રિત જૂથ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. કોને પ્રાયોગિક જૂથમાં અને કોને નિયંત્રિત જૂથમાં રાખવા તેની પસંદગી ધોરણ-પની પ્રથમ પરીક્ષાના પરીણામ પરથી કરવામાં આવી હતી. પ્રાયોગિક જૂથના પંદર   વિદ્યાર્થીઓને દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા વિશિષ્ટ પદ્ધતિ અને પ્રયુકિત દ્વરા અધ્યાપન કાર્ય કરાવવામાં આવ્યું હતું જયારે નિયંત્રિત જૂથના પંદર  વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિથી અધ્યાપનકાર્ય કરાવવામાં આવ્યું હતું.

**c. ઉપકરણ :** અવલોકનો,અનુભવો,માહિતી, પ્રવૃતિઓ,અસાધારણ ઘટનાઓ વિવિધ મુલાકાત લીધેલ સ્થળો, પેટર્ન અને પ્રવૃતિઓ અસાધારણ ઘટનાની આગાહી વગેરે

**d. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રસ્તુત સંશોધન પ્રયોગાત્મક સંશોધન હોવાથી બે સમાંતર જૂથો રચવા માટે ધોરણ-4 પ્રથમ કસોટીના પરિણામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ધોરણ-4ની પ્રથમ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે વિદ્યાર્થીઓને ચઢતા ક્રમમાં ગોઠવવામાં આવેલ. બે જૂથ નકકી કર્યા, નિયંત્રિત જૂથ અને પ્રાયોગિક જૂથ.ધોરણ-પ  પ્રથમ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે પહેલા ક્રમના વિદ્યાર્થીને

નિયંત્રિત જૂથમાં અને બીજા ક્રમના વિદ્યાર્થીને પ્રાયોગિક જૂથમાં આમ ક્રમિક રીતે એક પછી એક વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચી જૂથને સમાંતર કરવામાં આવ્યાં.

નિયંત્રિત જૂથમાં પરંપરાગત પદ્ધતિથી અને પ્રાયોગિક જૂથમાં વિશિષ્ટ પદ્ધતિ દ્વારા અધ્યાપન કાર્ય કરવામાં આવેલ. ચોથા દિવસે ઉત્તર કસોટી લેવામાં આવી) અધ્યયન નિષ્પતિ - ધોરણ પાંચના ગણિત વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ M -513 માંથી રચવામાં આવેલ કસોટી 50 ગુણની હતી અને કસોટીનો સમય 2 કલાકનો હતો. કસોટીમાં 12 પ્રશ્નો હતા. જે બહુવિકલ્પ તેમજ ખાલી જગ્યા પ્રકારના હતા. દરેક બહુવિકલ્પ પ્રકારના વિધાન/પ્રશ્નની સામે ૪(ચાર) વિકલ્પો આપેલા હતા જેમાંથી સાચા વિકલ્પની સામે ✓ નિશાની કરવાની હતી.

**e. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત અભ્યાસમાં ૩૦ વિધાર્થીઓ પર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રયોગના અંતે ઉતર કસોટી પરનાં પ્રાપ્તાંકોને આધારે જૂથોની સરાસરી, પ્રમાણિત વિચલન અને ટી મૂલ્ય મેળવવામાં આવ્યા હતા. પ્રાયોગિક જૂથની ઉતર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી 17.26 હતી. જયારે નિયંત્રિત જૂથની સરાસરી 17.40 હતી. બંને જૂથોના પ્રમાણિત વિચલનો અનુક્રમે 6.25 અને 6.30 હતાં. આ સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટેના ટી ગુણોતરનું મૂલ્ય 1.97 હતું. પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથની સરાસરી વચ્ચેનો તફાવત 1.97 નો હતો. જે વિશિષ્ટ પદ્ધતિથી શિક્ષણની તરફેણમાં હતો.આમ, અહીં અભ્યાસની શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વિકાર થાય છે. આથી સંશોધન ઉત્કલ્પનાનો સ્વીકાર થયો હતો.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના તારણો તારવવામાં આવ્યા હતા.

ધોરણ-5 ના ગણિત વિષયના કેટલું મોટું? કેટલુ ભારે? એ એકમના શિક્ષણમા શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વિશિષ્ટ પદ્ધતિ એ પરંપરાગત પદ્ધતિ કરતાં વધારે અસરકારક રહી હતી.

**5. સંશોધન ફલિતાર્થો :**

- કઠિનબિંદુના સરલીકરણ માટેના પ્રયોગ ઘણી મહેનતથી તૈયાર કરવામાં આવ્યો હતો. તેમ છતા તેમની સિદ્ધિ અપેક્ષા કરતા ઓછી રહી છે. તેથી આ કઠિનબિંદુના સરલીકરણ માટે વિશેષ પ્રયોગ રચવાની જરૂર રહે છે.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ શરૂઆતથી જ નોંધનીય તફાવત ધરાવતા હોય ત્યારે બંને જૂથને સમાન કરવા જરૂરી બને છે. અન્યથા ધાર્યા પરિણામો આવતા નથી.

**4. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ-5 ના ગણિત વિષયના કેટલું મોટું? કેટલુ ભારે? એ વિષયવસ્તુના કઠિનબિંદુના સરલીકરણ માટે સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે અધ્યાપન માટે દીક્ષા પોર્ટલ પરના આ પ્રકરણના વિડિયો અને વિશિષ્ટ ઉપકરણોથી નિદર્શન કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. આ દષ્ટિએ પ્રસ્તુત અભ્યાસ અધ્યયન–અધ્યાપન ક્ષેત્રનો હતો. ઉપરાંત ઉત્તર કસોટી દ્વારા સમગ્ર કાર્યક્રમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકનક્ષેત્રને પણ સ્પર્શતો હતો. પ્રસ્તુત

અભ્યાસમાં પ્રાયોગિક જૂથ માટે દશ્ય શ્રાવ્ય માધ્યમ દ્વારા વિશેષ અધ્યાપન કાર્યક્રમની રચના કરી અને તેની અસરકારકતા ચકાસવામાં આવી છે અને આ અભ્યાસ સંબંધિત સમષ્ટિ, નમૂના પસંદગી, અભ્યાસની કાર્યરૂપ રેખા, અભ્યાસની લાક્ષણિકતાઓ અને યથાર્થતાની ચર્ચા કરવામાં આવી છે.

**સારાંશ તૈયાર કરનાર : કે. પી. ચિત્રોડા**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય :ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક : માણાવદર તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**

**સંશોધકનું નામ : કે. પી. ચિત્રોડા**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

**1. પ્રાસ્તાવિક :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ ભારતીયતાની ઓળખ સાબિત કરનારી બની રહે તે માટે ઉંડાણપૂર્વક ચિંતન થયુ છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણથી લઇ ઉચ્ચશિક્ષણ સુધી માળખાથી લઇને શિક્ષણની આધારશિલાનું કેન્દ્રબિંદુ વિધાર્થી બની રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યુ છે. NEP-2020 માં દર્શાવેલ નીતિઓનું અમલીકરણ શિક્ષકો દ્વારા થનારું હોય ત્યારે આ નીતિની માળખાગત બાબતોથી લઇ તેના ધ્યેય,હેતુઓ અને લક્ષ્યાંકો બાબત તેઓમાં કેટલા પ્રમાણમાં સભાનતા છે તે જાણવું ખૂબ જ જરૂરી છે. અત્રે શિક્ષકોની સભાનતાનું પ્રમાણ જાણવા માટે સંશોધક દ્વારા NEP-2020 આધારિત પ્રશ્નાવલિની રચના કરવામાં આવેલ છે.

**2 સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધન માટે પ્રયોજકે આ પ્રમાણે હેતુઓ નક્કી કર્યા હતા. જે હેતુઓને લક્ષમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાના અભ્યાસ માપન માટે ‘NEP જાગૃતતા અંગેના માપદંડ’ની સંરચના કરવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની અનુભવ અનુસાર NEP જાગૃતતા અંગેનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા અનુસાર NEP જાગૃતતા જાણવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની વિભાગ અનુસાર NEP જાગૃતતા જાણવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની અભ્યાસ અનુસાર NEP જાગૃતતા જાણવી.

પ્રયોજકે નીચે પ્રમાણે પ્રશ્ન સ્વરુપે ઉત્કલ્પના રચી હતી.

1. .પ્રાથમિક શાળા અને ઉચ્ચ પ્રાથમિકના શિક્ષકોમાં NEP જાગૃતતા કેટલી હશે?
2. પ્રાથમિક શાળાના પી.ટી.સી. અને બી.એડ થયેલા શિક્ષકોમાં NEP જાગૃતતા કેટલી હશે ?
3. પ્રાથમિક શાળાના સ્ત્રી અને પુરુષ શિક્ષકોમાં NEP જાગૃતતા કેટલી હશે ?
4. પ્રાથમિક શાળાના 10 વર્ષ સુધીનો અને 10 વર્ષથી વધુ અનુભવી શિક્ષકોમાં NEP જાગૃતતા કેટલી હશે ?

**3. પદ્ધતિ :**

**a. અભ્યાસની રૂપરેખા :**

**b. નમૂનો :**

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની માણાવદર તાલુકાની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2022-23 દરમિયાન અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, કુલ ૭૦ શાળાઓના ૨૪૮ શિક્ષકો વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતાં. સંશોધકે વ્યાપવિશ્વના તમામ પાત્રોને નમૂનામાં સમાવેશ કર્યો હતો. કારણ કે માહિતી પ્રાપ્તિ ટેકનોલોજી દ્વારા હતી.

**c. ઉપકરણ :**

ઉપકરણ રચનામાં નીચે મુજબના સોપાનોને અનુસરવામાં આવ્યા હતા.

પ્રયોજકે પ્રસ્તુત સંશોધનમાં NEP-2020 જાગૃતતા માપદંડમાં પ્રતિચાર આપનાર શિક્ષકની સામાન્ય માહિતી અને કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ 40 વિધાનો આપવામાં આવ્યા હતા. જેમાં ત્રણ વિકલ્પ આપવામાં આવ્યા હતા. જેમાંથી એક સાચો વિકલ્પ પસંદ કરવાનો હતો.

**d. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રયોજકે NEP-2020 જાગૃતતા માપદંડ પર પ્રતિભાવ મેળવવા એક GOOGLE FORM વિકસાવવામાં આવ્યું હતું. જેની LINK બનાવી હતી.પ્રયોજકે પ્રાથમિક શાળાઓ માટે BRC CO. અને CRC CO. ને રૂબરૂ મળી પોતાના સંશોધનકાર્ય અંગેનો હેતુ સ્પષ્ટ કરી NEP-૨૦૨૦ જાગૃતતા માપદંડ પર માહિતી એકત્રિત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું.પ્રયોજકે પોતે અને BRC CO.અને CRC CO. દ્વારા નમૂનાની શાળાઓમાં રૂબરૂ જઈને પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પ્રસ્તુત સંશોધન કાર્ય તેમજ NEP-2020 જાગૃતતા માપદંડમાં વિશે GOOGLE FORM ની LINK અને જરૂરી માહિતી આપી. આ અંગે શિક્ષકોએ આપેલા પ્રતિભાવો ગૂગલ ફોર્મ પરથી MSEXCEL SHEET માં મેળવી તેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા. ગુગલ ફોર્મના આધારે જણાયુ હતુ કે માણાવદર તાલુકાના કુલ 104 શિક્ષકોના પ્રતિચારો પ્રાપ્ત થયા હતા. જેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા.

**e. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત સંશોધનમાં સરાસરી , પ્રમાણ વિચલન, t – test, વિધાન અનુસાર ટકાવારી અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું.આ મુદ્દાઓના અનુસંધાનમાં બંને શાળાઓમાંથી મળેલ માહિતી પરથી અસરકારકતાની ચકાસણી કરવામાં આવી હતી. પ્રશ્નનાવલિના સાચા જવાબ માટે 1 પોઈન્ટ અને ખોટા જવાબ માટે 0 પોઈન્ટ ગણવામાં આવેલ હતો. વિધાન અનુસાર ટકાવારી સાચા વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "સાચા" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.જેમાં સાર્થકતા ચકાસવા માટે ટી- કસોટીનો ઉપયોગ કરેલ જેમાં ટી- કસોટીની સારણી મુજબ 0.05 કક્ષાએ સાર્થકતા મુલ્ય 1.96 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. અને 0.01 કક્ષાએ સાર્થકતા મુલ્ય 2.58 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક

ગણેલ છે.વિધાન અનુસાર ટકાવારી MS EXCELમાં ફોર્મ્યુલા=(કુલ હકારાત્મક પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે વિધાન અને શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

1- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 શિક્ષણ માળખામાં નવી પેટર્નથી પરિચિત છે.

2- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 3 થી ૬ વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

3- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 6 થી 8 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

4- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 8 થી 11 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તેની જાણકારીનો અભાવ જોવા મળે છે.

5- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 11 થી 14 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ જોવા મળે છે.

6- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો ઘરની ભાષા અને શાળાની ભાષા અલગ હોય તેવા બાળકો માટે દ્વિભાષા મુજબનો અભિગમ ઉપયોગમાં લેવાશે એ બાબતથી પરિચિત નથી

7- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને ' એક ભારત શ્રેષ્ઠ ભારત ' અંતર્ગત ધો. ૬ થી ૮ માં ભારતની ભાષાઓ પર કઇ પ્રવૃતિ આપવી તેનો ખ્યાલ નથી

8- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને સંસ્કૃતને ધ્વનિ અને ઉચ્ચારણના માધ્યમથી કયા સ્ટેજ પર શિખવવામાં આવશે તે બાબતનો ખ્યાલ નથી.

9- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મિડલ સ્કૂલના તબકકામા કઇ પ્રવૃતિ શરુ થશે તેનો ખ્યાલ છે.

10- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ધો. 6 થી 8 માં ક્રિયા દ્વારા શિક્ષણ માટે કઇ પ્રવૃતિ હાથ ધરાશે તેનો ખ્યાલ નથી.

11- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ધો. 6 થી 12માં વેકેશન દરમિયાન કઇ સુવિધા પૂરી પડશે તેનો ખ્યાલ નથી.

12- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મૂલ્યાંકનનો પ્રાથમિક ઉદેશ્ય શિક્ષક, વિધાર્થી, શાળા પ્રણાલીને સાથે રાખીને કઇ રીતે શિક્ષણ આપવાનો પ્રયાસ રહેશે તે બાબતનો ખ્યાલ નથી.

13- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શું લાગુ પડતું નથી તે બાબતનો શિક્ષકોને ખ્યાલ છે.

14- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ધો.3 માં શાના આધારે પરીક્ષણ કરાશે તેનો ખ્યાલ નથી.

15- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં NEP-2020માં શિક્ષણ સંદર્ભે શિખવવાની કઇ બાબત પર ભાર મૂકવામાં આવે છે તેનો ખ્યાલ છે.

16- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  કયા સ્ટેજમાં  ફરજિયાત માતૃભાષા શિક્ષણ હોવું જોઇએ તેનો ખ્યાલ નથી.

17- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ફાઉન્ડેશનલ સ્ટેજનો અભ્યાસક્રમ કેવો હશે તેનો ખ્યાલ નથી.

18- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં પ્રિપરેટરી સ્ટેજમાં જુદા જુદા વિષયોમાં શેના પર ભાર મૂકવામાં આવશે તેનો ખ્યાલ નથી.

19- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  મિડલ સ્ટેજમાં જુદા જુદા વિષય મુખ્યત્વે શાના આધારે શિખવાય છે તેનો ખ્યાલ નથી.

20- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  સેકન્ડરી સ્ટેજમાં વિષય પસંદગી અંગે શી જોગવાઇ છે તેનો ખ્યાલ નથી.

21- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  બાળકોના સર્વાંગી વિકાસ સંદર્ભે ગોખણપટીના બદલે શાના પર ભાર મૂકાયો છે તેનો ખ્યાલ છે.

22- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ફાઉન્ડેશનલ સ્ટેજમા ભાષાઓનું શિક્ષણ કઇ પદ્ધતિથી આપવું જોઇએ તેનો ખ્યાલ નથી.

23- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ખામી ધરાવતા વિધાર્થીઓ માટે કઇ લેંગ્વેજ અસ્તિત્વમાં છે તેનો ખ્યાલ નથી.

24- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 મુજબ શિક્ષણતંત્રમાં એકસુત્રતા એટલે.....શું તેનો ખ્યાલ નથી.

25- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવી છે  તેનો ગુજરાતી અનુવાદ કઇ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે તેનો ખ્યાલ નથી.

26- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ શિક્ષણમાં વિષયવસ્તુમાં વધારો કરવાની જગ્યાએ અધ્યાપન શાસ્ત્ર એવું હોવું જોઇએ કે શિક્ષણ પ્રક્રિયા...કેવી હોવી જોઇએ તેનો ખ્યાલ નથી. .

27- પ્રાથમિક શાળાના મોટા ભાગના  શિક્ષકોને  રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ શેના આધારે નકકી થઇ છે તેનો ખ્યાલ નથી.

28- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  કઇ બાબત રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં નથી તેનો ખ્યાલ છે.

29- પ્રાથમિક શાળાના મોટા ભાગના  શિક્ષકોમાં  કેટલા વર્ષો પછી ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિની ઘોષણા કરવામાં આવી તેનો ખ્યાલ નથી.

30- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને  ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ ની મસૌદા સમિતિ(Drafting committi) ના અધ્યક્ષ કોણ છે તેનો ખ્યાલ નથી.

31- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ અનુસાર વોકેશનલ કોર્સ કયા ધોરણથી શરુ કરવામાં આવશે તનો ખ્યાલ નથી.

32- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦માં મિશન માધ્યમથી FLN (પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન) ને કયા વર્ષ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ નથી.

33- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને   રાષ્ટ્રીય શિક્ષણનીતિ -૨૦૨૦નો  અમલ કરનાર પહેલું રાજય કયુ છે તેનો ખ્યાલ નથી.

34- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને  રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ કોણે તૈયાર કરી છે તેનો ખ્યાલ નથી.

35- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં કેટલા વર્ષ સુધીના બાળકોને RTE-2009 માં સમાવવામાં આવશે તેનો ખ્યાલ નથી.

36- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ  ૨૦૨૦ માં ૩ થી ૧૮ વર્ષની ઉમરના પ્રત્યેક બાળકને ગુણવતાયુકત શિક્ષણ  કયા વર્ષ સુધીમાં પુર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ નથી.

37- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણને સાર્વત્રિક રીતે ઉપલબ્ધ બનાવવા શું સાચુ નથી તેનો ખ્યાલ નથી.

38- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને શિક્ષણ વ્યવસ્થામાં થઇ રહેલા મૂળભૂત પરિવર્તનના કેન્દ્રમાં અવશ્યપણે  કોણ હોવું  જોઇએ તેનો ખ્યાલ નથી.

39- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના ઉદેશ શું છે તેનો ખ્યાલ છે.

40- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં ધોરણ ૫ સુધીનું શિક્ષણ કઇ ભાષામાં રાખવામાં આવશે તેનો ખ્યાલ નથી.

41- પ્રાથમિક શાળાના  શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક  શિક્ષકોના NEP જાગૃતતાના માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના શિક્ષકો અને  ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના NEP જાગૃતતાના પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

42- પ્રાથમિક શાળાના પીટીસીની લાયકાત ધરાવતા શિક્ષકો બીએડની લાયકાત ધરાવતા શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના  પીટીસીની લાયકાત  ધરાવતા શિક્ષકો બીએડની લાયકાત ધરાવતા શિક્ષકોની  NEP જાગુતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

43- પ્રાથમિક શાળાના પુરુષ  શિક્ષકો અને સ્ત્રી શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના  પુરુષ  શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોની  NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

44-   પ્રાથમિક શાળાના 10 વર્ષથી ઓછો અનુભવ  ધરાવતા શિક્ષકો 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક

શાળાના  પ્રાથમિક શાળાના 10 વર્ષથી ઓછો અનુભવ  ધરાવતા શિક્ષકો 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

- રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતાને અભ્યાસ, જાતીયતા,વિભાગ કે શૈક્ષણિક અનુભવ સાથે કોઈ સંબંધ નથી.
- શિક્ષકોના વિવિધ સમયે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતામાં ફેરફાર થતા હોવાથી થોડા થોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.
- આધુનિક યુગમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની જાગૃતતા લાવવી ખૂબ જરુરી છે. આથી શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની બાબતોથી જાગૃત રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસમાં  પ્રાથમિક શાળાના શિક્ષકોમા NEP જાગૃતતાનો અભ્યાસ કરવાનો હોવાથી, પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર 'પ્રાથમિક શિક્ષણ',શૈક્ષણિક માપન મૂલ્યાંકન,મૂલ્ય શિક્ષણ અને કેળવણી-સમાજપરિવર્તન - નામનાં સંશોધન ક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય.

**સારાંશ તૈયાર કરનાર : કે. પી. ચિત્રોડા**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક/ માધ્યમિક**

**સંશોધનનું શીર્ષક : ગીરસોમનાથ જિલ્લાના ડી.એલ.એડ તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધી સમજ અંગેના અભિપ્રાયોનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**

**સંશોધકનું નામ : કે. પી. ચિત્રોડા**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

**1. પ્રાસ્તાવિક :**

બાળપણના વર્ષો પાયાના હોવાથી તેની અગત્યતા ખૂબ જ વધી જાય છે.આ વર્ષો દરમિયાન બાળકોમાં વિકાસ અને વૃદ્ધિ ને પરિણામે બાળકનો શારીરિક અને માનસિક વિકાસ થાય છે. જેને લીધે બાળક સંકલ્પના સ્પષ્ટીકરણ કરી શકવા સક્ષમ બને છે. આ બાબતને પાયામાં રાખીને શિક્ષણમાં તારુણ્ય અંગેની સમજ પ્રાપ્ત કરવી જરૂરી બને છે. શાળા કક્ષાએ તાલીમાર્થીઓ આ બાબતને સમજે છે અથવા તો જાણકરી ધરાવે છે તે બાબતને ધ્યાનમાં રાખીને પ્રયોજક દ્વારા પ્રસ્તુત અભ્યાસ તૈયાર કરવાનું ઉચિત જણાયું. મોટેભાગે બાળકમાં તારુણ્ય અંગેની સમજ પર મિત્રોની પ્રત્યક્ષ અસર હોય છે. પરંતુ ઇન્ટર્નશીપ દરમિયાન તાલીમાર્થી પણ જો અવગત હોય તો બાળક સાથેના વ્યવહારમાં અસરકારક રજૂઆત કરી શકે છે. તારુણ્યની બાબત વિકાસના બધાં જ પાસાંઓ જેવા કે શારીરિક, ભાષાકીય, સામાજિક, ભાવનાત્મક, બૌદ્ધિક અને સર્જનાત્મકતાના ક્ષેત્રમાં પાયામાં રહેલી છે. તેથી શિક્ષણ સાથે સંકળાયેલ તાલીમાર્થીઓની તારુણ્ય અંગેની સમજ અંગે અભ્યાસ કરવામાં આવે તો શાળા કક્ષાએ શિક્ષણમાં કાઉન્સેલરની ભૂમિકા તેમજ જરૂરિયાત નક્કી કરી શકાય.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ હતાં.

1) ગીરસોમનાથ જિલ્લાના ડી.એલ.એડ તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધી સમજનો અભ્યાસ કરવો.

2) ગીરસોમનાથ જિલ્લાના ડી.એલ.એડ તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધિત ઉપકરણની સંચરના કરવી.

3) ગીરસોમનાથ જિલ્લાના ડી.એલ.એડ તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધિત રચવામાં આવેલ ઉપકરણની અસરકારકતા ચકાસવી.

4) ગીરસોમનાથ જિલ્લાના ડી.એલ.એડ તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધી સમજ પર તાલીમાર્થીઓનો જાતીયતા અને વિસ્તારની અસર તપાસવી.

ઉત્કલ્પનાઓ

1. ગીરસોમનાથ જિલ્લાના મહિલા ડી.એલ.એડ તાલીમાર્થીઓ અને પુરુષ ડી.એલ.એડ તાલીમાર્થીઓની તારુણ્ય અંગેની સમજના સરેરાશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

2. ગીરસોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ડી.એલ.એડ તાલીમાર્થીઓ અને શહેરી વિસ્તારના ડી.એલ.એડ તાલીમાર્થીઓની તારુણ્ય અંગેની સમજના સરેરાશાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

**3. પદ્ધતિ :**

**i. અભ્યાસની રૂપરેખા :**

**ii. નમૂનો :**

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં વર્ષ 2022-23માં ગીરસોમનાથ જિલ્લામાં કાર્યરત ડી.એલ.એડ કોલેજના તાલીમાર્થીઓ હતા.પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે ગીરસોમનાથ જિલ્લાના ડી.એલ.એડ તાલીમાર્થીઓને આકસ્મિક નમુના પસંદગી પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતાં. પ્રસ્તુત અભ્યાસનો કુલ નમૂનો **166** હતો.

**iii. ઉપકરણ :**

સંશોધકે સૌ પ્રથમ શિક્ષણમાં મનોવિજ્ઞાન આધારિત જુદા-જુદા મોડ્યુલનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ અનુભવી ડીએલએડ તાલીમાર્થીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી તેની તારુણ્ય અંગેની સમજ અંગેની વિશેષ માહિતી મેળવી હતી. મેળવેલ માહિતીને હેતુના સંદર્ભમાં વ્યવસ્થિત સ્વરૂપે ગોઠવી તેને અનુરૂપ વિધાનો તૈયાર કર્યા હતા. પ્રારંભિક ઉપકરણ તૈયાર કર્યા પછી તેની ચકાસણી કરવા પસંદગીના તજજ્ઞોને મોકલી આપવામાં આવ્યું હતું. તજજ્ઞોશ્રીઓએ આપેલ પ્રતિભાવો અને સુધારાઓને ધ્યાને લઈ અંતિમ ઉપકરણ તૈયાર કરવામાં આવ્યું હતું. અંતિમ ઉપકરણ (ક્રમમાપદંડ)માં કુલ 25 વિધાનો રાખવામાં આવ્યા હતાં. દરેક વિધાનમાં સહમત, અસહમત અને તટસ્થ વિકલ્પ આપવામાં આવેલ. જેમાંથી કોઈપણ એક વિકલ્પ પસંદ કરીને પ્રતિચાર આપવાનો હતો.

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત કરવા સંશોધક દ્વારા સંશોધન ઉપકરણની રચના કરવામાં આવી હતી. નમૂનામાં સમાવિષ્ટ પાત્રો પાસેથી માહિતી એકત્રિત કરવા પ્રયોજકે ગીરસોમનાથ જિલ્લાના ડી.એલ.એડ કોલેજના અધ્યાપકની મદદથી તાલીમાર્થીઓ દ્વારા મળેલ માહિતીનું એકત્રીકરણ કરેલ

**v. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત સંશોધનમાં એકત્રિત કરેલ માહિતીને આધારે મળેલ ડેટાનું કોડીગ કરી એક શ્રેણી તૈયાર કરવામાં આવેલ. જેના પર અંકશાસ્ત્રના પ્રારંભિક માપો મેળવવામાં આવ્યા હતા. જેને આધારે અંકશાસ્ત્રની ટી કસોટી તેમજ કાઈવર્ગ કસોટી દ્વારા માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસના તારણો આ પ્રમાણેના હતા.

28. ગીરસોમનાથ જિલ્લાના ડીએલએડ કોલેજના તાલીમાર્થીઓના તારુણ્ય અંગેના અભિપ્રાયો પર તાલીમાર્થીઓની જાતીયતાની અસર એકસમાન હતી. અથવા તો ન હતી.

29. ગીરસોમનાથ જિલ્લાના ડીએલએડ કોલેજના તાલીમાર્થીઓના તારુણ્ય અંગેના અભિપ્રાયો પર તાલીમાર્થીઓના વિસ્તારની અસર એકસમાન હતી. અથવા તો ન હતી.
30. તરુણાવસ્થા એ એક સહજ અવસ્થા છે. તેમાં 81.33% ડીએલએડ કોલેજના તાલીમાર્થીઓ સહમત હતા.
31. 72.29% ડીએલએડ કોલેજના તાલીમાર્થીઓ તરુણાવસ્થામાં સંસ્થાની ભૂમિકા મહત્વની છે એવું માને છે.
32. 75.90% તાલીમાર્થીઓ તરુણાવસ્થા એ સંક્રાંતિકાળ છે.એવી માન્યતા સાથે સહમત હતા.
33. 62.05% તાલીમાર્થીઓ તરુણાવસ્થા એ નિર્દોષ અવસ્થા છે. એવું માનતા જોવા મળ્યા.
34. તરુણાવસ્થાનો સમયગાળો નાજુક છે. જેમાં 70.48% તાલીમાર્થીઓ સહમતી દર્શાવતા હતા. જ્યારે 12 થી 18 વર્ષનો સમય તરુણાવસ્થાનો સમયગાળો નથી. જેમાં 53.01% તાલીમાર્થીઓ અસહમતી વ્યકત કરતાં જણાયા.
35. તરુણાવસ્થામાં જિજ્ઞાસાવૃતિ જોવા મળે છે.તેવી 83.73% તાલીમાર્થીઓ માને છે. જ્યારે તરુણાવસ્થામાં સાહસવૃતિ જોવા મળે છે. એવું માત્ર 14.46% તાલીમાર્થીઓ માનતા ન હતા. એટલે કે તેઓ અસહમત હતા.
36. 59.64% તાલીમાર્થીઓ તરુણાવસ્થા દરમિયાન તરુણોને કલાપ્રવૃતિઓમાં ભાગ લેવો જોઇએ નહિ. તેમા સહમત ન હતા.
37. તરુણાવસ્થા દરમિયાન બાળક શરમ અનુભવે છે. વિધાન સાથે 62.65% તાલીમાર્થીઓ સહમત હતા. જ્યારે 68.07% તાલીમાર્થીઓ તરુણાવસ્થા દરમિયાન તરુણ માતા-પિતા સાથે વિચારભેદ ધરાવતો હોય છે. એવું માનતા હતા.
38. 70.48% તાલીમાર્થીઓ તરુણાવસ્થા દરમિયાન તરુણ મૂંઝવણ અનુભવે છે.એવું માનતા હતા. જયારે તરુણાવસ્થામાં આક્રમકવૃતિ જોવા મળે છે તે વિધાન સાથે 58.43% તાલીમાર્થીઓ સહમત હતા.
39. તરુણાવસ્થામાં આક્રમકવૃતિ જોવા મળે છે તેમજ તરુણાવસ્થામાં જાતિયવૃતિ જોવા મળે છે. તેવી વિચારધારા તાલીમાર્થીઓ ધરાવતા જોવા મળ્યા હતા.
40. તરુણાવસ્થા ખેલકુદ પ્રવૃતિના ઉર્ધ્વીકરણ માટે આવશ્યક છે. અને તરુણાવસ્થામાં સાહસકથાઓ પ્રેરકબળ બની શકે છે. વિધાનમા અનુક્રમે 65.06% અને 79.52% તાલીમાર્થીઓ સહમત હતા.
41. 18.07% તાલીમાર્થીઓ વાર્તાશિક્ષણ તરુણાવસ્થા માટે ઉપકારક છે. તે વિધાનમાં અસહમતી દર્શાવતા હતા. જ્યારે 58.43% તાલીમાર્થીઓ તરુણાવસ્થા દરમિયાન તાદાત્મીકરણ અનુભવાય છે. તે વિધાનમાં સહમતી દર્શાવતા હતા.
42. તરુણાવસ્થા દરમિયાન તરુણ સંઘર્ષ અનુભવે છે. તે વિધાનમા 71.08% તાલીમાર્થીઓ સહમત હતા. જ્યારે 19.88% તાલીમાર્થીઓ તરુણાવસ્થામાં સમોવડીયા જૂથ પ્રત્યે વધુ આકર્ષણ હોય છે. એ વિધાનમાં અસહમતી દર્શાવતા જોવા મળ્યા હતા.
43. 24.70% તાલીમાર્થીઓ તરુણાવસ્થા દરમિયાન તરુણોમાં તોડફોડવૃતિ જોવા મળે છે. એ વિધાનમાં અસહમત હતા. જ્યારે 52.41% તાલીમાર્થીઓ તરુણાવસ્થા અવસ્થાને પ્રશ્નો પૂછવાની ઉમર તરીકે ઓળખવામાં આવે છે એ વિધાન સાથે સહમત થતાં જોવા મળ્યા હતા.

44. તાલીમાર્થીઓના માટે તરુણાવસ્થા દરમિયાન તરુણો જાતિગત ભેદભાવ વિના સાથે રમતો રમે છે. એ અંગે તાલીમાર્થીઓ પોતાના અભિપ્રાયોમાં 54.22% સહમત અભિપ્રાય ધરાવતા જોવા મળતા હતા.

45. 68.67% તાલીમાર્થીઓ તરુણાવસ્થા એ સર્જનની ઉમર છે. એ વિધાન સાથે સહમત હતા.

**46.** 52.65% તાલીમાર્થીઓ તરુણાવસ્થા દરમિયાન તરુણ વિજાતીય આકર્ષણ અનુભવે છે. તેવું માનતા હતા.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

6. તાલીમાર્થીઓમાં તારુણ્ય અંગેની સમજ વિકસે તે માટે સંસ્થા કક્ષાએ શૈક્ષણિક મનોવિજ્ઞાન અંગેના પુસ્તકો તેમજ સાહિત્ય વિકસાવવા જોઈએ.
7. તાલીમાર્થીઓ તારુણ્ય અંગેની સમજ મેળવે તે માટે સંસ્થા કક્ષાએ કાઉન્સેલરની નીમવા જોઈએ.
8. તારુણ્ય અંગેની સમજ વિકસે તેવા પોસ્ટર તેમજ ચિત્રો કોલેજ કક્ષાએ તૈયાર થાય તેવું આયોજન કરવું જોઈએ.
9. તારુણ્ય દરમિયાન થતાં શારીરિક કે માનસિક ફેરફારોની સમજ તેમજ જાગૃત્તતા કેળવે તે માટેના વ્યાખ્યાનોની શ્રેણીનું આયોજન કોલેજ કક્ષાએથી થવું જોઈએ.
10. તારુણ્ય અંગેની સમજ વિકસે તે માટે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળા કક્ષાએ અભ્યાસક્રમમાં કેટલાક એકમો દાખલ કરવા જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

શૈક્ષણિક સંશોધનની સમસ્યા પસંદ કરવા માટે શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રો વિશેનો અભ્યાસ કરવો અગત્યનો છે. કોઈ એક વિશિષ્ટ ક્ષેત્રના આધારે સમસ્યા પસંદ કરી શકાય છે. National Council of Educational and Training (2000) દ્વારા પ્રસ્તુત Fifth Survey of Educational Researchમાં 38 જેટલા શૈક્ષણિક સંશોધન ક્ષેત્રો દર્શાવ્યા છે. જે પૈકી પ્રસ્તુત સંશોધનને સ્પર્શતા ક્ષેત્રો નીચે પ્રમાણે હતાં.

1. શિક્ષણનું મનોવિજ્ઞાન
2. શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સારાંશ તૈયાર કરનાર : કે. પી. ચિત્રોડા**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક: ધોરણ ચારના પર્યાવરણ વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ EVS - 410 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા**

**ભાષા : ગુજરાતી**


**સંશોધાકનું નામ : ભરતભાઈ મેસિયા**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**


**વર્ષ : 2022-23**

**સારાંશ**

1. **પ્રાસ્તાવિક :**

પ્રસ્તુત સંશોધનને સાંકળીને NASની કામગીરીને વધુ સઘન અને અસરકારક બનાવવા માટે ગુજરાત રાજ્યમાં GCERT દ્વારા તમામ જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં NASના સંદર્ભમાં આ સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે. અને તેમાં પણ જે કઠિન અધ્યયન નિષ્પત્તિઓ છે તે શા માટે વિદ્યાર્થીઓને કઠિન લાગી છે તેના કારણો તપાસી આ કઠિનતાને સરલીકૃત કાર્યક્રમ દ્વારા વિધાર્થીની કક્ષાએ વધુ સુગ્રાહય બનાવવા માટેનો કાર્યક્રમ તૈયાર કરીને પ્રાયોગિક સંશોધન દ્વારા એ બતાવવાનું છે કે સરલીકૃત અભિગમ કઇ રીતે વધારે ઉપયોગી થઇ શકે છે.

2. **સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે છે.

1) જૂનાગઢ જિલ્લાના ધોરણ-4 ના પર્યાવરણ વિષયના આપણો જિલ્લો એ પ્રકરણમાંથી કઠિન લાગતી અધ્યયન નિષ્પત્તિઓ જાણવી.

2) ધોરણ-4 ના પર્યાવરણ વિષયના આપણો જિલ્લો એ પ્રકરણનાં માટે અધ્યયન નિષ્પત્તિની કઠિનતા દૂર કરવા અને સરલીકરણ કરવા માટે વિવિધ ઉપકરણોનો વિનિયોગ કરી સુધારણાલક્ષી કાર્યક્રમ તૈયાર કરવો.

3) ધોરણ-4 ના પર્યાવરણ વિષયના આપણો જિલ્લો એ પ્રકરણનાં માટે અધ્યયન નિષ્પત્તિ EVS - 410 ના અસરકારતા વિષયમાં અવલોકનો,અનુભવો,માહિતી, પ્રવૃતિઓ,અસાધારણ ઘટનાઓ વિવિધ મુલાકાત લીધેલ સ્થળો, પેટર્ન અને પ્રવૃતિઓ અસાધારણ ઘટનાની આગાહી વગેરે બાબતમાં સમજણ વિકસાવવી. અને તે માટે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ રચી અને અધ્યયન નિષ્પત્તિની કઠિનતા માટે કરવામાં આવેલા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પના નીચે મુજબ છે.

**"ધોરણ 4 ના પર્યાવરણ વિષયના કઠિન અધ્યયન નિષ્પતિના સંદર્ભમાં, પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટી પરની સરેરાશાંકો અને પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતાં નિયંત્રિત જૂથના વિધાર્થીઓની સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય".**

**3.** પદ્ધતિ :

**i. અભ્યાસની રૂપરેખા :**

પ્રસ્તુત સંશોધન માટે કાર્ય રૂપરેખા નીચે જણાવ્યા મુજબ ગોઠવવામાં આવી હતી.

1) સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના

2) દશ્ય-શ્રાવ્ય માધ્યમની પસંદગી

3) ઉપકરણોની પસંદગી અને સંરચના

4) નમૂના પસંદગી

5) ધોરણ-4ની પ્રથમ કસોટીનું પરીણામ

6) સમાંતર જૂથની રચના

7) વિષય વસ્તુનું પૃથ્થકકરણ

8) અધ્યાપનનો સમયગાળો

9) પ્રયોગનો અમલ

10) ઉત્તર કસોટી

11) આંકડાકીય માહિતીની પ્રાપ્તિ

12) માહિતી પૃથક્કરણ વિધિ

13) પ્રયોગનાં તારણો

**ii. નમૂનો :**

સમષ્ટિમાંથી પ્રયોગ માટે પસંદ કરેલા પાત્રોનું પ્રતિનિધિત્વ કરતું જૂથ એટલે નમૂનો. પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક સંશોધન હતું. શાળાની પસંદગી પ્રયોજકે સહેતુકપૂર્વક કરી હતી. જે અંતર્ગત જૂનાગઢ શહેર તાલુકાની કન્યાશાળા નં 4 શાળા પસંદ કરવામાં આવી હતી. શાળામાંથી ધોરણ 4ના પંદર-પંદર વિદ્યાર્થીઓને પ્રાયોગિક અને નિયંત્રિત જૂથ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. કોને પ્રાયોગિક જૂથમાં અને કોને નિયંત્રિત જૂથમાં રાખવા તેની પસંદગી ધોરણ-4ની પ્રથમ પરીક્ષાના પરીણામ પરથી કરવામાં આવી હતી. પ્રાયોગિક જૂથના પંદર વિદ્યાર્થીઓને દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા વિશિષ્ટ પદ્ધતિ અને પ્રયુકિત દ્વરા અધ્યાપન કાર્ય કરાવવામાં આવ્યું હતું જયારે નિયંત્રિત જૂથના પંદર વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણ પદ્ધતિથી અધ્યાપનકાર્ય કરાવવામાં આવ્યું હતું.

**iii. ઉપકરણ :**

**દશ્ય-શ્રાવ્ય માધ્યમની પસંદગી**

- જિલ્લાનો પરિચય આપતા વિડિયો

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રસ્તુત સંશોધન પ્રયોગાત્મક સંશોધન હોવાથી બે સમાંતર જૂથો રચવા માટે ધોરણ-4 પ્રથમ કસોટીના પરિણામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ધોરણ-4ની પ્રથમ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે વિદ્યાર્થીઓને ચઢતા ક્રમમાં ગોઠવવામાં આવેલ. બે જૂથ નકકી કર્યા, નિયંત્રિત જૂથ

અને પ્રાયોગિક જૂથ. ધોરણ-4 પ્રથમ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે પહેલા ક્રમના વિદ્યાર્થીને નિયંત્રિત જૂથમાં અને બીજા ક્રમના વિદ્યાર્થીને પ્રાયોગિક જૂથમાં આમ ક્રમિક રીતે એક પછી એક વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચી જૂથને સમાંતર કરવામાં આવ્યાં.નિયંત્રિત જૂથમાં પરંપરાગત પદ્ધતિથી અને પ્રાયોગિક જૂથમાં વિશિષ્ટ પદ્ધતિ દ્વારા અધ્યાપન કાર્ય કરવામાં આવેલ.

ચોથા દિવસે ઉત્તર કસોટી લેવામાં આવી) અધ્યયન નિષ્પતિ -ધોરણ ચારના પર્યાવરણ વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ EVS - 410 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા  વિષયમાં અવલોકનો,અનુભવો,માહિતી, પ્રવૃતિઓ,અસાધારણ ઘટનાઓ વિવિધ મુલાકાત લીધેલ સ્થળો, પેટર્ન અને પ્રવૃતિઓ અસાધારણ ઘટનાની આગાહી વગેરે બાબતમાં સમજણ  વિકસાવવીમાંથી રચવામાં આવેલ કસોટી 25 ગુણની હતી અને કસોટીનો સમય 1 કલાકનો  હતો. કસોટીમાં 25 પ્રશ્નો હતા. જે બહુવિકલ્પ પ્રકારના હતા. દરેક વિધાન/પ્રશ્નની સામે ૪(ચાર) વિકલ્પો આપેલા હતા જેમાંથી સાચા વિકલ્પની સામે ✔ નિશાની કરવાની હતી.

**v. માહિતીનું પૃથક્કરણ :**

પ્રાયોગિક જૂથની ઉતર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી 17.40. હતી. જયારે નિયંત્રિત જૂથની સરાસરી 17.40 હતી. બંને જૂથોના પ્રમાણિત વિચલનો અનુક્રમે 6.288 અને 6.299 હતાં. આ સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટેના ટી ગુણોતરનું મૂલ્ય 0.20 હતું.

પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથની સરાસરી વચ્ચેનો તફાવત 0.20 નો હતો. જે વિશિષ્ટ પદ્ધતિથી શિક્ષણની તરફેણમાં  હતો.આમ, અહીં અભ્યાસની શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વિકાર થાય છે. આથી સંશોધન ઉત્કલ્પનાનો સ્વીકાર થયો હતો.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના તારણો તારવવામાં આવ્યા હતા.

ધોરણ 4ના પર્યાવરણના "આપણો જિલ્લા "એકમના શિક્ષણમા શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વિશિષ્ટ પદ્ધતિ એ પરંપરાગત પદ્ધતિ કરતાં વધારે અસરકારક રહી હતી.

**5. સંશોધન ફલિતાર્થો :**

- કઠિનબિંદુના સરલીકરણ માટેના પ્રયોગ ઘણી મહેનતથી તૈયાર કરવામાં આવ્યો હતો. તેમ છતા તેમની સિદ્ધિ અપેક્ષા કરતા ઓછી રહી છે. તેથી આ કઠિનબિંદુના સરલીકરણ માટે વિશેષ પ્રયોગ રચવાની જરૂર રહે છે.
- પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ શરૂઆતથી જ નોંધનીય તફાવત ધરાવતા હોય ત્યારે બંને જૂથને સમાન કરવા જરૂરી બને છે. અન્યથા ધાર્યા પરિણામો આવતા નથી.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનમાં સામાજિક વિજ્ઞાનના પાઠયપુસ્તક ધોરણ-4 ના પર્યાવરણ  વિષયના આપણો જિલ્લો  વિષયવસ્તુના કઠિનબિંદુના સરલીકરણ માટે સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે અધ્યાપન માટે નાટય સંવાદ અને  વિશિષ્ટ ઉપકરણોથી ઇન્સ્ટ્રકશન કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો. આ દષ્ટિએ પ્રસ્તુત અભ્યાસ અધ્યયન–અધ્યાપન ક્ષેત્રનો હતો. ઉપરાંત ઉત્તર કસોટી દ્વારા સમગ્ર કાર્યક્રમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકનક્ષેત્રને પણ સ્પર્શતો હતો.

**સારાંશ તૈયાર કરનાર : ભરતભાઈ મેસિયા**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**
**વિભાગ : પ્રાથમિક**
**સંશોધનનું શીર્ષક: વિસાવદર તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ**
**ભાષા : ગુજરાતી**
**સંશોધાકનું નામ : ભરતભાઇ મેસિયા**
**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**
**E-MAIL : dietjunagadh@gmail.com**
**વર્ષ : 2022-23**

**સારાંશ**

1. **પ્રાસ્તાવિક :**

NEP-2020 માં દર્શાવેલ નીતિઓનું અમલીકરણ શિક્ષકો દ્વારા થનારું હોય ત્યારે આ નીતિની માળખાગત બાબતોથી લઇ તેના ધ્યેય,હેતુઓ અને લક્ષ્યાંકો બાબત તેઓમાં કેટલા પ્રમાણમાં સભાનતા છે તે જાણવું ખૂબ જ જરૂરી છે.અત્રે શિક્ષકોની સભાનતાનું પ્રમાણ જાણવા માટે સંશોધક દ્વારા NEP-2020 આધારિત પ્રશ્નાવલિની રચના કરવામાં આવેલ છે. જે દ્વારા NEP-2020ના અમલીકરણ માટે તાલીમ તથા અનુકાર્ય અંગે યોગ્ય દિશા મળશે.

2. **સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રયોજકે આ પ્રમાણે હેતુઓ લક્ષમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાના અભ્યાસ માપન માટે ‘NEP જાગૃતતા અંગેના માપદંડ’ની સંરચના કરવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની અનુભવ અનુસાર NEP જાગૃતતા અંગેનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા અનુસાર NEP જાગૃતતા જાણવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની વિભાગ અનુસાર NEP જાગૃતતા જાણવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની અભ્યાસ અનુસાર NEP જાગૃતતા જાણવી.

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી.

- પ્રાથમિક શાળાના શિક્ષકોના વિભાગ (નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક) અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના અભ્યાસ અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા(પુરુષ અને સ્ત્રી) અનુસાર તેઓની NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની શાળામાં શૈક્ષણિક અનુભવ અનુસાર તેઓની NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**3. પદ્ધતિ :**

**i. અભ્યાસની રૂપરેખા :**

**ii. નમૂનો :**

સંશોધન યોજનાને સ્પષ્ટ, સુવ્યવસ્થિત સ્વરૂપ આપવા માટે અને સંશોધન યોજનાને સ્પષ્ટ બનાવવા માટે વ્યાપવિશ્વનો નિર્દેશ અત્યંત આવશ્યક છે. પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની વિસાવદર તાલુકાની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2022-23 દરમિયાન અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, કુલ 96 શાળાઓના 104 શિક્ષકો વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતાં

**iii. ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસની જરુરિયાતને ધ્યાનમાં રાખીને સંશોધકે શિક્ષક NEP-2020 પ્રશ્નાવલિની રચના કરી હતી. ઉપકરણ રચનામાં નીચે મુજબના સોપાનોને અનુસરવામાં આવ્યા હતા.પ્રયોજકે પ્રસ્તુત સંશોધનમાં NEP-2020 જાગૃતતા માપદંડમાં પ્રતિચાર આપનાર શિક્ષકની સામાન્ય માહિતી અને કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ 40 વિધાનો આપવામાં આવ્યા હતા. જેમાં ત્રણ વિકલ્પ આપવામાં આવ્યા હતા. જેમાંથી એક સાચો વિકલ્પ પસંદ કરવાનો હતો.

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રયોજકે NEP-2020 જાગૃતતા માપદંડ પર પ્રતિભાવ મેળવવા એક GOOGLE FORM વિકસાવવામાં આવ્યું હતું. જેની LINK બનાવી હતી. પ્રયોજકે પ્રાથમિક શાળાઓ માટે BRC CO. અને CRC CO. ને રૂબરૂ મળી પોતાના સંશોધનકાર્ય અંગેનો હેતુ સ્પષ્ટ કરી NEP-૨૦૨૦ જાગૃતતા માપદંડ પર માહિતી એકત્રિત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રયોજકે પોતે અને BRC CO.અને CRC CO. દ્વારા નમૂનાની શાળાઓમાં રૂબરૂ જઈને પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પ્રસ્તુત સંશોધન કાર્ય તેમજ NEP-2020 જાગૃતતા માપદંડમાં વિશે GOOGLE FORM ની LINK અને જરૂરી માહિતી આપી. આમ, NEP-2020 જાગૃતતા માપદંડ પર પ્રતિચારો ONLINE જ મેળવવામાં આવ્યા હતા. આ અંગે શિક્ષકોએ આપેલા પ્રતિભાવો ગૂગલ ફ઼ોર્મ પરથી MSEXCEL SHEET માં મેળવી તેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા. ગુગલ ફ઼ોર્મના આધારે જણાયુ હતુ વિસાવદર તાલુકા કુલ 96 શાળાઓમાંથી પ્રાથમિક શાળામાં અધ્યાપન કાર્ય કરાવતાં 420 શિક્ષકોમાંથી 104 શિક્ષકો પાસેથી માહિતી મળી હતી. આ 104 શિક્ષકોની માહિતીનો અભ્યાસના અર્થઘટનમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**v. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવેલ અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે.

- સરાસરી
- પ્રમાણ વિચલન
- t – test

- વિધાન અનુસાર ટકાવારી

ઉપર્યુકત મુદ્દાઓના અનુસંધાનમાં બંને શાળાઓમાંથી મળેલ માહિતી પરથી અસરકારકતાની ચકાસણી કરવામાં આવી હતી. પ્રશ્નનાવલિના સાચા જવાબ માટે 1 પોઈન્ટ અને ખોટા જવાબ માટે 0 પોઈન્ટ ગણવામાં આવેલ હતો. વિધાન અનુસાર ટકાવારી સાચા વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "સાચા" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

જેમાં સાર્થકતા ચકાસવા માટે ટી- કસોટીનો ઉપયોગ કરેલ જેમાં ટી- કસોટીની સારણી મુજબ 0.05 કક્ષાએ સાર્થકતા મુલ્ય 1.96 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. અને 0.01 કક્ષાએ સાર્થકતા મુલ્ય 2.58 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. તેની ચર્ચા પ્રકરણ-4 માં વિગતે કરવામાં આવી છે.વિધાન અનુસાર ટકાવારી MS EXCELમાં ફોર્મ્યુલા=(કુલ હકારાત્મક પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે વિધાન અને શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

1- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 શિક્ષણ માળખામાં નવી પેટર્નથી પરિચિત છે.

2- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

3- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 6 થી 8 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

4- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 8 થી 11 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તેની જાણકારીનો અભાવ જોવા મળે છે.

5- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 11 થી 14 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ જોવા મળે છે.

6- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો ઘરની ભાષા અને શાળાની ભાષા અલગ હોય તેવા બાળકો માટે દ્વિભાષા મુજબનો અભિગમ ઉપયોગમાં લેવાશે એ બાબતથી પરિચિત નથી

7- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને ' એક ભારત શ્રેષ્ઠ ભારત ' અંતર્ગત ધો. ૬ થી ૮ માં ભારતની ભાષાઓ પર કઇ પ્રવૃતિ આપવી તેનો ખ્યાલ નથી

8- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને સંસ્કૃતને ધ્વનિ અને ઉચ્ચારણના માધ્યમથી કયા સ્ટેજ પર શિખવવામાં આવશે તે બાબતનો ખ્યાલ નથી.

9- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મિડલ સ્કૂલના તબકકામા કઇ પ્રવૃતિ શરુ થશે તેનો ખ્યાલ છે.

10- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ધો. 6 થી 8 માં ક્રિયા દ્વારા શિક્ષણ માટે કઇ પ્રવૃતિ હાથ ધરાશે તેનો ખ્યાલ નથી.

11- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ધો. 6 થી 12માં વેકેશન દરમિયાન કઇ સુવિધા પૂરી પડશે તેનો ખ્યાલ નથી.

12- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  મૂલ્યાંકનનો પ્રાથમિક ઉદેશ્ય શિક્ષક, વિધાર્થી, શાળા પ્રણાલીને સાથે રાખીને કઇ  રીતે  શિક્ષણ આપવાનો પ્રયાસ રહેશે તે બાબતનો ખ્યાલ નથી.

13- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શું લાગુ પડતું નથી તે બાબતનો  શિક્ષકોને ખ્યાલ છે.

14- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ધો.3 માં શાના આધારે પરીક્ષણ કરાશે તેનો ખ્યાલ નથી.

15- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં NEP-2020માં શિક્ષણ સંદર્ભે શિખવવાની કઇ બાબત પર ભાર મૂકવામાં આવે છે તેનો ખ્યાલ છે.

16- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  કયા સ્ટેજમાં  ફરજિયાત માતૃભાષા શિક્ષણ હોવું જોઇએ તેનો ખ્યાલ નથી.

17- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ફાઉન્ડેશનલ સ્ટેજનો અભ્યાસક્રમ કેવો હશે તેનો ખ્યાલ નથી.

18- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં પ્રિપરેટરી સ્ટેજમાં જુદા જુદા વિષયોમાં શેના પર ભાર મૂકવામાં આવશે તેનો ખ્યાલ નથી.

19- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  મિડલ સ્ટેજમાં જુદા જુદા વિષય મુખ્યત્વે શાના આધારે શિખવાય છે તેનો ખ્યાલ નથી.

20- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  સેકન્ડરી સ્ટેજમાં વિષય પસંદગી અંગે શી જોગવાઇ છે તેનો ખ્યાલ નથી.

21- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  બાળકોના સર્વાંગી વિકાસ સંદર્ભે ગોખણપટીના બદલે શાના પર ભાર મૂકાયો છે તેનો ખ્યાલ છે.

22- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ફાઉન્ડેશનલ સ્ટેજમા ભાષાઓનું શિક્ષણ કઇ પદ્ધતિથી આપવું જોઇએ તેનો ખ્યાલ નથી.

23- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  ખામી ધરાવતા વિધાર્થીઓ માટે કઇ લેંગ્વેજ અસ્તિત્વમાં છે તેનો ખ્યાલ નથી.

24- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 મુજબ શિક્ષણતંત્રમાં એકસુત્રતા એટલે.....શું તેનો ખ્યાલ નથી.

25- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવી છે  તેનો ગુજરાતી અનુવાદ કઇ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે તેનો ખ્યાલ નથી.

26- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ શિક્ષણમાં વિષયવસ્તુમાં વધારો કરવાની જગ્યાએ અધ્યાપન શાસ્ત્ર એવું હોવું જોઇએ કે શિક્ષણ પ્રક્રિયા...કેવી હોવી જોઇએ તેનો ખ્યાલ નથી. .

27- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ શેના આધારે નકકી થઇ છે તેનો ખ્યાલ નથી.

28- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં કઇ બાબત રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં નથી તેનો ખ્યાલ છે.

29- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં કેટલા વર્ષો પછી ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિની ઘોષણા કરવામાં આવી તેનો ખ્યાલ નથી.

30- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ ની મસૌદા સમિતિ(Drafting committi) ના અધ્યક્ષ કોણ છે તેનો ખ્યાલ નથી.

31- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ અનુસાર વોકેશનલ કોર્સ કયા ધોરણથી શરુ કરવામાં આવશે તનો ખ્યાલ નથી.

32- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦માં મિશન માધ્યમથી FLN (પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન) ને કયા વર્ષ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ નથી.

33- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ -૨૦૨૦નો અમલ કરનાર પહેલું રાજય કયુ છે તેનો ખ્યાલ નથી.

34- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ કોણે તૈયાર કરી છે તેનો ખ્યાલ નથી.

35- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં કેટલા વર્ષ સુધીના બાળકોને RTE-2009 માં સમાવવામાં આવશે તેનો ખ્યાલ નથી.

36- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ માં ૩ થી ૧૮ વર્ષની ઉમરના પ્રત્યેક બાળકને ગુણવતાયુકત શિક્ષણ કયા વર્ષ સુધીમાં પુર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ નથી.

37- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણને સાર્વત્રિક રીતે ઉપલબ્ધ બનાવવા શું સાચુ નથી તેનો ખ્યાલ નથી.

38- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને શિક્ષણ વ્યવસ્થામાં થઇ રહેલા મૂળભૂત પરિવર્તનના કેન્દ્રમાં અવશ્યપણે કોણ હોવું જોઇએ તેનો ખ્યાલ નથી.

39- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના ઉદેશ શું છે તેનો ખ્યાલ છે.

40- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં ધોરણ ૫ સુધીનું શિક્ષણ કઇ ભાષામાં રાખવામાં આવશે તેનો ખ્યાલ નથી.

41- વિસાવદર પ્રાથમિક શાળાના શિક્ષકોના NEP જાગૃતતાના માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે , વિસાવદર પ્રાથમિક શાળાના શિક્ષકોના NEP જાગૃતતાના પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

42- પ્રાથમિક શાળાના શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના NEP જાગૃતતાના માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના NEP જાગૃતતાના પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

43- પ્રાથમિક શાળાના પીટીસીની લાયકાત ધરાવતા શિક્ષકો બીએડની લાયકાત ધરાવતા શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પીટીસીની લાયકાત ધરાવતા શિક્ષકો બીએડની લાયકાત ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

44- આથી, કહી શકાય કે, પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા હતા, એટલે કે પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં અસમાનતા જોવા મળી હતી.

45- આથી, કહી શકાય કે, પ્રાથમિક શાળાના 10 વર્ષથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા હતા, એટલે કે પ્રાથમિક શાળાના પ્રાથમિક શાળાના 10 વર્ષથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષકો 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં અસમાનતા જોવા મળી હતી.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

- રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતાને અભ્યાસ, જાતીયતા,વિભાગ કે શૈક્ષણિક અનુભવ સાથે કોઈ સંબંધ નથી.
- શિક્ષકોના વિવિધ સમયે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતામાં ફેરફાર થતા હોવાથી થોડા થોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.
- આધુનિક યુગમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની જાગૃતતા લાવવી ખૂબ જરૂરી છે. આથી શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની બાબતોથી જાગૃત રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકોમા NEP જાગૃતતાનો અભ્યાસ કરવાનો હોવાથી, પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર 'પ્રાથમિક શિક્ષણ',શૈક્ષણિક માપન મૂલ્યાંકન,મૂલ્ય શિક્ષણ અને કેળવણી-સમાજપરિવર્ત - નામનાં સંશોધન ક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય.

**સારાંશ તૈયાર કરનાર : ભરતભાઈ મેસિયા**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક: જૂનાગઢ જિલ્લાના ડી.એલ.એડ તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધી સમજ અંગેના અભિપ્રાયોનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**


**સંશોધાકનું નામ : ભરતભાઈ મેસિયા**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**


**વર્ષ : 2022-23**

**સારાંશ**


**1. પ્રાસ્તાવિક :**

શિક્ષણમાં તારુણ્ય અંગેની સમજ પ્રાપ્ત કરવી જરૂરી બને છે. શાળા કક્ષાએ તાલીમાર્થીઓ આ બાબતને સમજે છે અથવા તો જાણકરી ધરાવે છે તે બાબતને ધ્યાનમાં રાખીને પ્રયોજક દ્વારા પ્રસ્તુત અભ્યાસ તૈયાર કરવાનું ઉચિત જણાયું. મોટેભાગે બાળકમાં તારુણ્ય અંગેની સમજ પર મિત્રોની પ્રત્યક્ષ અસર હોય છે. પરંતુ ઇન્ટર્નશીપ દરમિયાન તાલીમાર્થી પણ જો અવગત હોય તો બાળક સાથેના વ્યવહારમાં અસરકારક રજૂઆત કરી શકે છે. તારુણ્યની બાબત વિકાસના બધાં જ પાસાંઓ જેવા કે શારીરિક, ભાષાકીય, સામાજિક, ભાવનાત્મક, બૌદ્ધિક અને સર્જનાત્મકતાના ક્ષેત્રમાં પાયામાં રહેલી છે. તેથી શિક્ષણ સાથે સંકળાયેલ તાલીમાર્થીઓની તારુણ્ય અંગેની સમજ અંગે અભ્યાસ કરવામાં આવે તો શાળા કક્ષાએ શિક્ષણમાં કાઉન્સેલરની ભૂમિકા તેમજ જરૂરિયાત નક્કી કરી શકાય. આમ પ્રસ્તુત અભ્યાસ તૈયાર કરવાનું ઉચિત જણાયું.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ હતાં.

- જૂનાગઢ જિલ્લાના તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધી સમજનો અભ્યાસ કરવો.
- જૂનાગઢ જિલ્લાના તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધીત ઉપકરણની સંચરના કરવી.
- જૂનાગઢ જિલ્લાના તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધીત રચવામાં આવેલ ઉપકરણની અસરકારકતા ચકાસવી.
- જૂનાગઢ જિલ્લાના તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધી સમજ પર તાલીમાર્થીઓનો જાતીયતા અને વિસ્તારની અસર તપાસવી.

ઉત્કલ્પના

1 તરુણાવસ્થા એ એક સહજ અવસ્થા છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ?

2 તરુણાવસ્થામાં શાળાની ભૂમિકા મહત્વની છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ?

3 તરુણાવસ્થા એ સંક્રાંતિકાળ છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ?

4 તરુણાવસ્થા એ નિર્દોષ અવસ્થા છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ?

5 તરુણાવસ્થાનો સમયગાળો નાજુક છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ?

| | |
|---|---|
| 6 | 12 થી 18 વર્ષનો સમય તરુણાવસ્થાનો સમયગાળો નથી. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 7 | તરુણાવસ્થામાં જિજ્ઞાસાવૃતિ જોવા મળે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 8 | તરુણાવસ્થામાં સાહસવૃતિ જોવા મળે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 9 | તરુણાવસ્થા દરમિયાન તરુણોને કલાપ્રવૃતિઓમાં ભાગ લેવો જોઇએ નહિ. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 10 | તરુણાવસ્થા દરમિયાન બાળક શરમ અનુભવે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 11 | તરુણાવસ્થા દરમિયાન તરુણ માતા-પિતા સાથે વિચારભેદ ધરાવતો હોય છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 12 | તરુણાવસ્થા દરમિયાન તરુણ મૂંઝવણ અનુભવે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 13 | તરુણાવસ્થામાં આક્રમકવૃતિ જોવા મળે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 14 | તરુણાવસ્થામાં જાતિયવૃતિ જોવા મળે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 15 | તરુણાવસ્થા ખેલકુદ પ્રવૃતિના ઉર્ધ્વીકરણ માટે આવશ્યક છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 16 | તરુણાવસ્થામાં સાહસકથાઓ પ્રેરકબળ બની શકે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 17 | વાર્તાશિક્ષણ તરુણાવસ્થા માટે ઉપકારક છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 18 | તરુણાવસ્થા દરમિયાન તાદાત્મીકરણ અનુભવાય છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 19 | તરુણાવસ્થા દરમિયાન તરુણ સંઘર્ષ અનુભવે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 20 | તરુણાવસ્થામાં સમોવડીયા જૂથ પ્રત્યે વધુ આકર્ષણ હોય છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 21 | તરુણાવસ્થા દરમિયાન તરુણોમાં તોડફોડવૃતિ જોવા મળે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 22 | તરુણાવસ્થા અવસ્થાને પ્રશ્નો પૂછવાની ઉમર તરીકે ઓળખવામાં આવે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 23 | તરુણાવસ્થા દરમિયાન તરુણો જાતિગત ભેદભાવ વિના સાથે રમતો રમે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 24 | તરુણાવસ્થા એ સર્જનની ઉમર છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 25 | તરુણાવસ્થા દરમિયાન તરુણ વિજાતીય આકર્ષણ અનુભવે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |

## 3. પદ્ધતિ :

### i. અભ્યાસની રૂપરેખા :

### ii. નમૂનો :

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં વર્ષ 2022-23માં જૂનાગઢ જિલ્લામાં કાર્યરત ડી.એલ.એડ કોલેજના તાલીમાર્થીઓ હતા. પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે જૂનાગઢ જિલ્લાના ડી.એલ.એડ તાલીમાર્થીઓને આકસ્મિક નમુના પસંદગી પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતાં. પ્રસ્તુત અભ્યાસમાં કુલ **68** તાલીમાર્થીઓએ અભિપ્રાય આપ્યા હતા.

### iii. ઉપકરણ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ઉપકરણ તરીકે સ્વ-રચિત ડી.એલ.એડ તાલીમાર્થીઓના તારુણ્ય અંગેની સમજ અંગેના અભિપ્રાય માપદંડનો ઉપયોગ કર્યો હતો.

સંશોધકે સૌ પ્રથમ શિક્ષણમાં મનોવિજ્ઞાન આધારિત જુદા-જુદા મોડ્યુલનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ અનુભવી ડીએલએડ તાલીમાર્થીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી તેની તારુણ્ય અંગેની સમજ અંગેની વિશેષ માહિતી મેળવી હતી. મેળવેલ માહિતીને હેતુના સંદર્ભમાં વ્યવસ્થિત સ્વરૂપે ગોઠવી તેને અનુરૂપ વિધાનો તૈયાર કર્યા હતા. પ્રારંભિક ઉપકરણ તૈયાર કર્યા પછી તેની ચકાસણી કરવા પસંદગીના તજજ્ઞોને મોકલી આપવામાં આવ્યું હતું. તજજ્ઞોશ્રીઓએ આપેલ પ્રતિભાવો અને સુધારાઓને ધ્યાને લઈ અંતિમ ઉપકરણ તૈયાર કરવામાં આવ્યું હતું. અંતિમ ઉપકરણ (ક્રમમાપદંડ)માં કુલ 25 વિધાનો રાખવામાં આવ્યા હતાં. દરેક વિધાનમાં સહમત, અસહમત અને તટસ્થ વિકલ્પ આપવામાં આવેલ. જેમાંથી કોઈપણ એક વિકલ્પ પસંદ કરીને પ્રતિચાર આપવાનો હતો.

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત કરવા સંશોધક દ્વારા સંશોધન ઉપકરણની રચના કરવામાં આવી હતી. નમૂનામાં સમાવિષ્ટ પાત્રો પાસેથી માહિતી એકત્રિત કરવા પ્રયોજકે જૂનાગઢ જિલ્લાના ડી.એલ.એડ કોલેજના અધ્યાપકની મદદથી તાલીમાર્થીઓ દ્વારા મળેલ માહિતીનું એકત્રીકરણ કરેલ.

**v. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત અભ્યાસના માહિતી એકત્રીકરણ માટે જૂનાગઢ જિલ્લામાં કાર્યરત સંસ્થાના તાલીમાર્થીઓની તારુણ્ય અંગેની સમજનો અભ્યાસ કરવાનો હતો. જે માટે નમૂનાના પાત્રો પાસેથી એકત્રિત કરવામાં આવેલ માહિતીને આધારિત દરેક વિધાનના ટકાવારી મૂલ્ય મેળવવામાં આવ્યા હતા.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસના તારણો આ પ્રમાણેના હતા.

1- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા એ એક સહજ અવસ્થા છે.

2- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં શાળાની ભૂમિકા મહત્વની છે.

3- તાલીમાર્થીઓ તરુણાવસ્થા એ સંક્રાંતિકાળ છે એ વિધાન સાથે સહમત છે.

4- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા એ નિદોર્ષ અવસ્થા છે.

5- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થાનો સમયગાળો નાજુક છે.

6- 12 થી 18 વર્ષનો સમય તરુણાવસ્થાનો સમયગાળો નથી. એ વિધાનમાં તાલીમાર્થીઓ અસહમત છે.

7- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં જિજ્ઞાસાવૃતિ જોવા મળે છે.

8- મોટાભાગના તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં સાહસવૃતિ હોય છે.

9- મોટા ભાગના તાલીમાર્થીઓના મતે કલાપ્રવૃતિમાં તરુણાવસ્થા દરમિયાન તરુણોને ભાગ લેવો જોઈએ.

10- તાલીમાર્થીઓના મતે બાળકો તરુણાવસ્થા દરમિયાન શરમ અનુભવે છે.

11- તાલીમાર્થીઓના મતે માતા-પિતા સાથે તરુણવસ્થામાં વિચારભેદ જોવા મળે છે.

12- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા દરમિયાન તરુણ મૂંઝવણ અનુભવે છે.

13- મોટાભાગના તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં આક્રમકવૃતિ જોવા મળે છે.

14- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં જાતિયવૃતિ જોવા મળે છે.

15- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં ખેલકુદ પ્રવૃતિ જાતિયવૃતિના ઉર્ધ્વીકરણ માટે આવશ્યક છે.

16- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં સાહસકથાઓ પ્રેરકબળ બની શકે છે.

17- તાલીમાર્થીઓના મતે વાર્તાશિક્ષણ તરુણાવસ્થા માટે ઉપકારક છે.

18- મોટેભાગે તરુણાવસ્થા દરમિયાન તાદાત્મીકરણ અનુભવાય છે.

19- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા દરમિયાન તરુણ સંઘર્ષ અનુભવે છે.

20- તરુણાવસ્થામાં સમોવડીયા જૂથ પ્રત્યે વધુ આકર્ષણ હોય છે એવો તાલીમાર્થીઓનો મત છે.

21- મોટાભાગના તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા દરમિયાન તરુણોમાં તોડફોડવૃતિ જોવા મળતી નથી.

22- તરુણાવસ્થા અવસ્થાને પ્રશ્નો પૂછવાની ઉમર તરીકે ઓળખવામાં આવતી નથી.

23- તાલીમાર્થીઓના માટે તરુણાવસ્થા દરમિયાન તરુણો જાતિગત ભેદભાવ વિના સાથે રમતો રમે છે. એ અંગે તાલીમાર્થીઓ પોતાના અભિપ્રાયોમાં સ્પષ્ટપણે સહમત- અસહમત થતા નથી. કેટલાક તાલીમાર્થીઓ તટસ્થ હતા.

24- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા એ સર્જનની ઉમર છે.

25- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા દરમિયાન તરુણ વિજાતીય આકર્ષણ અનુભવે છે.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

- તાલીમાર્થીઓમાં તારુણ્ય અંગેની સમજ વિકસે તે માટે શાળાકક્ષાએ શૈક્ષણિક મનોવિજ્ઞાન અંગેના પુસ્તકો તેમજ સાહિત્ય વિકસાવવા જોઈએ.
- તાલીમાર્થીઓ તારુણ્ય અંગેની સમજ મેળવે તે માટે શાળા કક્ષાએ કાઉન્સેલરની નિમવા જોઈએ.
- તારુણ્ય અંગેની સમજ વિકસે તેવા પોસ્ટર તેમજ ચિત્રો જિલ્લા કક્ષાએ તૈયાર કરી શાળા કક્ષા તેમજ તાલુકા કક્ષાએ જ પહોચે તેવું આયોજન કરવું જોઈએ.
- તારુણ્ય દરમિયાન થતાં શારીરિક કે માનસિક ફેરફારોની સમજ તેમજ જાગૃત્તતા કેળવે તે માટેના વ્યાખ્યાનોની શ્રેણીનું આયોજન તાલુકા તેમજ જિલ્લા કક્ષાએથી થવું જોઈએ.
- તારુણ્ય અંગેની સમજ વિકસે તે માટે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળા કક્ષાએ અભ્યાસક્રમમાં કેટલાક એકમો દાખલ કરવા જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

શૈક્ષણિક સંશોધનની સમસ્યા પસંદ કરવા માટે શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રો વિશેનો અભ્યાસ કરવો અગત્યનો છે. કોઈ એક વિશિષ્ટ ક્ષેત્રના આધારે સમસ્યા પસંદ કરી શકાય છે. National Council of Educational and Training (2000) દ્વારા પ્રસ્તુત Fifth Survey of Educational Researchમાં 38 જેટલા શૈક્ષણિક સંશોધન ક્ષેત્રો દર્શાવ્યા છે. જે પૈકી પ્રસ્તુત સંશોધનને સ્પર્શતા ક્ષેત્રો નીચે પ્રમાણે હતાં.

- શિક્ષણનું મનોવિજ્ઞાન
- શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સારાંશ તૈયાર કરનાર : ભરતભાઈ મેસિયા**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક: જૂનાગઢ જિલ્લાના ડી.એલ.એડ તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધી સમજ અંગેના અભિપ્રાયોનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**


**સંશોધાકનું નામ : ભરતભાઈ મેસિયા**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**


**વર્ષ : 2022-23**

**સારાંશ**

1. **પ્રાસ્તાવિક :**

શિક્ષણમાં તારુણ્ય અંગેની સમજ પ્રાપ્ત કરવી જરૂરી બને છે. શાળા કક્ષાએ તાલીમાર્થીઓ આ બાબતને સમજે છે અથવા તો જાણકરી ધરાવે છે તે બાબતને ધ્યાનમાં રાખીને પ્રયોજક દ્વારા પ્રસ્તુત અભ્યાસ તૈયાર કરવાનું ઉચિત જણાયું. મોટેભાગે બાળકમાં તારુણ્ય અંગેની સમજ પર મિત્રોની પ્રત્યક્ષ અસર હોય છે. પરંતુ ઇન્ટર્નશીપ દરમિયાન તાલીમાર્થી પણ જો અવગત હોય તો બાળક સાથેના વ્યવહારમાં અસરકારક રજૂઆત કરી શકે છે. તારુણ્યની બાબત વિકાસના બધાં જ પાસાંઓ જેવા કે શારીરિક, ભાષાકીય, સામાજિક, ભાવનાત્મક, બૌદ્ધિક અને સર્જનાત્મકતાના ક્ષેત્રમાં પાયામાં રહેલી છે. તેથી શિક્ષણ સાથે સંકળાયેલ તાલીમાર્થીઓની તારુણ્ય અંગેની સમજ અંગે અભ્યાસ કરવામાં આવે તો શાળા કક્ષાએ શિક્ષણમાં કાઉન્સેલરની ભૂમિકા તેમજ જરૂરિયાત નક્કી કરી શકાય. આમ પ્રસ્તુત અભ્યાસ તૈયાર કરવાનું ઉચિત જણાયું.

2. **સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ હતાં.

- જૂનાગઢ જિલ્લાના તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધી સમજનો અભ્યાસ કરવો.
- જૂનાગઢ જિલ્લાના તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધીત ઉપકરણની સંચરના કરવી.
- જૂનાગઢ જિલ્લાના તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધીત રચવામાં આવેલ ઉપકરણની અસરકારકતા ચકાસવી.
- જૂનાગઢ જિલ્લાના તાલીમાર્થીઓનો તારુણ્ય સબંધી સમજ પર તાલીમાર્થીઓનો જાતીયતા અને વિસ્તારની અસર તપાસવી.

ઉત્કલ્પના

1 તરુણાવસ્થા એ એક સહજ અવસ્થા છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ?

2 તરુણાવસ્થામાં શાળાની ભૂમિકા મહત્વની છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ?

3 તરુણાવસ્થા એ સંક્રાંતિકાળ છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ?

4 તરુણાવસ્થા એ નિર્દોષ અવસ્થા છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ?

5 તરુણાવસ્થાનો સમયગાળો નાજુક છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ?

| | |
|---|---|
| 6 | 12 થી 18 વર્ષનો સમય તરુણાવસ્થાનો સમયગાળો નથી. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 7 | તરુણાવસ્થામાં જિજ્ઞાસાવૃતિ જોવા મળે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 8 | તરુણાવસ્થામાં સાહસવૃતિ જોવા મળે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 9 | તરુણાવસ્થા દરમિયાન તરુણોને કલાપ્રવૃતિઓમાં ભાગ લેવો જોઇએ નહિ. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 10 | તરુણાવસ્થા દરમિયાન બાળક શરમ અનુભવે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 11 | તરુણાવસ્થા દરમિયાન તરુણ માતા-પિતા સાથે વિચારભેદ ધરાવતો હોય છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 12 | તરુણાવસ્થા દરમિયાન તરુણ મૂંઝવણ અનુભવે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 13 | તરુણાવસ્થામાં આક્રમકવૃતિ જોવા મળે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 14 | તરુણાવસ્થામાં જાતિયવૃતિ જોવા મળે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 15 | તરુણાવસ્થા ખેલકુદ પ્રવૃતિના ઉર્ધ્વીકરણ માટે આવશ્યક છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 16 | તરુણાવસ્થામાં સાહસકથાઓ પ્રેરકબળ બની શકે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 17 | વાર્તાશિક્ષણ તરુણાવસ્થા માટે ઉપકારક છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 18 | તરુણાવસ્થા દરમિયાન તાદાત્મીકરણ અનુભવાય છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 19 | તરુણાવસ્થા દરમિયાન તરુણ સંઘર્ષ અનુભવે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 20 | તરુણાવસ્થામાં સમોવડીયા જૂથ પ્રત્યે વધુ આકર્ષણ હોય છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 21 | તરુણાવસ્થા દરમિયાન તરુણોમાં તોડફોડવૃતિ જોવા મળે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 22 | તરુણાવસ્થા અવસ્થાને પ્રશ્નો પૂછવાની ઉમર તરીકે ઓળખવામાં આવે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 23 | તરુણાવસ્થા દરમિયાન તરુણો જાતિગત ભેદભાવ વિના સાથે રમતો રમે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 24 | તરુણાવસ્થા એ સર્જનની ઉમર છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |
| 25 | તરુણાવસ્થા દરમિયાન તરુણ વિજાતીય આકર્ષણ અનુભવે છે. એ વિશે તાલીમાર્થીઓનો શો અભિપ્રાય હશે ? |

## 3. પદ્ધતિ :

### i. અભ્યાસની રૂપરેખા :

### ii. નમૂનો :

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં વર્ષ 2022-23માં જૂનાગઢ જિલ્લામાં કાર્યરત ડી.એલ.એડ કોલેજના તાલીમાર્થીઓ હતા. પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે જૂનાગઢ જિલ્લાના ડી.એલ.એડ તાલીમાર્થીઓને આકસ્મિક નમુના પસંદગી પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતાં. પ્રસ્તુત અભ્યાસમાં કુલ **68** તાલીમાર્થીઓએ અભિપ્રાય આપ્યા હતા.

### iii. ઉપકરણ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ઉપકરણ તરીકે સ્વ-રચિત ડી.એલ.એડ તાલીમાર્થીઓના તારુણ્ય અંગેની સમજ અંગેના અભિપ્રાય માપદંડનો ઉપયોગ કર્યો હતો.

સંશોધકે સૌ પ્રથમ શિક્ષણમાં મનોવિજ્ઞાન આધારિત જુદા-જુદા મોડ્યુલનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ અનુભવી ડીએલએડ તાલીમાર્થીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી તેની તારુણ્ય અંગેની સમજ અંગેની વિશેષ માહિતી મેળવી હતી. મેળવેલ માહિતીને હેતુના સંદર્ભમાં વ્યવસ્થિત સ્વરૂપે ગોઠવી તેને અનુરૂપ વિધાનો તૈયાર કર્યા હતા. પ્રારંભિક ઉપકરણ તૈયાર કર્યા પછી તેની ચકાસણી કરવા પસંદગીના તજજ્ઞોને મોકલી આપવામાં આવ્યું હતું. તજજ્ઞોશ્રીઓએ આપેલ પ્રતિભાવો અને સુધારાઓને ધ્યાને લઈ અંતિમ ઉપકરણ તૈયાર કરવામાં આવ્યું હતું. અંતિમ ઉપકરણ (ક્રમમાપદંડ)માં કુલ 25 વિધાનો રાખવામાં આવ્યા હતાં. દરેક વિધાનમાં સહમત, અસહમત અને તટસ્થ વિકલ્પ આપવામાં આવેલ. જેમાંથી કોઈપણ એક વિકલ્પ પસંદ કરીને પ્રતિચાર આપવાનો હતો.

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રિત કરવા સંશોધક દ્વારા સંશોધન ઉપકરણની રચના કરવામાં આવી હતી. નમૂનામાં સમાવિષ્ટ પાત્રો પાસેથી માહિતી એકત્રિત કરવા પ્રયોજકે જૂનાગઢ જિલ્લાના ડી.એલ.એડ કોલેજના અધ્યાપકની મદદથી તાલીમાર્થીઓ દ્વારા મળેલ માહિતીનું એકત્રીકરણ કરેલ.

**v. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત અભ્યાસના માહિતી એકત્રીકરણ માટે જૂનાગઢ જિલ્લામાં કાર્યરત સંસ્થાના તાલીમાર્થીઓની તારુણ્ય અંગેની સમજનો અભ્યાસ કરવાનો હતો. જે માટે નમૂનાના પાત્રો પાસેથી એકત્રિત કરવામાં આવેલ માહિતીને આધારિત દરેક વિધાનના ટકાવારી મૂલ્ય મેળવવામાં આવ્યા હતા.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસના તારણો આ પ્રમાણેના હતા.

1- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા એ એક સહજ અવસ્થા છે.

2- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં શાળાની ભૂમિકા મહત્વની છે.

3- તાલીમાર્થીઓ તરુણાવસ્થા એ સંક્રાંતિકાળ છે એ વિધાન સાથે સહમત છે.

4- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા એ નિદોર્ષ અવસ્થા છે.

5- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થાનો સમયગાળો નાજુક છે.

6- 12 થી 18 વર્ષનો સમય તરુણાવસ્થાનો સમયગાળો નથી. એ વિધાનમાં તાલીમાર્થીઓ અસહમત છે.

7- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં જિજ્ઞાસાવૃતિ જોવા મળે છે.

8- મોટાભાગના તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં સાહસવૃતિ હોય છે.

9- મોટા ભાગના તાલીમાર્થીઓના મતે કલાપ્રવૃતિમાં તરુણાવસ્થા દરમિયાન તરુણોને ભાગ લેવો જોઈએ.

10- તાલીમાર્થીઓના મતે બાળકો તરુણાવસ્થા દરમિયાન શરમ અનુભવે છે.

11- તાલીમાર્થીઓના મતે માતા-પિતા સાથે તરુણવસ્થામાં વિચારભેદ જોવા મળે છે.

12- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા દરમિયાન તરુણ મૂંઝવણ અનુભવે છે.

13- મોટાભાગના તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં આક્રમકવૃતિ જોવા મળે છે.

14- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં જાતિયવૃતિ જોવા મળે છે.

15- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં ખેલકુદ પ્રવૃતિ જાતિયવૃતિના ઉર્ધ્વીકરણ માટે આવશ્યક છે.

16- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થામાં સાહસકથાઓ પ્રેરકબળ બની શકે છે.

17- તાલીમાર્થીઓના મતે વાર્તાશિક્ષણ તરુણાવસ્થા માટે ઉપકારક છે.

18- મોટેભાગે તરુણાવસ્થા દરમિયાન તાદાત્મીકરણ અનુભવાય છે.

19- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા દરમિયાન તરુણ સંઘર્ષ અનુભવે છે.

20- તરુણાવસ્થામાં સમોવડીયા જૂથ પ્રત્યે વધુ આકર્ષણ હોય છે એવો તાલીમાર્થીઓનો મત છે.

21- મોટાભાગના તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા દરમિયાન તરુણોમાં તોડફોડવૃતિ જોવા મળતી નથી.

22- તરુણાવસ્થા અવસ્થાને પ્રશ્નો પૂછવાની ઉંમર તરીકે ઓળખવામાં આવતી નથી.

23- તાલીમાર્થીઓના માટે તરુણાવસ્થા દરમિયાન તરુણો જાતિગત ભેદભાવ વિના સાથે રમતો રમે છે. એ અંગે તાલીમાર્થીઓ પોતાના અભિપ્રાયોમાં સ્પષ્ટપણે સહમત- અસહમત થતા નથી. કેટલાક તાલીમાર્થીઓ તટસ્થ હતા.

24- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા એ સર્જનની ઉંમર છે.

25- તાલીમાર્થીઓના મતે તરુણાવસ્થા દરમિયાન તરુણ વિજાતીય આકર્ષણ અનુભવે છે.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ પ્રમાણેના હતા.

- તાલીમાર્થીઓમાં તારુણ્ય અંગેની સમજ વિકસે તે માટે શાળાકક્ષાએ શૈક્ષણિક મનોવિજ્ઞાન અંગેના પુસ્તકો તેમજ સાહિત્ય વિકસાવવા જોઈએ.
- તાલીમાર્થીઓ તારુણ્ય અંગેની સમજ મેળવે તે માટે શાળા કક્ષાએ કાઉન્સેલરની નિમવા જોઈએ.
- તારુણ્ય અંગેની સમજ વિકસે તેવા પોસ્ટર તેમજ ચિત્રો જિલ્લા કક્ષાએ તૈયાર કરી શાળા કક્ષા તેમજ તાલુકા કક્ષાએ જ પહોચે તેવું આયોજન કરવું જોઈએ.
- તારુણ્ય દરમિયાન થતાં શારીરિક કે માનસિક ફેરફારોની સમજ તેમજ જાગૃત્તતા કેળવે તે માટેના વ્યાખ્યાનોની શ્રેણીનું આયોજન તાલુકા તેમજ જિલ્લા કક્ષાએથી થવું જોઈએ.
- તારુણ્ય અંગેની સમજ વિકસે તે માટે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળા કક્ષાએ અભ્યાસક્રમમાં કેટલાક એકમો દાખલ કરવા જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

શૈક્ષણિક સંશોધનની સમસ્યા પસંદ કરવા માટે શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રો વિશેનો અભ્યાસ કરવો અગત્યનો છે. કોઈ એક વિશિષ્ટ ક્ષેત્રના આધારે સમસ્યા પસંદ કરી શકાય છે. National Council of Educational and Training (2000) દ્વારા પ્રસ્તુત Fifth Survey of Educational Researchમાં 38 જેટલા શૈક્ષણિક સંશોધન ક્ષેત્રો દર્શાવ્યા છે. જે પૈકી પ્રસ્તુત સંશોધનને સ્પર્શતા ક્ષેત્રો નીચે પ્રમાણે હતાં.

- શિક્ષણનું મનોવિજ્ઞાન
- શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સારાંશ તૈયાર કરનાર : ભરતભાઈ મેસિયા**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક: જૂનાગઢ જિલ્લામાં યોજાયેલ ધોરણ 1-2 અંગ્રેજી તાલીમ કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**

**સંશોધાકનું નામ : મીરાબેન વાય. વ્યાસ**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

**1. પ્રાસ્તાવિક :**

ધોરણ 1 અને 2 માં વિદ્યાર્થીઓના માત્ર શ્રવણ અને કથન કૌશલ્ય પર જ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું. અંગ્રેજી ભાષા શિક્ષણ Modified Communicative Approach (પ્રત્યાયન અભિગમ) આધારિત છે. બાળકોને સ્પેલીંગ લખાવી પાકા કરાવવા એવું નહીં પરંતુ વિદ્યાર્થી અંગ્રેજી સાંભળતો થાય અને બોલતો થાય તે મુખ્ય ઉદેશ્ય છે. જે હેતુ માટે આ શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમનો ભાષાના શિક્ષકો વર્ગખંડમાં શિક્ષણકાર્ય દરમ્યાન ઉપયોગ કરી ભાષાશિક્ષણને વધુ અસરકારક બનાવે તે જાણવા માટે આ સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણેના હતા.

હેતુઓ :

1. ધોરણ 1 અને 2ના શિક્ષકોની અંગ્રેજી તાલીમના પ્રિટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટના ડેટાનો અભ્યાસ કરવો.
2. ધોરણ 1 અને 2ના અંગ્રેજી તાલીમની અસરકારકતા જાણવા માટે ઉપકરણ તૈયાર કરવું.
3. ધોરણ 1 અને 2ના અંગ્રેજી તાલીમની અને શાળા કક્ષાએ તાલીમના અમલીકરણની અસરકારકતા જાણવી.

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે ઉત્કલ્પનાઓ રચી હતી.

**1.** ધોરણ 1 અને 2ના અંગ્રેજી તાલીમના પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**3. પદ્ધતિ :**

- **i. અભ્યાસની રૂપરેખા :**
- **ii. નમૂનો :**

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાના ધોરણ 1, અને 2 માં અભ્યાસ કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.આ સંશોધનમાં સંશોધકે તાલુકાના સીઆરસી મારફત 182 શિક્ષકો પાસેથી માહિતી મેળવેલ હતી

**iii. ઉપકરણ :**

ઉપકરણ તરીકે ધોરણ 1-2 અંગ્રેજી તાલીમ દરમ્યાન લેવામાં આવેલ પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે પરિશિષ્ટ 1 માં આપેલ છે. અહીં લેવામાં આવેલ પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ એક સમાન હતા. આ ઉપરાંત શાળા કક્ષાએ શિક્ષક પાસેથી તાલીમના અમલીકરણની અસરકારકતા જાણવા માટે એક 25 વિધાનોની પ્રશ્નાવલી બનાવામાં આવી હતી

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

માહિતી એકત્રીકરણ એ સંશોધન યોજનાનો આત્મા અને હાર્દ છે. અહીં ધોરણ 1-2 અંગ્રેજી તાલીમ ના પ્રથમ દિવસે લેવામાં આવેલ શિક્ષકોની પ્રિ-ટેસ્ટ અને તાલીમના અંતે લેવામાં આવેલ પોસ્ટ ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવેલ હતો. તેમજ તાલુકામાં સીઆરસીને પોતાની વિઝીટ દરમ્યાન શાળાના ધોરણ 1 અને 2 અંગ્રેજીની તાલીમ મેળવેલ વર્ગખંડ અવલોકન અને શિક્ષકો પાસેથી રુબરુ માહિતી મેળવવામાં આવી હતી.

જૂનાગઢ જિલ્લાની 723 શાળામાંથી ધોરણ 1 અને 2 ના કુલ 182 શાળાના શિક્ષકો પાસેથી માહિતી મેળવવામાં આવી હતી અને તમામ ધોરણ 1 અને 2 ના અંગ્રેજી ભાષાના શિક્ષકો પાસેથી પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટનાં ડેટાનો ઉપયોગ કરી માહિતી મેળવવામાં આવી હતી.

**v. માહિતીનું પૃથક્કરણ :**

સંશોધકે ધોરણ 1 અને 2 ના શિક્ષકોને તાલીમ દરમ્યાન આપવામાં આવેલ પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટના ગુણાંકનનો ઉપયોગ કરીને માહિતી શોધવામાં આવી. પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા એકત્ર કરેલ પ્રશ્નાવલીનું અંકશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગથી ગુણાંકન કરી મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી(ટકાવારી), શોધવામાં આવી હતી.

જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકાના ધોરણ 1 અને 2 ના શિક્ષકોનો અંગ્રેજી તાલીમના પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય." - આ ઉત્કલ્પનાની ચકાસણી માટે ધોરણ 1-2 અંગ્રેજી તાલીમમાં લેવામાં આવેલ પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ એમ બે જૂથો રચવામાં આવ્યા હતા. આ બન્ને જૂથોની ધોરણ 1-2 અંગ્રેજી તાલીમમાં મળેલ પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા તપાસવા માટે 'ટી—કસોટી' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

- ધોરણ 1 અને 2ના શિક્ષકોનો ધોરણ 1-2 અંગ્રેજી તાલીમ ના પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટના પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા હતા, એટલે કે ધોરણ 1 અને 2ના શિક્ષકોનો ધોરણ 1-2 અંગ્રેજી તાલીમના પ્રિ-ટેસ્ટ કરતાં પોસ્ટ-ટેસ્ટના સરેરાશ પ્રાપ્તાંકો વધારે જોવા મળ્યા હતા.
- તમામ શિક્ષકોને અંગ્રેજીમાં વિદ્યાર્થીઓ સાથે અભિવાદન કે સામાન્ય સૂચનાઓથી પ્રત્યાયન કરતાં શાબ્દિક અશાબ્દિક પ્રતિભાવ મળે છે
- તમામ શિક્ષકોના મત મુજબ NEP 2020 માં દર્શાવ્યા મુજબ બાળકો પ્રત્યાયન માટે બહુભાષિક કૌશલ્યો કેળવે તે બાબતે વર્ગ કાર્યમાં ભાર મુકાયો છે.

- તમામ શિક્ષકો અંગ્રેજી ભાષાનું શૈક્ષણિક કાર્ય શ્રવણ કથન વાંચન લેખન એ મુજબ સાચાં ક્રમથી કરાવવામાં આવે છે.
- વર્ગખંડમાં ઉપલબ્ધ લેખિત સામગ્રી વસ્તુઓ વિશે પૂછતા મોટાભાગના વિદ્યાર્થીઓ પાસેથી જવાબ મળે છે.
- ધોરણ મુજબ લોન વર્ડ્સ વિશે પ્રશ્નોત્તરી કરતા મોટાભાગના વિદ્યાર્થીઓના જવાબ મળે છે.
- મોટાભાગની તમામ શાળાઓમાં ધોરણ એક થી ત્રણ માં બાળકો અંગ્રેજી" સાંભળતા સાંભળતા સમજવા માંડે પછી બોલતા થાય છે.
- એક્શન સોંગ અને પ્રેયરનો હેતુ વિદ્યાર્થીઓ શબ્દો બોલતા થાય અને ક્રિયાઓનો અર્થ સમજતા થાય તેવો છે તેમ મોટા ભાગના શિક્ષક આ વાત જાણે છે.
- દરેક એક્ટિવિટી શરૂ કરાવતા પહેલા મોટાભાગના શિક્ષક ફૂટ નોટ વાંચે છે.
- અંગ્રેજી વિષયની અધ્યયન નિષ્પતિઓ મુજબ વર્ગમાં મોટાભાગના તમામ શિક્ષક દ્વારા ટીએલએમ નિર્માણ કરવામાં આવેલ છે.
- તમામ લેંગ્વેજ ગેમ્સ એ ભાષા શીખવવાની આનંદપ્રદ પદ્ધતિ છે શિક્ષક દ્વારા ધોરણ પ્રમાણે આવી લેંગ્વેજ ગેમ રમાડવામાં આવે છે.
- વર્ગ કાર્યમાં શિક્ષક આવૃતિમાં આપેલી ટીપીઆર પ્રવૃત્તિઓ શ્રવણ કૌશલ્યને પ્રોત્સાહન આપે છે તેના વિશે તમામ શિક્ષક જાણે છે.
- Psycholinguistic systemનાં ભાગ તરીકે આપણું લક્ષ્ય ધોરણ 1 અને 2 માં Language Acquisition (ભાષાની પ્રાપ્તિ) પર છે તે બાબત મોટાભાગના શિક્ષક વર્ગ કાર્યમાં ધ્યાનમાં રાખે છે.
- મોટા ભાગના શિક્ષકો દ્વારા Vocabulary શીખવવાનો શ્રેષ્ઠ રસ્તો Isolated word કરતાં સંદર્ભ સાથે શબ્દો સાથે શીખવવાની પ્રક્રિયા જે મોટાભાગની શાળાના વર્ગકાર્યમાં અમલીકરણ થાય છે.
- મોટાભાગના  શિક્ષક અનુસાર શિક્ષક આવૃત્તિ કે પાઠ્યપુસ્તકમાં આપેલી પ્રવૃત્તિઓ સિવાય Learning outcums આધારિત અન્ય પ્રવૃત્તિઓ રમતો વગેરે વર્ગમાં થાય છે.
- ભાષાના અધ્યયન માટે શ્રેષ્ઠ ઉપાય 'પરિસ્થિતિ આધિન ભાષાનો ઉપયોગ કરાવવો' આ મુજબ સ્થાનિક પરિસ્થિતિનો મહત્તમ ઉપયોગ મોટાભાગના વર્ગમાં થાય છે.
- મોટાભાગના  વર્ગમાં અંગ્રેજી વિષયના અધ્યયનકાર્ય દરમ્યાન આવશ્યક વસ્તુઓ કાર્ડ,દ્રશ્ય શ્રાવ્ય માધ્યમો દ્વારા વર્ગ કાર્ય જીવંત જોવા મળે છે.
- વિદ્યાર્થીઓ આનંદ સાથે ભાષા સમૃદ્ધિ મેળવે તે હેતુથી પુસ્તકના અંતે રસપ્રદ એનરીચમેન્ટ એક્ટિવિટીઝ આપેલી છે તેના વિશે મોટાભાગના તમામ શિક્ષક જાણે છે
- ધોરણ એક થી ત્રણ માં અંગ્રેજી વિષયના અધ્યયન કરાવતી વખતે અનુવાદ પદ્ધતિનો ઉપયોગ શિક્ષકો દ્વારા મોટાભાગે ટાળવામાં આવે છે
- તમામ શિક્ષકો વર્ગ કાર્યમાંએકધારું ઓપચારિક શિક્ષણ કંટાળાજનક બની જતું હોય માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવી શીખવવાની પ્રક્રિયા રસપ્રદ બનાવી રહ્યા છે.

- મોટાભાગના વર્ગખંડમાં રોલ પ્લે દ્વારા બાળકો જાહેરમાં અંગ્રેજી બોલવાનો આત્મવિશ્વાસ કેળવે તે માટેના પ્રયાસો વર્ગ કાર્ય દરમિયાન થાય છે.
- TLM બોક્સ નો ઉપયોગ ધોરણ 1 અને 2 ના શિક્ષણ કાર્યમાં મોટાભાગની દરેક શાળામાં કરવામાં આવે છે.
- મોટા ભાગના શિક્ષકો એવું માને છે કે Rhymes/ Action Song દ્વારા બાળકની સમજનું ધીમે ધીમે વિકાસ થાય છે
- બાળકો ધોરણ 1 અને 2 માં આશરે 200 જેટલા લોનવર્ડ વિશે જાણે છે
- વાર્તા કથન બાદ બાળકો ટૂંકા વાક્યોમાં મૌખિક જવાબ આપી શકે છે

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે જૂનાગઢ જિલ્લાના ધોરણ 1 અને 2 નાં પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમની અસરકારકતા જાણવા માટે પ્રયાસ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસના અંતે પ્રયોજકે આ પ્રમાણેના ફલિતાર્થો રજૂ કર્યા હતા.પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

- ધોરણ 1 અને 2ના શિક્ષકોનો ધોરણ 1-2 અંગ્રેજી તાલીમના પ્રિ-ટેસ્ટ કરતાં પોસ્ટ-ટેસ્ટના સરેરાશ પ્રાપ્તાંકો વધારે જોવા મળ્યા હતા વર્ગખંડની સફળતા માટે અસરકારક ધોરણ 1-2 અંગ્રેજી તાલીમ જરૂરી છે.
- શિક્ષકોના વિવિધ સમયે તાલીમ મેળવવા માટેની જરુરીયાત અને ઉત્સાહમાં ફેરફાર થતા હોવાથી થોડાથોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 1 અને 2 ના શિક્ષકોની ધોરણ 1-2 અંગ્રેજી ની અસરકારકતાનું માપન કરવાનો હોવાથી, પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર 'માપન અને મૂલ્યાંકન' અને 'પ્રાથમિક શિક્ષણ' નામનાં સંશોધન ક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય.

**સારાંશ તૈયાર કરનાર : મીરાબેન વાય. વ્યાસ**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક: મેંદરડા તાલુકામાં સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટરની વર્તમાન સ્થિતિનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**


**સંશોધાકનું નામ : મીરાબેન વાય વ્યાસ**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**


**વર્ષ : 2022-23**

**સારાંશ**

1. **પ્રાસ્તાવિક :**

Right to Act – 2009 ની જોગવાઈ મુજબ રાજ્યમાં 6 થી 14 વયજૂથના બાળકો વયકક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ કરી શિક્ષણના સામાન્ય પ્રવાહમાં જોડાય તે માટે સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં સર્વ શિક્ષા અભિયાનમાં ચાલતા સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામની સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટર પર થતી અસરનો અભ્યાસ કરવા માટે સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટરમાં દ્વારા કેવા કેવા કાર્યક્રમો કરવામાં આવે છે? તેના દ્વારા કેટલા બાળકોને શાળાએ પાછા લાવી શકાયા છે? આ સેન્ટરમાં ભૌતિક સુવિધાઓ પૂરતી છે કે નહી ? તેનો યોગ્ય ઉપયોગ થાય છે કે નહી ? આવી તમામ બાબતોની માહિતી મેળવવામાં આવી છે. આમ, સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામની સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટર પર થતી અસરનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટેના હેતુસર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

2. **સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.

1. STPમાં પ્રાપ્ય માળખાકીય સુવિધા અને તેની ઉપયોગિતાનો અભ્યાસ કરવો
2. બાળમિત્રોની શૈક્ષણીક, વ્યવસાયિક યોગ્યતા અને તેના દસ્તાવેજીકરણ કાર્યનો અભ્યાસ કરવો.
3. એસટીપી સામગ્રીની ઉપલબ્ધતા અને ઉપયોગિતાનો અભ્યાસ કરવો.
4. એસટીપી અંતર્ગત આચાર્યોના અભિપ્રાય જાણવા. .

3. **પદ્ધતિ :**

   i. **અભ્યાસની રૂપરેખા :**

   ii. **નમૂનો :**

આ સંશોધનમાં સંશોધકે વ્યાપવિશ્વ તેને જ નમૂના (નિદર્શ) તરીકે પસંદ કરેલ છે. એટલે કે મેંદરડા તાલુકામાં કાર્યરત તમામ તાલુકાના સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટરને નમૂનામાં પસંદ કર્યા હતા. આમ પ્રસ્તુત અભ્યાસમાં મેંદરડા તાલુકામાં કાર્યરત કુલ 9 સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટર અને તે શાળાના 9 આચાર્યને પસંદ કરવામાં આવ્યા હતા.

**iii. ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં મુખ્ય 4 ઘટકોને ધ્યાનમાં રાખીને ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જે નીચે દર્શાવ્યા મુજબ હતા.

1. STP માં કાર્ય કરતા બાળમિત્રોની માહિતી
2. STP માં માળખાકીય સુવિધા
3. STP માં શાળાના આચાર્યની ભૂમિકા
4. દસ્તાવેજ અંગેની માહિતી

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

માહિતી એકત્રિત કરવામાં માટે ઉપકરણ તરીકે કુલ 4 ઉપકરણની રચના કરવામાં આવી હતી જે નીચે દર્શાવ્યા મુજબ હતા.

1. STP માં કાર્ય કરતા બાળમિત્ર માહિતી પત્રક અને પ્રશ્નાવલી
2. STP માં માળખાકીય સુવિધા ચેક લીસ્ટ
3. STP માં શાળાના આચાર્યની અભિપ્રાયાવલી
4. દસ્તાવેજ અંગેનું માહિતીપત્રક

પ્રસ્તુત સંશોધનમાં મેંદરડા તાલુકાના 9 STP કેન્દ્ર પરથી માહિતી એકત્ર કરવામાં આવી હતી.

**v. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સર્વેક્ષનાત્મક માહિતી પ્રાપ્ત કરી હતી તેમાં કોઈ ચોક્કસ ચલોની એકબીજા સાથેની કે આંતરવર્તી અસરોની તુલના કરવાનો કોઈ ઉપક્રમ ન હતો. તેથી સંશોધકે પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ તેમ જ અંકશાસ્ત્રીય ગણતરી માટે વ્યુહાત્મક રીતે અનુકુળ એવા વર્ણનાત્મક અંકશાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધમાં ફિલ્ડ ઇન્વેસ્ટિગેટર્સ દ્વારા એકત્રિત થયેલ માહિતીનો ઉપયોગ કરીને ડેટા એન્ટ્રી કરવામાં આવી હતી. એકત્રિત કરવામાં આવેલ ડેટાનું આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ કરીને વિશ્લેષણ કરવામાં આવ્યું હતું જેમાં ટકાવારી અને સરાસરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગુણાત્મક માહિતીનું ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત સંશોધનના મુખ્ય તારણો નીચે મુજબ જોવા મળેલ હતા

- મેંદરડા તાલુકાની કુલ 9 STP વર્ગની માહિતી મેળવવામાં આવી હતી. જેમાં 2 સ્ત્રી બાળમિત્રો અને 7 પુરુષ બાળમિત્રોની માહિતી મેળવવામાં આવી હતી.
- સ્નાતક કક્ષાની શૈક્ષણીક લાયકાત ધરાવતાં બાલમિત્રોનું પ્રમાણ સૌથી વધું અને ડીએલએડ અને ડીએલએડ સાથે અનુસ્નાતક લાયકાત ધરાવતા બાલમિત્રોનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળ્યું હતું.
- STP માં તાલીમી બાલમિત્રોનું પ્રમાણ વધુ હતું.

- STP માં કબાટની સુવિધા તેમજ સહાયક બાલમિત્રો અને ઇન્ટરનેટની સુવિધાનો સૌથી વધુ અભાવ જોવા મળતી હતો જ્યારે ખુરશી, પાથરણા, બ્લેક બોર્ડ, ચોક અને ડસ્ટર અને પાણીની વ્યવસ્થા નો અભાવ સૌથી ઓછો જોવા મળ્યો હતો.
- સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામમાં 26 મી જાન્યુઆરી/ 15મી ઓગષ્ટની ઉજવણીની પ્રવૃત્તિ મોટાભાગના STC પર હાથ ધરવામાં આવતી હતી જયારે વોકેશનલ ટ્રેનિંગની પ્રવૃત્તિ બહુ ઓછા STC પર હાથ ધરવામાં આવતી હતી.
- STP સામગ્રીની ઉપલબ્ધતા તમામ શાળામાં ધોરણ -1 થી 6 મોડ્યુલ, ધોરણ -1 થી 6 સ્વાધ્યાયપોથી, દૈનિક નોંધપોથી, વિદ્યાર્થી પ્રોગ્રેસ રીપોર્ટ કાર્ડ વગેરે જોવા મળેલ હતા.
- મોટાભાગના બાલમિત્રના મત મુજબ STC ને પુરતા પ્રમાણમાં નાણાકીય સહાય મળતી નથી.
- મોટાભાગના બાલમિત્રના મત મુજબSSA તરફથી સહાય મળતી હતી જેમાં સ્ટેશનરી અને શૈક્ષણીક સામગ્રીનો સમાવેશ થતો હતો.
- મોટાભાગના બાલમિત્રના મંતવ્ય અનુસાર SSA તરફથી બીજી કોઈ સુવિધા મળતી ન હતી
- SSA દ્વારા મળતી અધ્યાપન સામગ્રી સમયસર મળી રહે છે.
- SSA દ્વારા મળતી અધ્યાપન સામગ્રીની ઉપયોગીતા શિક્ષણકાર્ય કરવા માટે સંતોષકારક હોય છે.
- STP નું મૂલ્યાંકન નિયમિત રીતે કરવામાં આવતું હતું.

**આચાર્યશ્રીઓના અભિપ્રાયો**

STP ની માળખાકીય સુવિધાઓ અને તેની ઉપયોગીતા અંતર્ગત આચાર્યશ્રીઓના લેવામાં આવેલા અભિપ્રાયોના તારણો નીચે દર્શાવ્યા મુજબ હતા.

- આચાર્યોશ્રીના અભિપ્રાય અનુસાર STCની કામગીરી નિયમિત રીતે ચાલે છે .
- STP દ્વારા તૈયાર બાળકોની ગુણવત્તા શાળાનાં સામાન્ય પ્રવાહ માટે યોગ્ય હતી.
- આચાર્યોશ્રીના અભિપ્રાય અનુસાર STP પર બાલમિત્રોની હાજરી નિયમિત હતી.
- તમામ શાળાનાં આચાર્ય STP પર બાળમિત્રોને મદદરૂપ થતા હતા.
- આચાર્યોશ્રીના અભિપ્રાય અનુસાર તમામ STC પર પૂરતા પ્રમાણમાં માળખાકીય સુવિધાઓ હતી.
- STP પર મોટાભાગના બાલમિત્રોની કામગીરી સંતોષપ્રદ હતી.
- STP ને શૈક્ષણીક સામગ્રી સમયસર મળી રહેતી હતી.
- STP ને મળી રહેતી સામગ્રીની ઉપયોગીતા શિક્ષણ કાર્ય કરાવવા માટે સંતોષપ્રદ હતી.
- STP ને ફાળવવામાં આવતી નાણાકીય સહાય અપૂરતી હતી.
- STP ની કામગીરીનું નિયમિત મૂલ્યાંકન થતું હતું.
- STP દ્વારા ફાળવવામાં આવતી સહાય અને મટીરીયલનો યોગ્ય ઉપયોગ થતો હતો.
- શિક્ષણનું સ્તર ઊંચું લાવવામાં STCની ઉપયોગીતા જણાય છે.
- STC બાલમિત્રો નિયમિત રીતે કામ કરતાં હતાં.
- STCને નબળો લોકસહયોગ મળતો નથી પરંતુ STC ને સારો લોકસહયોગ મળે છે.
- બાળકોને ‘સ્કૂલ–રેડીનેશ ’માટે તૈયાર કરવામાં શિક્ષકો અને આચાર્ય સહભાગી બનતા હતા.

- STP દ્વારા પૂરતાં પ્રમાણમાં સહાય અને સામગ્રી પૂરી પાડવામાં આવતી હતી.
- તમામ **STP માં ચાલતી વિવિધ પ્રવૃતિઓ દ્વારા બાળકોનો શાળા વિશેનો ડર દૂર કરી શકાય છે.**
- **તમામ આચાર્યોના અભિપ્રાય અનુસાર** બાળકોને શાળા તરફ અભિમુખ કરવા માટે ફાળવેલો સમય (10 થી 20 માસ) પૂરતો હતો .
- STP ના તમામ વર્ગો ચાર કે તેથી વધુ કલાકો માટે શિક્ષણ કાર્ય કરતા હતા.
- STP અંતર્ગત માસવાર કરવાની પ્રવૃત્તિઓ જેવી કે વાલીમીટીંગ, વોકેશનલ ટ્રેનીંગ, રમતોત્સવ વગેરે નિયમિત હાથ ધરવામાં આવતી હતી.
- મોટાભાગના STC બાળકો માટેની શૈક્ષણીક સામગ્રીની ખરીદી વખતે આચાર્ય હાજર રહેતા હતા.
- આચાર્ય દ્વારા બાળમિત્રોને નિયમિત તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવતું હતું.
- મોટાભાગના બાલમિત્રો દ્વારા જાળવવામાં આવતા દસ્તાવેજો નિયમિત અપડેટ થતાં રહે છે.
- સામાન્ય પ્રવાહમાં દાખલ થતાં બાળકોનાં ટ્રેકીંગમાં અનિયમિતતા જોવા મળે છે.
- શાળામાં સામાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવતાં બાળકો ફરીથી ડ્રોપઆઉટ ન થાય તેનું સતત ધ્યાન રાખવામાં આવે છે.
- STCના બધાજ બાળકોને શાળાનાં GR પર નોંધવામાં આવે છે.
- બાલમિત્રો દ્વારા જાળવવામાં આવતા દસ્તાવેજો નિયમિત ચેક કરવામાં આવતા હતાં.

**બાલમિત્રોનું દસ્તાવેજીકરણ કાર્ય**

- સ્ટાફ હાજરી પત્રક, બાળકોનું હાજરી પત્રક અને દૈનિક નોંધપોથી દરેક STC પર જાળવવામાં આવી હતી જ્યારે ટ્રાન્સપોર્ટ રજીસ્ટર ખૂબ ઓછા STC પર જાળવવામાં આવતા હતાં.
- ઇનવર્ડ આઉટવર્ડ રજીસ્ટરની ગુણવત્તા સૌથી સારી જોવા મળી હતી.
  - STP સેન્ટર પર સૌથી વધુ જોવા મળેલ મટીરીયલ એ ધોરણ 1-6 મોડ્યુલ અને સ્વાધ્યાયપોથી હતા જ્યારે સૌથી ઓછી સંખ્યામાં જોવા મળેલ મટીરીયલ અર્લીરીડર હતા.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રત્યેક સંશોધન કાર્ય આખરે તો સંશોધક દ્વારા રચાયેલ ઉપકરણ સંદર્ભે પ્રાપ્ત થયેલી અંકશાસ્ત્રીય માહિતીને આધારે ચોક્કસ પ્રકારના તટસ્થપૂર્ણ તારણો પ્રાપ્ત થતા હોય છે અને એ તારણોને આધારે શૈક્ષણીક ફ્લિતાર્થોનો નિર્દેશ કરવામાં આવતો હોય છે. મહત્તમ પ્રમાણમાં પ્રાપ્ત થયેલા તારણો હકારાત્મક જોવા મળ્યા છે. પરંતુ જે કોઈ ચિત્ર પ્રાપ્ત થયું છે તેના આધારે પ્રાથમિક શિક્ષણ કક્ષાએ ચાલતા આ કાર્યક્રમને ગુણવત્તાલક્ષી અને વેગવંતુ બનાવવા અર્થે નોંધપાત્ર ફલિતાર્થ દર્શાવવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે. જે આ પ્રમાણે છે.

1. એસટીસી ચલવવા માટે શાળામાં એક અલગ રૂમની વ્યવસ્થા અગાઉથી જ કરી શકાય.
2. મોનીટરીંગ ટીમના દરેક સભ્યો દ્વારા તેમનું સતત મોનીટરીંગ થવું જોઈએ.
3. વર્ગખંડમાં પ્રવૃત્તિ આધારિત શિક્ષણનો ઉપયોગ વધુ થાય તેવા પ્રયત્ન કરી શકાય.
4. જો ઉચ્ચ શૈક્ષણીક લાયકાત ધરાવતાં અને તાલીમબદ્ધ બાલમિત્રોનું પ્રમાણ વધુ રાખવામાં આવે તો એસટીપીની અસરમાં વધુ સુધારો થઈ શકે છે.
5. STC ને ફાળવવામાં આવતી નાણાકીય સહાય પૂરતા પ્રમાણમાં મળે તે માટે પ્રયત્ન કરવા જોઈએ.

6. STC માં કબાટ, પંખો, ગ્રીન બોર્ડ, ઈન્ટરનેટ સુવિધા, કમ્પ્યુટર અને ખુરશી જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ જણાયો હતો આથી આ સુવિધા પૂરતાં પ્રમાણમાં દરેક STC ને મળી રહે તેવા પ્રયત્ન કરવા જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

સંશોધનનું ફલક વિશાળ છે. વર્તમાન સમયમાં ઘણાં ક્ષેત્રોમાં સંશોધનો થઇ રહ્યા છે, તેમજ શૈક્ષણિક સંશોધન ક્ષેત્રની સીમાઓ પણ વિસ્તરતી જાયછે. Thethird Survey of Research in Educationમાં સંશોધનમાં ક્ષેત્રો વર્ણવવામાં આવ્યા છે. Survey of Researchin Education માં આડત્રીસ જેટલા સંશોધનોના ક્ષેત્રો દર્શવવામાં આવ્યા છે.

પ્રસ્તુત સંશોધનમાં STPની વર્તમાન સ્થિતિનો અભ્યાસનો અભ્યાસ કરવાનો હોવાથી પ્રસ્તુત સંશોધન શૈક્ષણિક માર્ગદર્શન સલાહ દર્શનનું કહી શકાય. પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શિક્ષણને લગતું તેમજ શૈક્ષણિક આયોજન અને નીતિવિષયક સંશોધન લગતું સંશોધન પણ કહી શકાય.

**સારાંશ તૈયાર કરનાર : મીરાબેન વાય. વ્યાસ**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય :ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક : જૂનાગઢ જિલ્લાના ધોરણ ૩ થી 8 ના વાક્યવાચક વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**

**સંશોધાકનું નામ : મીરાબેન વાય. વ્યાસ**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

### 1.પ્રસ્તાવના

દરેક બાળક વાક્યોને યોગ્ય રીતે અને સમજ સાથે વાંચે તે જરૂરી છે. પ્રવર્તમાન સમયમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ યોગ્ય રીતે વાંચન કરી શકે છે કે નહિ? વિદ્યાર્થી વાંચન કરે છે તો તે મૂળાક્ષરનું વાચન કરે છે? શબ્દનું વાંચન કરે છે? કે પછી શબ્દનું વાંચન કરે છે? અને જો શબ્દ કે શબ્દનું વાંચન કરી શકે છે તો તે અર્થગ્રહણ સાથે વાંચન કરી શકે છે કે નહિ ?, જે જાણવું ખુબ જરૂરી હતું. આ જાણ્યા બાદ વાચન ક્ષમતા કાર્યક્રમનું અમલીકરણ કર્યા બાદ વિદ્યાર્થીઓની પ્રગતિ ચકાસવી જરૂરી છે, આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખીને ગુજરાતની પ્રાથમિક શાળાનાં ધોરણ ૩ થી 8 નાં વિદ્યાર્થીઓની અક્ષરવાચક, શબ્દવાચક અને વાક્યવાચક વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતા જાણવાનાં હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

### 1.1 સમસ્યા કથન

પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવ્યું હતું.

**"જૂનાગઢ જિલ્લાના ધોરણ ૩ થી 8 ના વાક્યવાચક વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ"**

### 1.2 અભ્યાસના હેતુઓ

15 ધોરણ 3 થી 8 ના વાક્યવાચક વિદ્યાર્થીઓની ઓળખ કરવી.

16 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી જાણવી.

17 જૂનાગઢ જિલ્લામાં ધોરણ ૩ થી 8 ના વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ધોરણવાર સિદ્ધિ જાણવી.

18 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી જાણવી.

19 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીની પ્રવૃતિવાર સિદ્ધિ જાણવી.

20 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓને લાગતો સરેરાશ સમય જાણવો.

21 જૂનાગઢ જિલ્લામાં ધોરણ 3 થી 8 ના વાક્યવાચક વિદ્યાર્થીઓને લાગતો સરેરાશ સમય જાણવો.

22 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાથીઓને કરાવેલા મહાવરાની ટકાવારી જાણવી.

23 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત પ્રવૃતિવાઇઝ વિદ્યાથીઓને કરાવેલા મહાવરાની ટકાવારી જાણવી.

24 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ જાણવી.

25 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત ધોરણવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ જાણવી.

26 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત પ્રવૃતિવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ જાણવી.

27 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની જાતિયતા અનુસાર ટકાવારી જાણવી.

28 જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની તાલુકા અનુસાર ટકાવારી જાણવી.

## 2.3 અભ્યાસની ઉત્કલ્પના

પ્રસ્તુત સંશોધનના અભ્યાસ પ્રશ્નો આ મુજબ છે.

14. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી કેટલી હશે ?
15. જૂનાગઢ જિલ્લામાં ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ધોરણવાર સિદ્ધિ કેટલી હશે ?
16. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી કેટલી હશે ?
17. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીની પ્રવૃતિવાર સિદ્ધિ કેટલી હશે ?

18. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓને લાગતો સરેરાશ સમય કેટલો હશે ?
19. જૂનાગઢ જિલ્લામાં ધોરણ 3 થી 8 ના વાક્યવાચક વિદ્યાર્થીઓને લાગતો સરેરાશ સમય કેટલો હશે ?
20. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાથીઓને કરાવેલા મહાવરાની ટકાવારી કેટલી હશે ?
21. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત પ્રવૃતિવાઇઝ વિદ્યાથીઓને કરાવેલા મહાવરાની ટકાવારી કેટલી હશે ?
22. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ કેટલી હશે ?
23. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત ધોરણવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ કેટલી હશે ?
24. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત પ્રવૃતિવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ કેટલી હશે ?
25. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની જાતિયતા અનુસાર ટકાવારી કેટલી હશે ?
26. જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની તાલુકા અનુસાર ટકાવારી કેટલી હશે ?

## 1.4 સંશોધન પ્રકારઃ-

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ 3 થી 8 ના વાક્યવાચક વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતા જાણવાનો હેતુ હોવાથી પ્રસ્તુત સંશોધન વ્યવહારિક પ્રકારનું સંશોધન છે.

**1.5** અભ્યાસમાં સમાવિષ્ટ ચલઃ-

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે નીચેના ચલોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

સ્વતંત્ર ચલઃ-

- વાચન સુધારણા કાર્યક્રમમાં કરાવવામાં આવેલ પ્રવૃતિ- 1 થી 11
- જાતીયતા- કન્યા અને કુમાર
- ધોરણ- 3 થી 8
- મહાવરાની સંખ્યા -1 થી 4
- પ્રવૃત્તિ પૂર્ણ કરવા માટે લીધેલ સમય

- તાલુકા : જૂનાગઢ જિલ્લાના 10 તાલુકા

2 પરતંત્ર ચલઃ-

- વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમમાં મેળવેલ સિદ્ધિ

3. અંકુશિત ચલ :

3.1 વિસ્તાર 3.2 શાળાનું પર્યાવરણ

4. આંતરવર્તી ચલ : પ્રસ્તુત અભ્યાસમાં આંતરવર્તી ચલ તરીકે અભિરુચિ તેમજ વલણનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## 1.6 અભ્યાસનું મહત્વ

- વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતા જાણવા માટે આ સંશોધન ઉપયોગી બનશે.

આવી છે.

## 1.7 સંશોધનનું વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજયના જૂનાગઢ જિલ્લાની ગુજરાતી માધ્યમની સરકારી શાળાઓના ધો 3 થી 8 (વર્ષ – 2022 – 23) માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ થાય છે.

## 1.8 નમૂના પસંદગી :

પ્રસ્તુત સંશોધન માટે જૂનાગઢ જિલ્લાની તાલુકાદીઠ એક સરકારી શાળાના માં ધોરણ 3 થી 8 માં વર્ષ 2022-23 માં અભ્યાસ કરતા શાળાદીઠ 12 એમ કુલ 120 વિદ્યાર્થીઓનો નમુના તરીકે સમાવેશ કરવામાં આવેલ.

**1.9** સંશોધનનાં ક્ષેત્રો :

પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક શિક્ષણ અને ભાષા શિક્ષણનાં ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

**1.10** સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત અભ્યાસમાં જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતાનું માપન કરવાનું હોય પ્રસ્તુત સંશોધન વ્યવહારિક પ્રકારનું સંશોધન છે.

**1.11** સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનએ પ્રાયોગિક પદ્ધતિ પર આધારિત છે.

**1.12** ઉપકરણ વિગત :

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ મુખ વાચન સુધારણા કાર્યક્રમની અસરકારકતા કાર્યક્રમના મોડ્યુલનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવેલ હતો.

**1.13** માહિતીનું એકત્રીકરણ:

પસંદ થયેલ શાળાના ધોરણ 3 થી 5 ના ભાષાના શિક્ષક અને શાળાના આચાર્ય, અને શાળા સાથે સબંધિત CRC CO.Ordi, અને BRC CO.Ordi. ને આ સંદર્ભે તાલીમ આપવામાં આવેલ હતી. ત્યારબાદ શાળામાં શિક્ષણકાર્યની શરૂઆતમાં કુલ 15 દિવસ સુધી આપેલ ગાઈડલાઈન મુજબ મોડ્યુલમાં પ્રવૃત્તિ કરાવવામાં આવેલ અને તે અનુસંધાને કરેલ પ્રવૃત્તિઓની વિગતો ડેઈલી રીપોર્ટકાર્ડમાં નોંધવામાં આવતી હતી.

## **1.14** માહિતી પૃથક્કરણ અને અર્થઘટનની રીત :

પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવેલ અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે.

- સરાસરી
- ટકાવારી

ઉપર્યુકત મુદ્દાઓના અનુસંધાનમાં પસંદ થયેલ દરેક શાળાઓમાંથી મળેલ માહિતી પરથી અસરકારકતાની ચકાસણી કરવામાં આવી હતી.

1.15 **તારણો**

- મોટા ભાગના વાક્યવાચક વિદ્યાર્થીઓ અર્થગ્રહણ કરી શકતા હતા.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી સૌથી વધુ અર્થગ્રહણ કરી શકતા ધોરણ 3 ના વિદ્યાર્થીઓ હતા. જયારે વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી સૌથી ઓછુ અર્થગ્રહણ કરી શકતા ધોરણ 7 વિદ્યાર્થીઓ હતા
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી વધારે જોવા મળેલ.
- પ્રવૃતિદીઠ મહાવરો કરેલ વિદ્યાર્થીની વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીની પ્રવૃતિવાર મેળવેલ ગુણની સરેરાશમાં પ્રવૃત્તિ-17 માં ઓછી સરેરાશ અને પ્રવૃત્તિ-2 માં મેળવેલ ગુણની સરેરાશ સૌથી વધુ છે.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાથીઓના કરેલા કુલ મહાવરાની ટકાવારી 1.75 છે.
- પ્રવૃત્તિ 16-A માં ઓછા મહાવરા અને પ્રવૃત્તિ 7 માં વધુ મહાવરા જરૂર પડેલ છે.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ 5.09 જોવા મળેલ છે.

- પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની વધુ સરેરાશ પ્રવૃત્તિ -2 માં અને ઓછી સરેરાશ પ્રવૃત્તિ-17 માં જોવા મળે છે.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત ધોરણવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ ધોરણ-7 માં ઓછી અને વધુ સરેરાશ ધોરણ-5 માં જોવા મળેલ છે.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગતવાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીઓમાં કુમાર અને કન્યાઓના સરેરાશમાં તફાવત જોવા મળેલ નથી.
- વાક્યવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થી જૂનાગઢ સીટી, માળીયા, માંગરોળ, મેંદરડા, વંથલી અને માણાવદર તાલુકામાં વધુ ટકાવારી અને મેંદરડા તાલુકામાં ઓછી ટકાવારી જોવા મળે છે.

**1.16 શૈક્ષણિક ફલિતાર્થો**

- o પ્રસ્તુત અભ્યાસ વાચન ક્ષમતા તપાસવા માટેનો હતો. જેમાં વાચન ક્ષમતા અને જાતીયતાની વધુ અસર જોવા મળતી નથી, જેથી કુમાર અને કન્યાઓ વચ્ચેના ભેદ ન રાખવો જોઈએ.

**1.17 ભલામણો**

- o વાચન ક્ષમતાનો અભ્યાસ માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને કોલેજ કક્ષાએ કરી શકાય.
- o પ્રસ્તુત અભ્યાસમાં જિલ્લાની તમામ શાળાઓમાં કરી શકાય.

**સારાંશ તૈયાર કરનાર : મીરાબેન વાય. વ્યાસ**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : માધ્યમિક**

**સંશોધનનું શીર્ષક : ધોરણ દસના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પત્તિ SST-1010 ના અધ્યાપનના સંદર્ભમાં સરલીકૃત શૈક્ષણિક કાર્યક્રમની સંરચના અને તેની અસરકારતા**

**ભાષા : ગુજરાતી**

**સંશોધકનું નામ : ડૉ. ગીતાબેન કે. સેંજલીયા**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

**1. પ્રાસ્તાવિક :**

નેશનલ અચિવમેન્ટ સર્વે (National Achievement Survey) (NAS) ની શરૂઆત 2000થી કરવામાં આવેલ. જેના અનુસંધાને NCERT દ્વારા ધોરણ 3, 5 અને 8 માટે ભાષા, ગણિત, પર્યાવરણ / વિજ્ઞાન અનેટેક્નોલોજી તેમજ સમાજીક વિજ્ઞાન વિષયોમાં સરકારી અને અનુદાનિત શાળાઓ માટે ચાર તબક્કાઓનો સર્વે પૂર્ણ કરવામાં આવેલ.આ સર્વેનો ઉદ્દેશ શૈક્ષણિક સિદ્ધિનું સ્તર જાણવાનો અને તેને આધારે જરૂરી પ્રતિપોષણ આપવાનો હતો.

પ્રસ્તુત સંશોધનમાં સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે વિષયાંગના સંદર્ભે પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન, ટીએલએમ, વિડીયો, અને વિષયાંગ અનુસંધાને ચર્ચા કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સરલીકરણ માટે રચેલ પ્રોગ્રામની અસરકારકતા શોધવા માટે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરેલો હતો.

**2. સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે છે.

1) ધોરણ-10 સામાજિક વિજ્ઞાન વિષયના એકમ-11 ભારત : જળ સંસાધન માટે અધ્યયન નિષ્પત્તિની કઠિનતા દૂર કરવા અને સરલીકરણ કરવા માટે વિવિધ ઉપકરણોનો વિનિયોગ કરી સુધારણાલક્ષી કાર્યક્રમ તૈયાર કરવો.

2) ધોરણ-10 સામાજિક વિજ્ઞાન વિષયના ભારત-જળ સંસાધન માટે અધ્યયન નિષ્પતિ તે માટે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ રચી અને અધ્યયન નિષ્પત્તિની કઠિનતા માટે કરવામાં આવેલા કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

**ઉત્કલ્પના -** શ્રેણી દસના સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પતિ - 1010ના સરલીકરણ માટેના બિનપરંપરાગત અધ્યાપન પદ્ધતિથી અભ્યાસ કરતા પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટી પરના સરેરાશાંકો અને પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતા નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**3. પદ્ધતિ :**

**i. અભ્યાસની રૂપરેખા :**

**ii. નમૂનો :**

પ્રસ્તુત અભ્યાસમાં શાળાની પ્રયોજકે સહેતુપૂર્વક કરી હતી. આ પ્રાયોગિક કાર્ય વર્ષના અંતમાં કરવામાં આવેલ હોવાથી અને કઠિન કલમ તરીકે ધોરણ 10 ના મુદ્દા હોવાથી નમૂનામાં ધોરણ 9ના બાળકોને પસંદ કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત જૂનાગઢ ગ્રામ્ય તાલુકાની શેઠ ટી.ડી.ડી. મહેતા હાઈ સ્કુલ પસંદ કરેલ હતી. આ શાળામાં ધોરણ 9ણો એક વર્ગ હતો. આ વર્ગના વિદ્યાર્થીઓને બે ભાગમાં પ્રાયોગિક જૂથ નિયંત્રિત જૂથ તરીકે વિભાજીત કરવામાં આવ્યા હતા. નિયંત્રિત જૂથોના વર્ગ અને પ્રાયોગિક જૂથોના વર્ગની ફાળવણી ચિઠ્ઠી નાખીને કરવામાં આવી હતી.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોગની અજમાયશ માટે જૂથ-1 ને પ્રાયોગિક જૂથ તરીકે અને જૂથ-2ને નિયંત્રિત જૂથ તરીકે લેવામાં આવ્યા હતા. નિયંત્રિત જૂથ-1નાં 20 વિદ્યાર્થીઓને સુધારાલક્ષી કાર્યક્રમ દ્વારા અધ્યાપનકાર્ય કરાવ્યું હતું. જયારે પ્રાયોગિક જૂથ-2ના 20 વિદ્યાર્થીઓને પરંપરાગતવર્ગશિક્ષણ પદ્ધતિથી અધ્યયન કાર્ય કરાવ્યું હતું.

**iii. ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમા હેતુઓને અનુરૂપ પ્રાયોગિક કાર્ય પૂર્વે અને કાર્ય પૂર્ણ કર્યા બાદ પ્રયોગના અંતે 25 ગુણની એક કસોટી દ્વારા વિદ્યાર્થીઓની સિદ્ધિ માપવામાં આવી હતી. આ કસોટીમાં કલમોની રચના સંશોધનમાં સમાવિષ્ટ કઠિનબિંદુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. આ કસોટી 30 મિનિટમાં પૂર્ણ કરવાની હતી. પ્રસ્તુત સંશોધનમાં મુખ્ય કઠિનબિંદુ નું પ્રતિનિધિત્વ કરતી અને સરખો ગુણભાર ધરાવતી કલમોના આધારે સ્વનિર્મિત કસોટીની રચના કરવામા આવી હતી.

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રસ્તુત અભ્યાસમાં વિશિષ્ટ પદ્ધતિ તરીકે પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન, ટીએલએમ, વિડીયો, ચિત્રો અને વિષયાંગ અનુસંધાને ચર્ચા કરી અધ્યાપનકરાવવામાં આવ્યું હતું. પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ પર આ અધ્યાપનપદ્ધતિની અસરકારકતા તપાસવા માટે સંશોધક દ્વારા સ્વનિર્મિત સિદ્ધિ કસોટી આપવામા આવી. આ કસોટીમાં સંશોધનના કઠિનબિંદુ ઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ દરેક કઠિનબિંદુનુ પ્રતિનિધિત્વ કરતી કલમોના આધારે સ્વનિર્મિત કસોટીની રચના કરવામાં આવી હતી. સિદ્ધિ કસોટીના અમલીકરણ પૂર્વે તજજ્ઞોનો અભિપ્રાય પણ લેવામાં આવ્યો હતો. તજજ્ઞોનો અભિપ્રાય મેળવ્યા બાદ કસોટીનુ આખરી સ્વરૂપ આપવામા આવ્યું હતું. ત્યાર બાદ સિદ્ધિ કસોટી દ્વારા મળેલ પ્રાપ્તાંકોનુ t-test દ્વારા મળેલ પરિણામનુ અર્થઘટન કરવામાં આવ્યું અને મળેલ પરિણામના આધારે પ્રયોગકાર્યની અસરકારકતા તપાસવામા આવી.

**v. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત અભ્યાસમાં 26 વિદ્યાર્થીઓમાંથી હાજર વિદ્યાર્થી પર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રયોગના અંતે ઉત્તર કસોટી પરના પ્રાપ્તાંકોને આધારે એક્સેલ પ્રોગ્રામથી t - કસોટી કરવામાં આવી હતી.

પ્રયોગ બાદ પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના ગુણોની સરાસરી 10.05 અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના ગુણોની સરાસરી 13.15 હતી. સરાસરી ગુણો વચ્ચેના તફાવતનુ t–મૂલ્ય 0.78 હતું જે 1.96 કરતાં ઓછું હતું આમ t–મૂલ્ય 0.05 કક્ષાએ સાર્થક ન હતું.

આમ, શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના પૂર્વ સિદ્ધિ કસોટીની સરાસરી નિયંત્રિત જૂથની પૂર્વ સિદ્ધિ કસોટીની સરાસરી કરતાં ઉંચી જોવા મળી ન હતી. પ્રાયોગિક પદ્ધતિ દ્વારા આપવામાં આવતું શિક્ષણ અંશતઃ અસરકારક સાબિત થયું.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના અર્થઘટનનાં આધારે પ્રાપ્ત થયેલ તારણો આ મુજબ હતા.
માધ્યમિક કક્ષાએ ધોરણ-10 સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પતિના સરલીકરણ માટે તૈયાર કરેલ સુધારાલક્ષી કાર્યક્રમ અને બિનપરંપરાગત પદ્ધતિ બંને સમાન અસરકારક રહી હતી. આ ઉપરથી એવું તારણ કાઢી શકાય કે ધોરણ-10 સામાજિક વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પતિઓના સરલીકરણ માટેનું અધ્યાપન બિન પરંપરાગત પદ્ધતિ દ્વારા કરાવવામાં આવે તો પણ પ્રાયોગિક પદ્ધતિ (સુધારાલક્ષી કાર્યક્રમ) જેટલું જ અસરકારક બની રહે છે.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસનાં શૈક્ષણિક ફલિતાર્થો નીચે મુજબ છે.

1. પરંપરાગત પદ્ધતિની અસરકારકતા બિનપરંપરાગત પદ્ધતિ(સુધારાલક્ષી કાર્યક્રમ) કરતા ઉતરતી નથી.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત સામાજિક વિજ્ઞાન વિષયનાં કઠિનબિંદુ સરલીકરણ માટે સુધારાલક્ષી કાર્યક્રમ તરીકે વિષયાંગ અનુસંધાને પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન, ટીએલએમ, વિડીયો, અને વિષયાંગ અનુસંધાને ચર્ચા કરવામાં આવ્યો હતો. આ દૃષ્ટિએ પ્રસ્તુત અભ્યાસ માપન અને મૂલ્યાંકન ક્ષેત્રને સ્પર્શતો હતો.

**સારાંશ તૈયાર કરનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**
**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક : ભેસાણ તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**
**સંશોધકનું નામ : ડૉ. ગીતાબેન કે. સેંજલીયા**
**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**
**E-MAIL : dietjunagadh@gmail.com**
**વર્ષ : 2022-23**

**સારાંશ**

1. **પ્રાસ્તાવિક :**

NEP-2020 માં દર્શાવેલ નીતિઓનું અમલીકરણ શિક્ષકો દ્વારા થનારું હોય ત્યારે આ નીતિની માળખાગત બાબતોથી લઇ તેના ધ્યેય,હેતુઓ અને લક્ષ્યાંકો બાબત તેઓમાં કેટલા પ્રમાણમાં સભાનતા છે તે જાણવું ખૂબ જ જરૂરી છે.અત્રે શિક્ષકોની સભાનતાનું પ્રમાણ જાણવા માટે સંશોધક દ્વારા NEP-2020 આધારિત પ્રશ્નાવલિની રચના કરવામાં આવેલ છે. જે દ્વારા NEP-2020ના અમલીકરણ માટે તાલીમ તથા અનુકાર્ય અંગે યોગ્ય દિશા મળશે

2. **સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધન માટે પ્રયોજકે આ પ્રમાણે હેતુઓ નક્કી કર્યા હતા. જે હેતુઓને લક્ષમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાના અભ્યાસ માપન માટે 'NEP જાગૃતતા અંગેના માપદંડ'ની સંરચના કરવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં NEP જાગૃતતાનો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા અનુસાર NEP જાગૃતતા જાણવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની વિભાગ અનુસાર NEP જાગૃતતા જાણવી.

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી.

- પ્રાથમિક શાળાના શિક્ષકોના વિભાગ (નિમ્ન પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક) અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના અભ્યાસ અનુસાર NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા(પુરુષ અને સ્ત્રી) અનુસાર તેઓની NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની શાળામાં શૈક્ષણિક અનુભવ અનુસાર તેઓની NEP જાગૃતતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**3.** પદ્ધતિ :

**i. અભ્યાસની રૂપરેખા :**

**ii. નમૂનો :**

સંશોધન યોજનાને સ્પષ્ટ, સુવ્યવસ્થિત સ્વરૂપ આપવા માટે અને સંશોધન યોજનાને સ્પષ્ટ બનાવવા માટે વ્યાપવિશ્વનો નિર્દેશ અત્યંત આવશ્યક છે. પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ ગ્રામ્ય અને માંગરોળ તાલુકાની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2022-23 દરમિયાન અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, કુલ 180 શાળાઓના 885 શિક્ષકો વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતાં.

**iii. ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસની જરુરિયાતને ધ્યાનમાં રાખીને સંશોધકે શિક્ષક NEP-2020 પ્રશ્નાવલિની રચના કરી હતી. ઉપકરણ રચનામાં નીચે મુજબના સોપાનોને અનુસરવામાં આવ્યા હતા.પ્રયોજકે પ્રસ્તુત સંશોધનમાં NEP-2020 જાગૃતતા માપદંડમાં પ્રતિચાર આપનાર શિક્ષકની સામાન્ય માહિતી અને કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ 40 વિધાનો આપવામાં આવ્યા હતા. જેમાં ત્રણ વિકલ્પ આપવામાં આવ્યા હતા. જેમાંથી એક સાચો વિકલ્પ પસંદ કરવાનો હતો.

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

પ્રયોજકે NEP-2020 જાગૃતતા માપદંડ પર પ્રતિભાવ મેળવવા એક GOOGLE FORM વિકસાવવામાં આવ્યું હતું. જેની LINK બનાવી હતી. પ્રયોજકે પ્રાથમિક શાળાઓ માટે BRC CO. અને CRC CO. ને રૂબરૂ મળી પોતાના સંશોધનકાર્ય અંગેનો હેતુ સ્પષ્ટ કરી NEP-2020 જાગૃતતા માપદંડ પર માહિતી એકત્રિત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું.પ્રયોજકે પોતે અને BRC CO.અને CRC CO. દ્વારા નમૂનાની શાળાઓમાં રૂબરૂ જઈને પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પ્રસ્તુત સંશોધન કાર્ય તેમજ NEP-2020 જાગૃતતા માપદંડમાં વિશે GOOGLE FORM ની LINK અને જરૂરી માહિતી આપી. આમ, NEP-2020 જાગૃતતા માપદંડ પર પ્રતિચારો ONLINE જ મેળવવામાં આવ્યા હતા. આ અંગે શિક્ષકોએ આપેલા પ્રતિભાવો ગૂગલ ફોર્મ પરથી MSEXCEL SHEET માં મેળવી તેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા. ગુગલ ફોર્મના આધારે જણાયુ હતુ કે ભેસાણ તાલુકાની 42 શાળામાં કુલ 221 શિક્ષકોમાંથી એકંદરે કુલ 39 શિક્ષકોના પ્રતિચારો પ્રાપ્ત થયા હતા.

**v. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવેલ અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે.

- સરાસરી
- પ્રમાણ વિચલન
- t – test
- વિધાન અનુસાર ટકાવારી

ઉપર્યુકત મુદ્દાઓના અનુસંધાનમાં બંને શાળાઓમાંથી મળેલ માહિતી પરથી અસરકારકતાની ચકાસણી કરવામાં આવી હતી. પ્રશ્નનાવલિના સાચા જવાબ માટે 1 પોઈન્ટ અને ખોટા જવાબ માટે 0 પોઈન્ટ ગણવામાં આવેલ હતો. વિધાન અનુસાર ટકાવારી સાચા વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "સાચા" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.જેમાં સાર્થકતા ચકાસવા માટે ટી- કસોટીનો ઉપયોગ કરેલ જેમાં ટી- કસોટીની સારણી મુજબ 0.05 કક્ષાએ સાર્થકતા મુલ્ય 1.96 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. અને 0.01 કક્ષાએ સાર્થકતા મુલ્ય 2.58 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. તેની ચર્ચા પ્રકરણ-4 માં વિગતે કરવામાં આવી છે. વિધાન અનુસાર ટકાવારી MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ હકારાત્મક પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

1- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 શિક્ષણ માળખામાં નવી પેટર્નથી પરિચિત નથી.

2- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

3- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 6 થી 8 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ છે.

4- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 8 થી 11 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તેની જાણકારીનો અભાવ જોવા મળે છે.

5- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત 11 થી 14 વર્ષના બાળકો માટે કયો તબકકો લાગુ પડશે તે બાબતે જાણકારીનો અભાવ જોવા મળે છે.

6- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો ઘરની ભાષા અને શાળાની ભાષા અલગ હોય તેવા બાળકો માટે દ્વિભાષા મુજબનો અભિગમ ઉપયોગમાં લેવાશે એ બાબતથી પરિચિત નથી

7- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને ' એક ભારત શ્રેષ્ઠ ભારત ' અંતર્ગત ધો. ૬ થી ૮ માં ભારતની ભાષાઓ પર કઇ પ્રવૃતિ આપવી તેનો ખ્યાલ નથી

8- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને સંસ્કૃતને ધ્વનિ અને ઉચ્ચારણના માધ્યમથી કયા સ્ટેજ પર શિખવવામાં આવશે તે બાબતનો ખ્યાલ નથી.

9- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મિડલ સ્કૂલના તબકકામા કઇ પ્રવૃતિ શરુ થશે તેનો ખ્યાલ છે.

10- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ધો. 6 થી 8 માં ક્રિયા દ્વારા શિક્ષણ માટે કઇ પ્રવૃતિ હાથ ધરાશે તેનો ખ્યાલ નથી.

11- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ધો. 6 થી 12માં વેકેશન દરમિયાન કઇ સુવિધા પૂરી પડશે તેનો ખ્યાલ નથી.

12- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મૂલ્યાંકનનો પ્રાથમિક ઉદેશ્ય શિક્ષક, વિધાર્થી, શાળા પ્રણાલીને સાથે રાખીને કઇ રીતે શિક્ષણ આપવાનો પ્રયાસ રહેશે તે બાબતનો ખ્યાલ નથી.

13- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શું લાગુ પડતું નથી તે બાબતનો શિક્ષકોને ખ્યાલ છે.

14- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ધો.3માં શાના આધારે પરીક્ષણ કરાશે તેનો ખ્યાલ નથી.

15- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં NEP-2020માં શિક્ષણ સંદર્ભે શિખવવાની કઇ બાબત પર ભાર મૂકવામાં આવે છે તેનો ખ્યાલ છે.

16- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં કયા સ્ટેજમાં ફરજિયાત માતૃભાષા શિક્ષણ હોવું જોઇએ તેનો ખ્યાલ નથી.

17- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ફાઉન્ડેશનલ સ્ટેજનો અભ્યાસક્રમ કેવો હશે તેનો ખ્યાલ નથી.

18- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં પ્રિપરેટરી સ્ટેજમાં જુદા જુદા વિષયોમાં શેના પર ભાર મૂકવામાં આવશે તેનો ખ્યાલ નથી.

19- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં મિડલ સ્ટેજમાં જુદા જુદા વિષય મુખ્યત્વે શાના આધારે શિખવાય છે તેનો ખ્યાલ નથી.

20- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં સેકન્ડરી સ્ટેજમાં વિષય પસંદગી અંગે શી જોગવાઇ છે તેનો ખ્યાલ નથી.

21- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં બાળકોના સર્વાંગી વિકાસ સંદર્ભે ગોખણપટીના બદલે શાના પર ભાર મૂકાયો છે તેનો ખ્યાલ છે.

22- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ફાઉન્ડેશનલ સ્ટેજમા ભાષાઓનું શિક્ષણ કઇ પદ્ધતિથી આપવું જોઇએ તેનો ખ્યાલ નથી.

23- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં ખામી ધરાવતા વિધાર્થીઓ માટે કઇ લેંગ્વેજ અસ્તિત્વમાં છે તેનો ખ્યાલ નથી.

24- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 મુજબ શિક્ષણતંત્રમાં એકસુત્રતા એટલે.....શું તેનો ખ્યાલ નથી.

25- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવી છે તેનો ગુજરાતી અનુવાદ કઇ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે તેનો ખ્યાલ નથી.

26- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ શિક્ષણમાં વિષયવસ્તુમાં વધારો કરવાની જગ્યાએ અધ્યાપન શાસ્ત્ર એવું હોવું જોઇએ કે શિક્ષણ પ્રક્રિયા...કેવી હોવી જોઇએ તેનો ખ્યાલ નથી. .

27- પ્રાથમિક શાળાના મોટા ભાગના  શિક્ષકોને  રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ શેના આધારે નકકી થઇ છે તેનો ખ્યાલ નથી.

28- આથી કહી શકાય કે, પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  કઇ બાબત રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં નથી તેનો ખ્યાલ છે.

29- પ્રાથમિક શાળાના મોટા ભાગના  શિક્ષકોમાં  કેટલા વર્ષો પછી ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિની ઘોષણા કરવામાં આવી તેનો ખ્યાલ નથી.

30- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને   ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ ની મસૌદા સમિતિ(Drafting committi) ના અધ્યક્ષ કોણ છે તેનો ખ્યાલ નથી.

31- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ અનુસાર વોકેશનલ કોર્સ કયા ધોરણથી શરુ કરવામાં આવશે તનો ખ્યાલ નથી.

32- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦માં મિશન માધ્યમથી FLN (પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન) ને કયા વર્ષ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ નથી.

33- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને   રાષ્ટ્રીય શિક્ષણનીતિ -૨૦૨૦નો  અમલ કરનાર પહેલું રાજય કયુ છે તેનો ખ્યાલ નથી.

34- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને  રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ કોણે તૈયાર કરી છે તેનો ખ્યાલ નથી.

35- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં કેટલા વર્ષ સુધીના બાળકોને RTE-2009 માં સમાવવામાં આવશે તેનો ખ્યાલ નથી.

36- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  રાષ્ટ્રીય શિક્ષણનીતિ  ૨૦૨૦ માં ૩ થી ૧૮ વર્ષની ઉમરના પ્રત્યેક બાળકને ગુણવતાયુકત શિક્ષણ  કયા વર્ષ સુધીમાં પુર્ણ કરવાનું લક્ષ્ય રાખેલ છે તેનો ખ્યાલ નથી.

37- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોમાં  પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણને સાર્વત્રિક રીતે ઉપલબ્ધ બનાવવા શું સાચુ નથી તેનો ખ્યાલ નથી.

38- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને શિક્ષણ વ્યવસ્થામાં થઇ રહેલા મૂળભૂત પરિવર્તનના કેન્દ્રમાં અવશ્યપણે  કોણ હોવું  જોઇએ તેનો ખ્યાલ નથી.

39- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના ઉદેશ શું છે તેનો ખ્યાલ છે

40- પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં ધોરણ ૫ સુધીનું શિક્ષણ કઇ ભાષામાં રાખવામાં આવશે તેનો ખ્યાલ નથી.

41- જૂનાગઢ ગ્રામ્ય અને માંગરોળ પ્રાથમિક શાળાના  શિક્ષકોના NEP જાગૃતતાના માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે , જૂનાગઢ ગ્રામ્ય અને માંગરોળ પ્રાથમિક શાળાના શિક્ષકોના NEP જાગૃતતાના પ્રાપ્તાંકોમાં  સમાનતા જોવા મળી હતી.

42- પ્રાથમિક શાળાના શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના NEP જાગૃતતાના માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના NEP જાગૃતતાના પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

43- પ્રાથમિક શાળાના પીટીસીની લાયકાત ધરાવતા શિક્ષકો બીએડની લાયકાત ધરાવતા શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પીટીસીની લાયકાત ધરાવતા શિક્ષકો બીએડની લાયકાત ધરાવતા શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

44- પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકો NEP જાગૃતતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોની NEP જાગૃતતા પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોની રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતા જાણવા માટે પ્રયાસ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસના અંતે પ્રયોજકે આ પ્રમાણેના ફલિતાર્થો રજૂ કર્યા હતા.

પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

1. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતાને અભ્યાસ, જાતીયતા,વિભાગ કે શૈક્ષણિક અનુભવ સાથે કોઈ સંબંધ નથી.
2. શિક્ષકોના વિવિધ સમયે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની જાગૃતતામાં ફેરફાર થતા હોવાથી થોડા થોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.
3. આધુનિક યુગમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની જાગૃતતા લાવવી ખૂબ જરૂરી છે. આથી શિક્ષકો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની બાબતોથી જાગૃત રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસમાં સ્પષ્ટપણે કહી શકાય કે પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક શિક્ષણ વિષયક સંશોધન ક્ષેત્ર સાથે સંબંધિત હતું.પ્રયોજકે પોતે હાથ ધરેલા સંશોધનનાં પરિણામો જે વિસ્તારને લાગુ પાડી શકાય તે વિસ્તારને સુસ્પષ્ટ કરી પોતાના અભ્યાસ ક્ષેત્રનો વ્યાપ સ્પષ્ટ કરવો જોઈએ.

1. પ્રયોજકે વ્યાપવિશ્વ તરીકે જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ શહેર અને માંગરોળ તાલુકાના પ્રાથમિક શિક્ષકોનો જ સમાવેશ કર્યો હતો.
2. પ્રસ્તુત સંશોધન સને. 2022-23માં હાથ ધરવામાં આવ્યું હતું.

**સારાંશ તૈયાર કરનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક: કેશોદ તાલુકામાં સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટરની વર્તમાન સ્થિતિનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**

**સંશોધાકનું નામ : : ડૉ. ગીતાબેન કે. સેંજલીયા**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**

**વર્ષ : 2022-23**

**સારાંશ**

1. **પ્રાસ્તાવિક :**

Right to Act – 2009 ની જોગવાઈ મુજબ રાજ્યમાં 6 થી 14 વયજૂથના બાળકો વયકક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ કરી શિક્ષણના સામાન્ય પ્રવાહમાં જોડાય તે માટે સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં સર્વ શિક્ષા અભિયાનમાં ચાલતા સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામની સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટર પર થતી અસરનો અભ્યાસ કરવા માટે સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટરમાં દ્વારા કેવા કેવા કાર્યક્રમો કરવામાં આવે છે? તેના દ્વારા કેટલા બાળકોને શાળાએ પાછા લાવી શકાયા છે? આ સેન્ટરમાં ભૌતિક સુવિધાઓ પૂરતી છે કે નહી ? તેનો યોગ્ય ઉપયોગ થાય છે કે નહી ? આવી તમામ બાબતોની માહિતી મેળવવામાં આવી છે. આમ, સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામની સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટર પર થતી અસરનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટેના હેતુસર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

2. **સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.

- STPમાં પ્રાપ્ય માળખાકીય સુવિધા અને તેની ઉપયોગિતાનો અભ્યાસ કરવો
- બાળમિત્રોની શૈક્ષણિક, વ્યવસાયિક યોગ્યતા અને તેના દસ્તાવેજીકરણ કાર્યનો અભ્યાસ કરવો.
- એસટીપી સામગ્રીની ઉપલબ્ધતા અને ઉપયોગિતાનો અભ્યાસ કરવો.
- એસટીપી અંતર્ગત આચાર્યોના અભિપ્રાય જાણવા

3. **પદ્ધતિ :**

   i. **અભ્યાસની રૂપરેખા :**

   ii. **નમૂનો :**

આ સંશોધનમાં સંશોધકે વ્યાપવિશ્વ તેને જ નમૂના (નિદર્શ) તરીકે પસંદ કરેલ છે. એટલે કે કેશોદ તાલુકામાં કાર્યરત તમામ તાલુકાના સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટરને નમૂનામાં પસંદ કર્યા હતા. આમ પ્રસ્તુત અભ્યાસમાં કેશોદ તાલુકામાં કાર્યરત કુલ 7 સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટર અને તે શાળાના 7 આચાર્યને પસંદ કરવામાં આવ્યા હતા.

**iii. ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં મુખ્ય 4 ઘટકોને ધ્યાનમાં રાખીને ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જે નીચે દર્શાવ્યા મુજબ હતા.

- STC માં કાર્ય કરતા બાળમિત્રોની માહિતી
- STC માં માળખાકીય સુવિધા
- STC માં શાળાના આચાર્યની ભૂમિકા
- દસ્તાવેજ અંગેની માહિતી

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

માહિતી એકત્રિત કરવામાં માટે ઉપકરણ તરીકે કુલ ૪ ઉપકરણની રચના કરવામાં આવી હતી જે નીચે દર્શાવ્યા મુજબ હતા.

- STP માં કાર્ય કરતા બાળમિત્ર માહિતી પત્રક અને પ્રશ્નાવલી
- STP માં માળખાકીય સુવિધા ચેક લીસ્ટ
- STP માં શાળાના આચાર્યની અભિપ્રાયાવલી
- દસ્તાવેજ અંગેનું માહિતીપત્રક

પ્રસ્તુત સંશોધનમાં કેશોદ તાલુકાના ૯ STP કેન્દ્ર પરથી માહિતી એકત્ર કરવામાં આવી હતી.

**v. માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સર્વેક્ષનાત્મક માહિતી પ્રાપ્ત કરી હતી તેમાં કોઈ ચોક્કસ ચલોની એકબીજા સાથેની કે આંતરવર્તી અસરોની તુલના કરવાનો કોઈ ઉપક્રમ ન હતો. તેથી સંશોધકે પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ તેમ જ અંકશાસ્ત્રીય ગણતરી માટે વ્યુહાત્મક રીતે અનુકુળ એવા વર્ણનાત્મક અંકશાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધમાં ફિલ્ડ ઇન્વેસ્ટિગેટર્સ દ્વારા એકત્રિત થયેલ માહિતીનો ઉપયોગ કરીને ડેટા એન્ટ્રી કરવામાં આવી હતી. એકત્રિત કરવામાં આવેલ ડેટાનું આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ કરીને વિશ્લેષણ કરવામાં આવ્યું હતું જેમાં ટકાવારી અને સરાસરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગુણાત્મક માહિતીનું ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત સંશોધનના મુખ્ય તારણો નીચે મુજબ જોવા મળેલ હતા

- કેશોદ તાલુકાની કુલ 7 STP વર્ગની માહિતી મેળવવામાં આવી હતી. જેમાં 4 સ્ત્રી બાળમિત્રો અને 3 પુરુષ બાળમિત્રોની માહિતી મેળવવામાં આવી હતી.
- બી.એડ અને અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક લાયકાત ધરાવતાં બાલમિત્રોનું પ્રમાણ સૌથી વધું અને ડીએલએડ અને સ્નાતક લાયકાત ધરાવતા બાલમિત્રોનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું.
- STP માં તાલીમી બાલમિત્રોનું પ્રમાણ વધુ હતું.

- STC માં કબાટની સુવિધા તેમજ સહાયક બાલમિત્રો અને ઇન્ટરનેટની સુવિધાનો સૌથી વધુ અભાવ જોવા મળતી હતો જ્યારે ખુરશી, પાથરણા, બ્લેક બોર્ડ, ચોક અને ડસ્ટર અને પાણીની વ્યવસ્થા નો અભાવ સૌથી ઓછો જોવા મળ્યો હતો.
- સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામમાં વાલીમીટીંગ અને લાઈફ સ્કીલ ટ્રેનીંગ પ્રવૃત્તિ મોટાભાગના STC પર હાથ ધરવામાં આવતી હતી જયારે રમતોત્સવ પ્રવૃત્તિ બહુ ઓછા STC પર હાથ ધરવામાં આવતી હતી.
- STP સામગ્રીની ઉપલબ્ધતા તમામ શાળામાં ધોરણ -1 થી 6 મોડ્યુલ, ધોરણ -1 થી 6 સ્વાધ્યાયપોથી, દૈનિક નોંધપોથી, વિદ્યાર્થી પ્રોગ્રેસ રીપોર્ટ કાર્ડ વગેરે જોવા મળેલ હતા.
- મોટાભાગના બાલમિત્રના મત મુજબ STC ને પુરતા પ્રમાણમાં નાણાકીય સહાય મળતી નથી.
- મોટાભાગના બાલમિત્રના મત મુજબSSA તરફથી સહાય મળતી હતી જેમાં સ્ટેશનરી અને શૈક્ષણિક સામગ્રીનો સમાવેશ થતો હતો.
- મોટાભાગના બાલમિત્રના મંતવ્ય અનુસાર SSA તરફથી બીજી કોઈ સુવિધા મળતી ન હતી
- SSA દ્વારા મળતી અધ્યાપન સામગ્રી સમયસર મળી રહે છે.
- SSA દ્વારા મળતી અધ્યાપન સામગ્રીની ઉપયોગીતા શિક્ષણકાર્ય કરવા માટે સંતોષકારક હોય છે.
- STC નું મૂલ્યાંકન નિયમિત રીતે કરવામાં આવતું હતું.

**આચાર્યશ્રીઓના અભિપ્રાયો**

STPની માળખાકીય સુવિધાઓ અને તેની ઉપયોગીતા અંતર્ગત આચાર્યશ્રીઓના લેવામાં આવેલા અભિપ્રાયોના તારણો નીચે દર્શાવ્યા મુજબ હતા.

- આચાર્યોશ્રીના અભિપ્રાય અનુસાર STCની કામગીરી નિયમિત રીતે ચાલે છે .
- STC દ્વારા તૈયાર બાળકોની ગુણવત્તા શાળાનાં સામાન્ય પ્રવાહ માટે યોગ્ય હતી.
- આચાર્યોશ્રીના અભિપ્રાય અનુસાર STC પર બાલમિત્રોની હાજરી નિયમિત હતી.
- તમામ શાળાનાં આચાર્ય STC પર બાળમિત્રોને મદદરૂપ થતા હતા.
- આચાર્યોશ્રીના અભિપ્રાય અનુસાર તમામ STC પર પૂરતા પ્રમાણમાં માળખાકીય સુવિધાઓ હતી.
- STC પર મોટાભાગના બાલમિત્રોની કામગીરી સંતોષપ્રદ હતી.
- STC ને શૈક્ષણિક સામગ્રી સમયસર મળી રહેતી હતી.
- STC ને મળી રહેતી સામગ્રીની ઉપયોગીતા શિક્ષણ કાર્ય કરાવવા માટે સંતોષપ્રદ હતી.
- STC ને ફાળવવામાં આવતી નાણાકીય સહાય અપૂરતી હતી.
- STC ની  કામગીરીનું નિયમિત મૂલ્યાંકન થતું હતું.
- STP દ્વારા ફાળવવામાં આવતી સહાય અને મટીરીયલનો યોગ્ય ઉપયોગ થતો હતો.
- શિક્ષણનું સ્તર ઊંચું લાવવામાં STCની ઉપયોગીતા જણાય છે.
- STC બાલમિત્રો નિયમિત રીતે કામ કરતાં હતાં.
- STCને નબળો લોકસહયોગ મળતો નથી પરંતુ STC ને સારો લોકસહયોગ મળે છે.
- બાળકોને ‘સ્કૂલ–રેડીનેશ ’માટે તૈયાર કરવામાં શિક્ષકો અને આચાર્ય સહભાગી બનતા હતા.
- STP દ્વારા પૂરતાં પ્રમાણમાં સહાય અને સામગ્રી પૂરી પાડવામાં આવતી હતી.
- તમામ STC માં ચાલતી વિવિધ પ્રવૃતિઓ દ્વારા બાળકોનો શાળા વિશેનો ડર દૂર કરી શકાય છે.

- તમામ આચાર્યોના અભિપ્રાય અનુસાર બાળકોને શાળા તરફ અભિમુખ કરવા માટે ફાળવેલો સમય (10 થી 20 માસ) પૂરતો હતો .
- STP ના તમામ વર્ગો ચાર કે તેથી વધુ કલાકો માટે શિક્ષણ કાર્ય કરતા હતા.
- STP અંતર્ગત માસવાર કરવાની પ્રવૃત્તિઓ જેવી કે વાલીમીટીંગ, વોકેશનલ ટ્રેનીંગ, રમતોત્સવ વગેરે નિયમિત હાથ ધરવામાં આવતી હતી.
- મોટાભાગના STC બાળકો માટેની શૈક્ષણિક સામગ્રીની ખરીદી વખતે આચાર્ય હાજર રહેતા હતા.
- આચાર્ય દ્વારા બાળમિત્રોને નિયમિત તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવતું હતું.
- મોટાભાગના બાલમિત્રો દ્વારા જાળવવામાં આવતા દસ્તાવેજો નિયમિત અપડેટ થતાં રહે છે.
- સામાન્ય પ્રવાહમાં દાખલ થતાં બાળકોનાં ટ્રેકીંગમાં અનિયમિતતા જોવા મળે છે.
- શાળામાં સામાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવતાં બાળકો ફરીથી ડ્રોપઆઉટ ન થાય તેનું સતત ધ્યાન રાખવામાં આવે છે.
- STCના બધાજ બાળકોને શાળાનાં GR પર નોંધવામાં આવે છે.
- બાલમિત્રો દ્વારા જાળવવામાં આવતા દસ્તાવેજો નિયમિત ચેક કરવામાં આવતા હતાં.

**બાલમિત્રોનું દસ્તાવેજીકરણ કાર્ય**

- સ્ટાફ હાજરી પત્રક, બાળકોનું હાજરી પત્રક અને દૈનિક નોંધપોથી દરેક STC પર જાળવવામાં આવી હતી જ્યારે ટ્રાન્સપોર્ટ રજીસ્ટર ખૂબ ઓછા STC પર જાળવવામાં આવતા હતાં.
- ઇનવર્ડ આઉટવર્ડ રજીસ્ટરની ગુણવત્તા સૌથી સારી જોવા મળી હતી.
- STP સેન્ટર પર સૌથી વધુ જોવા મળેલ મટીરીયલ એ ધોરણ 1-6 મોડ્યુલ અને સ્વાધ્યાયપોથી હતા
- જ્યારે સૌથી ઓછી સંખ્યામાં જોવા મળેલ મટીરીયલ અર્લીરીડર હતા.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રાથમિક શિક્ષણ કક્ષાએ ચાલતા આ કાર્યક્રમને ગુણવત્તાલક્ષી અને વેગવંતુ બનાવવા અર્થે નોંધપાત્ર ફલિતાર્થ દર્શાવવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે. જે આ પ્રમાણે છે.

7. એસટીપી ચલવવા માટે શાળામાં એક અલગ રૂમની વ્યવસ્થા અગાઉથી જ કરી શકાય.
8. મોનીટરીંગ ટીમના દરેક સભ્યો દ્વારા તેમનું સતત મોનીટરીંગ થવું જોઈએ.
9. વર્ગખંડમાં પ્રવૃત્તિ આધારિત શિક્ષણનો ઉપયોગ વધુ થાય તેવા પ્રયત્ન કરી શકાય.
10. જો ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને તાલીમબદ્ધ બાલમિત્રોનું પ્રમાણ વધુ રાખવામાં આવે તો એસટીપીની અસરમાં વધુ સુધારો થઈ શકે છે.
11. STP ને ફાળવવામાં આવતી નાણાકીય સહાય પૂરતા પ્રમાણમાં મળે તે માટે પ્રયત્ન કરવા જોઈએ.
12. STP માં કબાટ, પંખો, ગ્રીન બોર્ડ, ઈન્ટરનેટ સુવિધા, કમ્પ્યુટર અને ખુરશી જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ જણાયો હતો આથી આ સુવિધા પૂરતાં પ્રમાણમાં દરેક STC ને મળી રહે તેવા પ્રયત્ન કરવા જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

The third Survey of Research in Educationમાં સંશોધનમાં ક્ષેત્રો વર્ણવવામાં આવ્યા છે. Survey of Researchin Education માં આડત્રીસ જેટલા સંશોધનોના ક્ષેત્રો દર્શવવામાં આવ્યા છે.પ્રસ્તુત સંશોધનમાં STPની વર્તમાન સ્થિતિનો અભ્યાસનો અભ્યાસ કરવાનો હોવાથી પ્રસ્તુત સંશોધન શૈક્ષણિક માર્ગદર્શન સલાહ દર્શનનું કહી શકાય. પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શિક્ષણને લગતું તેમજ શૈક્ષણિક આયોજન અને નીતિવિષયક સંશોધન લગતું સંશોધન પણ કહી શકાય.

**સારાંશ તૈયાર કરનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**

**વિષય : ટીચર એજ્યુકેશન**

**વિભાગ : પ્રાથમિક**

**સંશોધનનું શીર્ષક : જૂનાગઢ જિલ્લાના ધોરણ ૩ થી 8 ના શબ્દવાચક વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ**

**ભાષા : ગુજરાતી**


**સંશોધકનું નામ : ડૉ. ગીતાબેન કે. સેંજલીયા**

**ઓફિસ એડ્રેસ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ**

**E-MAIL : dietjunagadh@gmail.com**


**વર્ષ : 2022-23**

**સારાંશ**

1. **પ્રાસ્તાવિક :**

   ભાષા શિક્ષણમાં ચાર પાયાના કૌશલ્યો પૈકી વાંચન એ એક અગત્યનું કૌશલ્ય છે. દરેક બાળક વાક્યોને યોગ્ય રીતે અને સમજ સાથે વાંચે તે જરૂરી છે. પ્રવર્તમાન સમયમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ યોગ્ય રીતે વાંચન કરી શકે છે કે નહિ? વિદ્યાર્થી વાંચન કરે છે તો તે મૂળાક્ષરનું વાચન કરે છે? શબ્દનું વાંચન કરે છે ? કે પછી શબ્દનું વાંચન કરે છે? અને જો શબ્દ કે શબ્દનું વાંચન કરી શકે છે તો તે અર્થગ્રહણ સાથે વાંચન કરી શકે છે કે નહિ ?, જે જાણવું ખુબ જરૂરી હતું, આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખીને ગુજરાતની પ્રાથમિક શાળાનાં ધોરણ 3 થી 8 નાં વિદ્યાર્થીઓની અક્ષરવાચક, શબ્દવાચક અને શબ્દવાચક વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતા જાણવાનાં હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

2. **સંશોધનના હેતુ/ સંશોધનના પ્રશ્નો/ ઉત્કલ્પના :**

   **હેતુઓ –**

   - ધોરણ 3 થી 8 ના શબ્દવાચક વિદ્યાર્થીઓની ઓળખ કરવી.
   - જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી જાણવી.
   - જૂનાગઢ જિલ્લામાં ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ધોરણવાર સિદ્ધિ જાણવી.
   - જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી જાણવી.
   - જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીની પ્રવૃતિવાર સિદ્ધિ જાણવી.

- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દવાચક વિદ્યાર્થીઓને લાગતો સરેરાશ સમય જાણવો.
- જૂનાગઢ જિલ્લામાં ધોરણ ૩ થી ૪ ના શબ્દવાચક વિદ્યાર્થીઓને લાગતો સરેરાશ સમય જાણવો.
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાથીઓને કરાવેલા મહાવરાની ટકાવારી જાણવી.
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત પ્રવૃતિવાઇઝ વિદ્યાથીઓને કરાવેલા મહાવરાની ટકાવારી જાણવી.
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ જાણવી.
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત ધોરણવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ જાણવી.
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત પ્રવૃતિવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ જાણવી.
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની જાતિયતા અનુસાર ટકાવારી જાણવી.
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની તાલુકા અનુસાર ટકાવારી જાણવી.

ઉત્કલ્પના-

પ્રસ્તુત સંશોધનના અભ્યાસ પ્રશ્નો આ મુજબ છે.

- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી કેટલી હશે ?
- જૂનાગઢ જિલ્લામાં ધોરણ ૩ થી ૪ ના વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ધોરણવાર સિદ્ધિ કેટલી હશે ?
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી કેટલી હશે ?
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીની પ્રવૃતિવાર સિદ્ધિ કેટલી હશે ?

- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દવાચક વિદ્યાર્થીઓને લાગતો સરેરાશ સમય કેટલો હશે ?
- જૂનાગઢ જિલ્લામાં ધોરણ ૩ થી 8 ના શબ્દવાચક વિદ્યાર્થીઓને લાગતો સરેરાશ સમય કેટલો હશે ?
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાથીઓને કરાવેલા મહાવરાની ટકાવારી કેટલી હશે ?
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત પ્રવૃતિવાઇઝ વિદ્યાથીઓને કરાવેલા મહાવરાની ટકાવારી કેટલી હશે ?
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ કેટલી હશે ?
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત ધોરણવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ કેટલી હશે ?
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત પ્રવૃતિવાર વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ કેટલી હશે ?
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની જાતિયતા અનુસાર ટકાવારી કેટલી હશે ?
- જૂનાગઢ જિલ્લામાં વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દવાચક વિદ્યાર્થીઓમાંથી અર્થગ્રહણ કરી શકતા વિદ્યાર્થીની તાલુકા અનુસાર ટકાવારી કેટલી હશે ?

**3. પદ્ધતિ :**

**i. અભ્યાસની રૂપરેખા :**

**ii. નમૂનો :**

vપ્રસ્તુત સંશોધન માટે જૂનાગઢ જિલ્લાની તાલુકાદીઠ એક સરકારી શાળાના માં ધોરણ 3 થી 8 માં વર્ષ 2022-23 માં અભ્યાસ કરતા શાળાદીઠ 12 એમ કુલ 120 વિદ્યાર્થીઓનો નમુના તરીકે સમાવેશ કરવામાં આવેલ.

**iii. ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ મુખ વાચન સુધારણા કાર્યક્રમની અસરકારકતા કાર્યક્રમના મોડ્યુલનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવેલ હતો.

**iv. માહિતી એકત્રીકરણની રીત :**

જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકામાં તાલુકાદીઠ એક શબ્દવાચક માટે શાળા એમ કુલ 10 શાળા પસંદ કરવામાં આવેલ હતી. પસંદ થયેલ શાળાના ધોરણ 3 થી 5 ના ભાષાના શિક્ષક અને શાળાના આચાર્ય, અને શાળા સાથે સબંધિત CRC CO.Ordi, અને BRC CO.Ordi. ને આ સંદર્ભે તાલીમ આપવામાં આવેલ હતી. ત્યારબાદ શાળામાં શિક્ષણકાર્યની શરૂઆતમાં કુલ 15 દિવસ સુધી આપેલ ગાઈડલાઈન મુજબ મોડ્યુલમાં પ્રવૃત્તિ કરાવવામાં આવેલ અને તે અનુસંધાને કરેલ પ્રવૃત્તિઓની વિગતો ડેઈલી રીપોર્ટકાર્ડમાં નોંધવામાં આવતી હતી.

**v. માહિતીનું પૃથક્કરણ :**

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણીએ સંશોધનના કાર્યનું મહત્ત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે ઉપકરણની પસંદગી કરવાની સાથે જ તેના થકી પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે? તારણો મેળવવા શું કરવું પડશે ? તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે.પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવેલ અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે.

- સરાસરી
- ટકાવારી

ઉપર્યુકત મુદ્દાઓના અનુસંધાનમાં પસંદ થયેલ દરેક શાળાઓમાંથી મળેલ માહિતી પરથી અસરકારકતાની ચકાસણી કરવામાં આવી હતી.

**4. પરિણામો/તારણો :**

પ્રસ્તુત અભ્યાસના આધારે આ મુજબ તારણો તારવી શકાય.

- મોટા ભાગના શબ્દવાચક વિદ્યાર્થીઓ અર્થગ્રહણ કરી શકતા હતા.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દ વાચક વિદ્યાર્થીઓમાંથી સૌથી વધુ અર્થગ્રહણ કરી શકતા ધોરણ 4 ના 85.00 ટકા શબ્દવાચક વિદ્યાર્થીઓ હતા. જયારે વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દ વાચક વિદ્યાર્થીઓમાંથી સૌથી ઓછુ અર્થગ્રહણ કરી શકતા ધોરણ 6 અને 8 ના 65.00 ટકા શબ્દવાચક વિદ્યાર્થીઓ હતા.
- વાકય વાચન કરી શકતા વિદ્યાર્થીની ટકાવારી 81.67 છે.
- પ્રવૃતિદીઠ મહાવરો કરેલ વિદ્યાર્થીની વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીની પ્રવૃતિવાર મેળવેલ ગુણની સરેરાશમાં પ્રવૃત્તિ-11 માં ઓછી સરેરાશ અને પ્રવૃત્તિ-2 માં મેળવેલ ગુણની સરેરાશ સૌથી વધુ છે.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાથીઓના કરેલા કુલ મહાવરાની ટકાવારી 1.78 છે.
- પ્રવૃત્તિ -11 માં ઓછા મહાવરા અને પ્રવૃત્તિ 5-A અને પ્રવૃત્તિ-8 માં વધુ મહાવરા જરૂર પડેલ છે.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની સરેરાશ 10.71 જોવા મળેલ છે.

- પ્રવૃત્તિ -2 માં પ્રથમ મૂલ્યાંકનમાં મેળવેલ ગુણની વધુ સરેરાશ અને ઓછી સરેરાશ પ્રવૃત્તિ-5 E માં જોવા મળે છે.
- જેમાં ધોરણ-3 માં ઓછી સરેરાશ અને વધુ સરેરાશ ધોરણ-7 માંજોવા મળે છે.
- વાચન ક્ષમતા કાર્યક્રમ અંતર્ગત શબ્દવાચક વિદ્યાર્થીઓમાંથી વાક્યવાચન કરી શકતા વિદ્યાર્થીની જાતિયતા અનુસાર છોકરીઓની સરેરાશ વધુ જોવા મળે છે.
- ભેસાણ તાલુકામાં વધુ ટકાવારી અને મેંદરડા તાલુકામાં ઓછી ટકાવારી જોવા મળે છે.

**5. સંશોધન ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો આ મુજબ છે.

પ્રસ્તુત અભ્યાસ વાચન ક્ષમતા તપાસવા માટેનો હતો. જેમાં વાચન ક્ષમતા અને જાતીયતાની વધુ અસર જોવા મળતી નથી, જેથી છોકરા અને છોકરીઓ વચ્ચેના ભેદ ન રાખવો જોઈએ.

**6. સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ 3 થી 8 ના શબ્દવાચક વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા સુધારણા કાર્યક્રમની અસરકારકતા જાણવાનો હેતુ હોવાથી પ્રસ્તુત સંશોધન વ્યવહારિક પ્રકારનું સંશોધન છે. શિક્ષણમાં સંશોધન હાથ ધરવા માટે પસંદગીના ઘણાં ક્ષેત્રો જોવા મળે છે. પ્રયોજક સંશોધન કાર્ય હાથ ધરે તે પહેલાં તે કયા સંશોધનક્ષેત્ર સાથે સંલગ્ન છે તે અંગે વિચાર કરે છે. આ ક્ષેત્ર પૈકી બુચ (1990) ફિફ્થ સર્વે ઓફ રિસર્ચ ઈન એજ્યુકેશનનાપહેલા વોલ્યુમમાં કુલ 38 ક્ષેત્રો દર્શાવ્યા છે.પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક શિક્ષણ અને ભાષા શિક્ષણનાં ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

**સારાંશ તૈયાર કરનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**
**સારાંશ જમા લેનાર : ડૉ. ગીતા કે. સેંજલીયા**